Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

।। कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ।।

।। अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ।। ।। गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ।।

।। योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ।। ।। चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ।।

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

## जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
परिवार डाइनिंग हॉल की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પારિભાષિક-શબ્દકોશ

## પુરવણી

કર્તા,

વિશ્વનાથ મગનલાલ ભટ્ટ

The success and enduring influence of any systematic construction of truth, be it secular or sacred depend as much upon an exact terminology, as upon close and deep thinking itself. Indeed, unless the results to which the human mind arrives are plainly stated, and firmly fixed in an exact phraseology, its thinking is to very little purpose in the end.

— Trench: On The Study of Words.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ બી. એ.,

આસિ. સેક્રેટરી, અમદાવાદ.

કિંમત પાંચ આના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પારિભાષિક શબ્દકોશ
## પુરવણી ખંડ

## પૂર્તિ

# A

**Abandon, આત્મવિસર્જન** [ન.ભો.]

અ. ક. ૨૫૪: મ્હારા કંઠમાંથી ગીત-પંક્તિઓનો પ્રવાહ હેવો તો ચાલ્યો કે જાણે એ પ્રયોગની સાથે મ્હારે કશો સંબન્ધ જ ના હોય અને કલામાં મત્ત, આનંદમય, આત્મવિસર્જન તથા પરિણામ તરફ નિતાન્ત ઉપેક્ષા એ સિવાય મ્હેં બીજું કશું સંવેદન અનુભવ્યું નહિ. (મૂળ અંગ્રેજી:—The "Ah fors' e lui aria" and the "Semper Libera" poured from my throat almost as though I had nothing whatever to do with the performance, and the only sensation I experienced was one of almost delirious artistic abandon and recklessness.)

**Absentee landlordism, ગેરહાજર ઝમીનદારી** [બ.ક.]

પ્ર. ૧૦, ૧૨૨: મતલબ કે યુરોપીય ચિંતકો જેને "ગેરહાજર ઝમીનદારી" (એબ્સન્ટી લેન્ડલોર્ડિઝમ a. l.) નો મહારોગ કહે છે, તેની આ સ્થિતિ છે.

**Absolutism, એકાન્તવાદ** [પ્રા. વિ. ખાનગી કાગળ, તા. ૧૯–૬–૩૧]

**Abstract, ભાવાત્મક** [પો.ગો.]

વિ. વિ. ૮૯: વિજ્ઞાનના ભાવાત્મક અને વર્ણનાત્મક એ બે મુખ્ય વિભાગમાં ભાવાત્મક A. અને **વર્ણનાત્મક** Concrete એ શબ્દોનો અર્થ સ્પષ્ટ કરવાની જરૂર છે.

**Accessory, ઉપસામગ્રી** [ન.ભો.]

અ. ક. ૨૧૯: હુન્નરથી ટેવાયલા અને હુન્નરથી સહેજમાં બગડેલા જમાનામાં કલ્પનાશક્તિ ભભકાદાર શોભા શણગાર અને ઉપસામગ્રીથી મળતાં સર્વ ઉદ્દીપનોની માગણી કરે છે: (મૂળ અંગ્રેજી:—In a generation accustomed to art and soon corrupted by art, the imagination quickly demands all the stimulants offered by magnificent decorations and accessories.)

**Accoustics, ધ્વનિશાસ્ત્ર** [પો.ગો.]

વિ. વિ. ૧૦૩

**Adhesion, સંલગ્નતા** [કિ.ઘ.]

જી. શો. ૧, ૧૪૫: સંલગ્નતા અથવા કોઈ પદાર્થને વળગવાની શક્તિ (a.)

**Administration, તંત્ર** [બ.ક.]

અં. ૬૫: જુઓ Constitution (પૃ.૪૩)

**Affirmation, અસ્તિપક્ષ** [ન.ભો.]

અ. ક. ૨૭૩: પદ્ય અને સંગીત અભિનયમાં રસપોષક બને છે કે અન્યથા થાય છે? આ પ્રશ્નનો ઉત્તર અસ્તિપક્ષમાં અને **નાસ્તિપક્ષ**માં, અને બન્નેના મિશ્રણમાં આપવાથી સંપૂર્ણતા આવશે એમ લાગે છે.

**Agenda paper, નિર્દેશપત્ર** [ગૂ.વિ.]

સાર્થ ગુજરાતી જોડણીકોશ, ૯૩૨

**Agriculture, કૃષિવિદ્યા** [પો.ગો.]

વિ. વિ. ૧૦૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Amateur, કલાપ્રેમી, કલાપ્રિય** [ન.ભો.]

અ.ક. (૧) ૯૬: નટીનો ધંધો આબરૂનો ગણાતો નથી, પરન્તુ કેટલીક વાર કુટુમ્બ-મંડળમાં ખાનગી ખેલો થાય છે ત્ય્હારે કેળવાયલાં કુટુમ્બોમાંથી પુરુષ તેમ જ સ્ત્રીઓ (જેંણે 'પડદા' નો ત્યાગ કરેલો હોય છે તે) કલાપ્રેમી ખેલ કરે છે. (૨) ૧૧૨: કલાપ્રેમી નાટક ખેલ તામિલ ભાષામાં કોલેજના વિદ્યાર્થીઓ કરે છે. (૩) ૧૧૨: કલાપ્રિય નાટક ખેલ પંજાબમાં આજથી ૨૦ વર્ષ ઉપર બહુ જોસમાં હતો. (૪) ૨૭૦: કલાસિદ્ધિ માટે અભ્યાસ અને ઈશ્વરદત્ત શક્તિ બંને આવશ્યક છે જ; એ કલા સ્વયંભૂ છે તેમ જ અભ્યાસસાધ્ય છે, તો વધારે ચઢતો અભિનય ધંધાદારી નટો કરી સકે કે કલાપ્રેમી નટો એ સિદ્ધિ મેળવી સકે? એ પ્રશ્ન જરાક જોવાલાયક છે.

**Amœba, જીવાણુ** [કિ.ધ.]

જી. શો. ૧; ૧૭૫: પણ શરૂઆતમાં આપણે શોધ માટે સ્વીકારેલાં ધોરણ મુજબ ચિત્તનું બીજરૂપ ચિહ્ન આપણે પૂર્ણ મનુષ્યમાં જોવાને બદલે ઝીણામાં ઝીણા જીવાણુ (amœba) માં શોધવું જોઇએ, અને તે પછી મનુષ્યયોનિ સુધીમાં તેનો ક્રમશઃ કેવી રીતે વિકાસ થયો તે તપાસવું જોઈએ.

**Anatomy, શરીરરચનાશાસ્ત્ર** [પો.ગો.]

વિ. વિ. ૧૦૩

**Anglo-phobia, આંગ્લદ્વેષ** [બ.ક.]

ઇતિહાસ દિગ્દર્શન, ૧૨: "હિંદુ સુપીરિયોરિટિ (Hindu Superiority)" જેવી કેવળ અશાસ્ત્રીય ચોપડીઓ અતિ લોકપ્રિય થાય છે; ઐતિહાસિક નવલકથાને નામે છત્રસાલ જેવા અધમને પણ વીર પુરુષ જેવો ચિતર્યો હોય એવી ચોપડીઓના આપણી અનેક ભાષામાં તરજુમા થાય છે; શિવાજી અને ટીપુ સુલતાન જેવાની જીવનચર્યાના લગભગ દરેક મોટા બનાવને માટે પૂરતા અને વિશ્વસનીય સાધનો છે, છતાં તેમના વિશે અભિપ્રાય બાંધવામાં હજી હઠીલા મતભેદ પ્રવર્તે છે; અને "આટલું તો જાણજો" "આટલું વિશેષ જાણજો" જેવી દુષ્ટ અને નાસાબીત તોહમતોથી નીગળતી ચોપડીઓ અનેક પ્રાંતમાં ફેલાય છે તથા આંગ્લદ્વેષના (A.) ઘાતક વિષને ચોગરદમ ફેલાવી રહી છે, એ આ આપણી નવી જન્મેલી અસ્મિતામાં મિથ્યાભિમાન આદિ કીચડ કેટલા પ્રમાણમાં છે, તેના પ્રકટ દાખલા છે.

**Animation, ઓજસ** [ર.મ.]

બુ. પ્ર. ૫૮, ૨૭૨: જુઓ Elegance (પૂર્વાર્ધ પૃ. ૬૦)

**Animism, જીવવાદ** [વિ.ક.]

કૌ. ૧૯૩૧, એપ્રિલ, ૨૬૧: પાષાણયુગના અન્ત્ય અને ઉપાન્ત્ય ભાગો દરમીઆન સપ્ત સિંધુમાં જીવવાદ 'એનિમિઝમ' પ્રવર્તતો એમ કહી શકાય.

**Apparatus, ઉપકરણ** [પો.ગો.]

વિ. વિ. ૩૭૨

**Apperception mass, (જ્ઞાનમો) સંસ્કારપિંડ** [પ્રા.વિ. ખાનગી કાગળ તા. ૧૯–૬–૩૧]

**Applied,**

**Applied music, પ્રયોજિત સંગીત** [ન.ભો.]

અ. ક. ૧૪: આ વ્યાપારની દૃષ્ટિએ જોતાં, સંગીતકાવ્યના ઉપર જે પ્રભાવ પ્રયોજિત સંગીત (a m.) નો પ્રવર્તે છે, ત્હેવો જ પ્રભાવ કવિકૃત નાટક ઉપર નટની અભિનયકલાનો પ્રવર્તે છે.

**Apprentice, શીખાઉ** [બ.ક.]

અં. ૭૬: યુનિવર્સિટીમાં ગુજરાતી નિબન્ધલેખનનો સારો મ્હાવરો પડી જતો હોય તો લેખકોની શીખાઉ (a. એપ્રેન્ટિસ) દશાની આડંબરી (pedantic પેડેન્ટિક) શ્રમબદ્ધ (strained સ્ટ્રેન્ડ) ખોડી ખાતી (hopping હોપ્પિંગ) વાક્યાવલિઓ ઘણી ખરી ત્યાં જ સુધરી જાય, અને બહુ ઓછી છપાય.

**Apriori, અનુભવપર** [ન્હા.દ.]

કેટલાંક કાવ્યો, ૧, ટીકા, ૧૧૫: જ્ઞાનના અનુભવપર અંશ (A priori elements of knowledge) શુદ્ધ નિર્મળ ભાવનાઓ (Ideals, ideas of Kant); ક્વચિત્ ક્વચિત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ આવતી અવર્ણનીય (શબ્દોચ્ચારમાં પણ ન મૂકી શકાય એવી) આત્માની સદ્સ્થિતિઓ, સ્વર્ગપન્થે વિચરવાની મનુષ્યઆત્મામાં રહેલી સ્વાભાવિક પ્રેરણાઃ સૌ પૂર્વ જીવનનું ભાન કરાવે છે.

**Aristocratic, શિષ્ટશાસિત** [બ.ક.]

યુ. સ્ટે. ૮૭–૮, જે વર્ષોમાં યુરોપની અંદર ફ્રાન્સના રાજ્યવિપ્લવથી બધાં રાજ્યબન્ધારણો શિથિલ થઈ ગયેલાં, તે જ સમયે જન્મ પામવા છતાં યુનાઇટેડ સ્ટેટસનું રાજ્યબન્ધારણ અદ્યાપિ પોતાનું પૂર્વ રૂપ રાખી રહ્યું છે, અને એથી કરીને ચંચળ અમેરિકન માનસમાં યે રક્ષક નીતિની આવશ્યક્તા વિશે એવી મુદ્રા પડી છે, કે તેની યુરોપના સૌથી વધારે શિષ્ટશાસિત (a. એરિસ્ટોક્રેટિક) દેશને પણ ઈર્ષ્યા થાય.

**Asexual, અલિંગી, અમૈથુની** [ન.દે.]

સુ. શા. (૧) ૭: આ દેહની ઉત્પત્તિ અથવા પિંડનો આવિષ્કાર થવાના બે મુખ્ય પ્રકાર હોય છેઃ—

(૧) અલિંગી (એસેક્ષ્યુઅલ); (૨) લિંગી (સેક્ષ્યુઅલ) (૨) અમૈથુની (Asexual) સૃષ્ટિ–સ્ત્રીપુરુષના જાતિભેદવાળી વ્યક્તિઓના સંબંધવડે ઉત્પન્ન થાય નહિ તેવી સૃષ્ટિ.

**Associated, અનુષંગી** [ કિ. ધ. ]

જી. શો. ૧, ૨૩૪: પરંતુ સામાન્ય રીતે બુદ્ધિનો વ્યાપાર આટલો જ નિશ્ચય કરીને અટકતો નથી. એ ગાય કોની છે, કેવી છે, ક્યાં છે, શું કરે છે વગેરે નિશ્ચય પણ ઉપજાવે છે. 'આ ગાય છે' એ સંપ્રજ્ઞાન સામાન્ય છે, કોની છે, કેવી છે, શું કરે છે વગેરે નિશ્ચયોમાં રહેલું સંપ્રજ્ઞાન ચોક્કસ પદાર્થને અનુષંગી (a.) છે.

**Association, ૧.ભણકારસંગ** [વિ.ર.]

વ. ૨૮, ૨૯૯: જે શબ્દ ભણકારસંગ (A a)થી જીવનવ્યવહારનાં અતિપરિચિત, ન સુન્દર કે ન ઉચ્ચ, આલેખન વિષયે ન અનુરૂપ, દશ્યો ખડાં કરે તેને ગ્રામ્ય ગણવો.

૨. **અર્થસંસ્કાર** [ વિ. ક. ]

કૌ. ૧૯૩૧, માર્ચ, ૧૯૧: પણ સાહિત્ય રચનાની, કલાની દૃષ્ટિએ એમ લાગ્યા વિના રહેતું નથી કે વિષયપસંદગી ભલે ધર્મગ્રંથોમાંથી થાય અને તેની રજુઆત પણ ભલે આપણે 'અર્વાચીન' કહેવાતા દૃષ્ટિબિંદુથી કરીએ,–છતાં વિષયની રજુઆત કરવામાં જે 'ઇર્રેવરંટ ફ્લિપન્સી' વાળી (અનાદરી વાક્ચાપલ્ય ભરી) શૈલી લેખકો આવી રચનામાં વાપર્યા વિના રહી શકતા નથી, જે શૈલીપ્રકારનો વ્યાપાર વળી પાછો તેમનું તાટસ્થ્ય ખોવરાવી, ઉલ્લાસ એમનાં અંતરમાં પ્રકટાવતો લાગે છે, એ શૈલી વિષયના સમગ્ર અર્થસંસ્કારો ('એસોસિએશન્સ') ને અનુરૂપ હોતી નથી.

**Atomic substance, અણુદ્રવ્ય** [ ન. દે. ]

સુ. શા. ૫: અસ્તિત્વ અર્થાત્ સવિશેષ ગુણધર્મવાળા અણુદ્રવ્યનો સદ્ભાવ: (૨) કોષ ૧; અણુદ્રવ્ય (A. s.) શરીરની ઘટના કરનાર ઝીણું પરમાણુરૂપ દ્રવ્ય અથવા ધાતુ.

**Attitude, વૃત્તિસ્થિતિ** [ ન. ભો. ]

વ. ૨૭, ૧૩: પરંતુ આથી પણ વિશેષ ભેદ બંને કવિના પરમતત્ત્વ પ્રત્યેની કવિત્વદર્શનની વૃત્તિસ્થિતિમાં (a.) છે, તે હેવો સૂક્ષ્મ છે કે અત્યારે મ્હારી પાસે તે પ્રત્યક્ષ કરાવનારો સૂક્ષ્મદર્શક યન્ત્ર નથી.

**Authority, પ્રમાણપુરુષ** [ વિ. ક. ]

કૌ. ૧૯૩૧, માર્ચ ૨૫૬: મુંબઇમાં એસ્પેરેન્ટોના પ્રમાણપુરૂષ ('ઑથૉરિટી') ડૉ. જોસફ શેરરની એ ભાષા વિશેની ભાષણમાળા શરૂ થઈ.

**Auto-erotism, આત્મરતિ** [દ.બા.]

પ્ર. ૧૧, ૨૯૦: Self love માટે ગૂજરાતી શબ્દ કયો? પહેલે વિચારે શબ્દ સૂઝે છે, 'આત્મરતિ':પણ એ પવિત્ર શબ્દનો પવિત્ર ભાવ મારીને એને આવા અપવિત્ર ભાવ માટે વાપરવો એ બરાબર નથી. અને એ શબ્દનો દુરુપયોગ કરવો જ હોય તો એને પોતાનો કરવા માટે અંગ્રેજી શબ્દ A. e. ઉમેદવાર બેઠો જ છે.

**Average, સર્વસાધારણ** [બ. ક.]

આ. ક. સ. પ્રવેશક, ૨૭: અને રોજિંદા ઉપયોગની વસ્તુઓનું મૂલ્ય આપણે તે ચીજના સર્વસાધારણ (અવરેજ a ) નમૂના ઉપરથી આંકિયે છિયે, તે ખોટું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# B

**Bacteriology, જંતુવિદ્યા** [પો. ગો.]

વિ. વિ. ૧૨૬: પ્રાચીન હિન્દી પ્રજામાં વિજ્ઞાનનો પ્રચાર સારો હતો અને બીજી પ્રાચીન પ્રજાઓ કરતાં તેમની સૃષ્ટિજ્ઞાનની સમૃદ્ધિ ઉંચા પ્રકારની હતી, એટલું સ્વીકાર્યા પછી, વેદમાં બધું અર્વાચીન વિજ્ઞાન છે, વેદમાં જન્તુ-વિદ્યા (B) હાલના જેવા જ સ્વરૂપમાં વર્ણવેલી છે...વગેરે અત્યુક્તિઓથી દૂર રહેવું એ ઇષ્ટ છે.

**Balance,**

**Balance of power, શક્તિતુલા** [બ. ક.]

યુ. સ્ટે. ૪૮: એ વિગ્રહો માટે ધર્મવિરોધ, વારસાના અને બીજા હક્કો વિષે કલહ, રાષ્ટ્ર-મંડલમાં શક્તિતુલા ( b. o. p બૅલૅન્સ ઑફ પાવર ) કોઈ એક પણ રાષ્ટ્ર મુકાબલે બળવત્તર બની જતાં વિષમ થાય તેમ થતું અટકાવવાની અગત્ય, વગેરે અનેક કારણો હતાં.

**Band, છત્રીવાજું, વૃંદ, કુતપ** [ગ.ગો.]

ગા. વા. પા. ૧, ૨૯૬: અંગ્રેજી રાજ્યના સહવાસ પછી આપણે બેંડ એ શું છે તે સમજવા લાગ્યા; તેને આપણી જુની ભાષામાં "છત્રીવાજું" કહેતા. એ શબ્દ અને કલ્પના કંઇ નવીન નથી. ગાનાર વગાડનારનો જે સમૂહ જથો કે ટોળું તેને પૂર્વે વૃંદ (બેંડ) કહેતા અને તેના ઉત્તમ, મધ્યમ ને કનિષ્ટ ભેદો રત્નાકરમાં ગણાવેલા છે. (૨) જુઓ નીચે String band.

**String band, તતકુતપ** [ગ.ગો.]

ગા. વા. પા, ૧, ૨૯૬: આ ઉપરાંત ભરત મુનિએ કુતપ એવા નામથી ૩ વૃંદો કહ્યાં છે; તેને અનુક્રમે તતકુતપ અવનદ્ધ કુતપ અને નાટ્ય કુતપ એ નામ આપેલાં છે. તતકુતપ એટલે સર્વે તંતુવાદ્યો વગાડનારાઓનું ટોળું; કે જેને હાલ સ્ટ્રીંગ બેંડ કહે છે તે; અને તે સાથે વાંસળી, શરણાઈ, શંખ, મુહુરી, રણશીંગડું, મોટો તાલ આપનાર, રહેલા હોય તો તે સર્વેના વૃંદને (કુતપને) તતકુતપ કહ્યું છે.

**Barometer, વાયુભારમાપક** [પો.ગો.]

**Bifurcation, દ્વિમાર્ગીકરણ, દ્વિ-ભાગીકરણ** [અ. ક.]

કૌ. ૧૯૩૦, માર્ચ ૧૬૯: દ્વિમાર્ગીકરણની યોજના ( Bifurcation of studies )- બીજો પ્રશ્ન અભ્યાસક્રમોના દ્વિમાર્ગીકરણનો હતો. તે પર વિશેષ ચર્ચા ન ચાલતાં એવો ઠરાવ થયો હતો કે (૧) મૅટ્રિકમાં બધા વિષયો આવશ્યક રહેશે, દ્વિમાર્ગીકરણ ત્યાંથી શરૂ નહિ થાય.

**Biophor, જીવાણુ, સચેતન પરમાણુ** [ન. દે.]

સુ. શા. ૬: વિજ્ઞાનની ભાષામાં જીવાણુ ( બાયોફોર)ના નામથી ઓળખાતા આ દ્રવ્યના સનાતન પરમાણુઓ સૃષ્ટિક્રમમાં આરંભ પામ્યા કરશે તો પણ તેઓ અવિનાશી (આપેક્ષિક રીતે) સમજાયા છે.

(૨) જુઓ પૂર્તિમાં Germplasm.

**Biweekly, અર્ધસાપ્તાહિક** [વિ. ક.]

કૌ. ૫, ૩, ૮૩૦, અર્ધ સાપ્તાહિક કેસરી-મહારાષ્ટ્રનું આ આગ્રણી વૃત્તપત્ર ત્રીજી ઓગસ્ટથી, મંગળ ઉપરાંત શનિવારે પણ પ્રસિદ્ધ થવા માંડયું છે.

**Biology,** ૧. **જીવનશાસ્ત્ર** [અજ્ઞાત]

૨. **જીવવિદ્યા** [ પો. ગો. વિ. વિ. ૧૦૩ ]

૩. **જૈવશાસ્ત્ર** [ વિ. ક. ]

કૌ. ૫. ૧, ૩૦૪: પુના આનંદાશ્રમમાં જૈવશાસ્ત્ર ('બાયોલોજી') ની પરિભાષા વિશે ચર્ચા.

**Blank verse, પ્રવાહી પદ્ય** [બ ક.]

આ. ક. સ. શુદ્ધિઓ અને વધારા, ૬૪: વળી અંગ્રેજી બ્લેન્ક વર્સ અને પ્રવાહી પૃથ્વીના ઉત્તમ નમૂનામાં તો અર્થાનુસારી અર્થપોષક અર્થસર્જક લયલહરીઓ જ મુખ્ય લય બની રહી, અંગ્રેજી પંક્તિના આયમ્બ-લય-મોજાને કે ગુજરાતી પંક્તિના "પૃથુ"-લય-મોજાને પોતાનું વાહન જ બનાવી લે છે માટે જ પ્રવાહી પદ્યનો લય કલામય ગદ્યનો જે છાંટ રૂપ લય, અને તાલપ્રધાન કવિતાનો અગર તાલ વિના પણ પંક્તિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેડે અને કડી છેડે દૃઢ વિરામવાળી કવિતાનો જે અનિયંત્રિત (વિચાર છન્દને બન્ધનરૂપ) લય-એ બેય છેડાના લયો વચ્ચેનું સોનેરી મધ્યબિન્દુ (ગોલ્ડન મીન) છે; જેના પ્રવાહમાં જ કલાન્વિત લયમાધુર્યનાં ઉત્તમોત્તમ રૂપો ખીલી શકે છે, અને કવિતાસામર્થ્ય ગદ્ય કે સંગીત મુકાબલો જ ક્યાંથી કરી શકે એટલું વધી જાય છે. બ્લૅન્ક વર્સ=પ્રવાહી પદ્યઃ નિશ્ચિત વિરામબન્ધ વિનાનું પદ્ય.

**Boarding, વિદ્યાવાસ** [આ.બા.]

વ. ૨૬, ૩૦૧: પચીસ વર્ષ ઉપર કોણે કલ્પ્યું હોત કે સ્ત્રીઓને તરવાની કળા શીખવવી જોઇએ અને તે માટે swimming bath યાને **તરણકુંડ** જોઇએ, અને છતાં આજ બનારસ હિન્દુ યુનિવ્હર્સિટિમાં સ્ત્રીઓના વિદ્યાવાસમાં એ બાંધવાનો વિચાર ચાલે છે!

**Bolshevism બહુજનતાવાદ** [આ.બા.]

વ. ૨૯, ૬૬: મિ. બર્ટ્રાન્ડ રસલે પૂર્વે એક ઠેકાણે બૉલશિવિઝમ (બહુજનતાવાદ) સામે બે વાંધા બતાવ્યા હતા: 'કૉમ્યુનિઝમ' યાને **સમષ્ટિરાજ્યતન્ત્ર** પ્રાપ્ત કરવા માટે મનુષ્યજાતિએ જે કિંમત આપવી પડે એમ છે એ ભયંકર છે; બીજું એ કિંમત આપતાં છતાં પણ માગેલી વસ્તુ મળે કે કેમ એ શંકા છે.

**Botany,** ૧. **ઉદ્ભિજ્જવિદ્યા** [સયાજી સાહિત્યમાળા]

૨. **વનસ્પતિવિદ્યા** [પો.ગો.]

વિ. વિ. ૧૦૩

**Breve,** (*Music*) **મહાહંસપદ** [ગ.ગો.]

ગા. વા. પા. ૧, ૫૦.

**Semi breve, હંસપદ** [ગ.ગો.]

ગા. વા. પા. ૧, ૫૦.

# C

**Cacophonous, કર્ણકટુ, કર્કશ, અમધુર** [બ.ક.]

આ. ક. સ. ૮૩: આપણી ગુજરાતી ઉચ્ચારણઢબમાં ઉછરેલાઓને આવી પંક્તિ કર્ણકટુ અથવા કર્કશ અથવા અમધુર (c. કેકોફોનસ) લાગે જ.

**Cacophony, કર્કશતા** [બ. ક.]

ખાનગી કાગળ, તા. ૨૩-૧૦-૩૦.

**Calculus, કલનવિદ્યા** [પો.ગો.]

વિ. વિ. ૧૦૩

**Calyx, બાહ્યકોશ** [પો.ગો.]

વિ. વિ. ૨૪૬:

**Capillary, કેશીય** [પો.ગો.]

વિ. વિ, ૧૪૧: જુઓ Cohesiveness.

**Capitalist, મૂડીપક્ષી, મૂડીદાર** [બ.ક.]

અં. ૫૨: **અં૦ (અંબાલાલભાઈ)** વાણિજ્ય શબ્દ industries યાંત્રિક ઉદ્યોગના અર્થમાં વાપરતા; વ્યાપાર વાણિજ્ય trade and industry. પણ વાણિજ્ય શબ્દનો અર્થ વ્હેપાર જ થઈ શકે. (ન્હાના મોટા વ્હેપારમાં આપ લે થતી જણસો તે વણજ, વાણિજ્યનો માલ, અર્થાત્ વાણિજ્ય એટલે વ્હેપાર.) સંખ્યાબંધ મજૂરો, સાંચાઓના કારખાના, અને લાખો કરોડોની મૂડી વડે ચાલતા ઈન્ડસ્ટ્રી—Capitalised factory industries with powerdriven machinery and labour congregated in numbers એને માટે વાણિજ્ય શબ્દ ખોટો છે ઉદ્યોગ શબ્દ અપૂરતો છે, કારખાનાં ગિરણીઓ આદિ શબ્દો પણ ઠીક નથી. એક જ શબ્દ બધા યે અન્વયમાં વાપરી શકાય એવો મળશે પણ નહીં. સાંચાકામ ઉપર ભાર દેવો હોય ત્યારે સમૂહોદ્યોગ, મૂડી ઉપર ભાર દેવો હોય ત્યારે મૂડીધનોદ્યોગ, એવા એવા પારિભાષિક શબ્દો વગર ચાલવાનું નથી. તેમ C.=મૂડીપક્ષી, મૂડીદાર; મજૂરો કે કામગારોના પક્ષનાને માટે કામગારપક્ષી, ટ્રેડ યૂનિયન માટે **કામગારસંઘ,** એવા એવા શબ્દો પણ જોઇશે જ. વળી કામ વગર રખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડતો unemployed તે બેકાર તો કામે લાગેલા મજૂરને કામગારને બદલે કામકાર પણ શાને ન કહેવા ? કામકાર, કામકારમંડળ, કામકારપક્ષ, વગેરે.

**Cardinal, (*Grammar*) સંખ્યાક્રમ-વાચક** [ક.પ્રા.]

મ. વ્યા. ૭૨: નિશ્ચિત સંખ્યાવાચક વિશેષણ બે પ્રકારનાં છે:—સંખ્યાક્રમવાચક અને સંખ્યાક્રમપૂરક. સંખ્યાક્રમવાચક સંખ્યાનો ક્રમ બતાવે છે, દાખલા:—એક, બે, ત્રણ, ચાર, ઈત્યાદિ.

**Casting vote, તુલસીપત્ર** [દ. બા.]

**નવજીવન**, શિક્ષણ અને સાહિત્ય, તા. ૬–૧૨–૩૧, ૪૭–૮ : જ્યારે બન્ને પક્ષ તરફ સરખા મત થાય ત્યારે પ્રમુખને વિશેષ મત આપી કોઈ એક પક્ષનું પલ્લું ભારે કરવાનો અધિકાર હોય છે. આને **અંગ્રેજીમાં** 'કાસ્ટિંગવોટ' કહે છે. **રુક્મિણીએ શ્રીકૃષ્ણને** જોખતાં તુલસીપત્ર નાખી બીજું પલ્લું ભારે કર્યું હતું, એ પૌરાણિક પ્રસંગને જીવતો રાખવા માટે આપણે કાસ્ટિંગવોટને 'તુલસીપત્ર' કેમ ન કહીએ ? પ્રમુખે તુલસીપત્ર નાંખી ઠરાવ પાસ કરી દીધો, એમ આપણે કહી શકીએ.

**Cell, પિંડ** [ન.દે.]

સુ. શા. કોષ ૬: પિંડ–સ્વતંત્ર જીવનવાળો અણુ પછી તે ઇતર શરીરના અંશરૂપ પણ હોય.

**Egg cell, ગર્ભબિન્દુ** [ન.દે.]

સુ. શા. કોષ, ૪: ગર્ભબિંદુ (e.c.) શુક્ર તથા શોણિતના યોગથી, પુરુષના વીર્યના અણુ વડે યુક્ત થયેલું સ્ત્રીનું બીજ.

**Somatic cell, ઘટક અણુ** [ન.દે.]

સુ. શા. ૪૦–૧: મનુષ્યજાતિમાં અસાધારણ ટુંકા આંગળાંવાળા મનુષ્યોનો દેહધર્મ ઘણે ભાગે દેહના ઘટક અણુઓમાં જ રહેલો હોય છે એમ નથી.

**Cellulose, કાષ્ટતંતુ** [બાપાલાલ ગરબડદાસ શાહ]

પ્ર. ૧૩, ૩૭ : શાકાહારમાં કાષ્ટતંતુ (c.) હોય છે તે પચી શકતા નથી; એટલે તે વગર પચ્યે મળ વાટે બહાર પડી જાય છે, પણ આ કાષ્ટતંતુ મળને સહેલાઈથી બહાર કાઢી નાંખવામાં બહુજ ઉપયોગી છે. વનસ્પતિ આહારમાં આ જાતનું 'સેલ્યુલોઝ' ખૂબ મળી આવે છે.

**Censor, મુદ્રણનિયંતા** [વિ.મ.]

પ્રેમનો દંભ, નિવેદન, ૭: આ ઉભય ભાષાન્તરો **ટૉલ્સ્ટોયના** મૂળ પુસ્તકની જે બે જુદી જુદી આવૃત્તિઓ પ્રકટ થએલી તેને અનુસરતાં જણાય છે. **મોડનું** ભાષાન્તર **રશિયન** મુદ્રણનિયંતા (c.) એ કાપકૂપ તથા ફેરફાર કરીને પ્રસિદ્ધ થવા દીધેલ આવૃત્તિ મુજબનું છે, ત્યારે **ટકરનું ટૉલ્સ્ટોયના** અસલ હસ્તલેખની જે લીથો આવૃત્તિ નીકળેલી તે પ્રમાણેનું લાગે છે.

**Champion, ૧. જગદેકમલ્લ** [સાબરમતી]

**૨. સંસારવિજયી** [હિન્દી–માધુરી]

**૩. ચક્રવર્તી** [કુમાર–સૌરાષ્ટ્ર]

વિ. ક. કૌ. ૪, ૩, ૯૯: તાજેતરમાં વાંચેલા કેટલાક વધુ ઓછા ઉપયોગી પારિભાષિક શબ્દો: ચેમ્પીઅન જગદેકમલ્લ ગામા ('સાબરમતી'), સંસારવિજયી ગામા ('માધુરી'). પણ એને માટે 'સૌરાષ્ટ્ર' વત્તા 'કુમાર' નો 'ચક્રવર્તી' ઉત્તમ લાગે છે.

**Characterisic, (noun), લક્ષણરેખા, સ્વભાવલક્ષણ** [ન.ભો.]

અ.ક. (૧) ૨૦: જુઓ Pliancy (ઉત્તરાર્ધ, પૃ. ૧૫૮) (૨) ૭૦: હેની પ્રતિભાનું મ્હોટામાં મ્હોટું લક્ષણ એક એ હતું કે અવલોકનની શક્તિ હેની તીવ્ર હતી, માનવસમૂહનાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને સત્વર સરકી જાય હેવાં સ્વભાવલક્ષણો જોવાને હમેશ એ શક્તિ જાગૃત રહેતી અને એ સ્વભાવલક્ષણોથી અતિ સૂક્ષ્મ રીતે આકર્ષાતી (મૂળ અંગ્રેજી:—His fine power of perception, alive and susceptible to the most delicate and evanescent characteristics of humanity, was one of the greatest features of his genius.)

**Chord, ( *Mathematics* ) ચાપકર્ણ**

[પો.ગો.]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ. વિ. ૧૩૮: હિન્દુઓએ યુનાની પ્રજા પાસેથી જે કાંઈ લીધું હશે તેમાં હિન્દુ શિષ્ટતાનાં તત્ત્વો દાખલ થયા વિના રહ્યાં નથી. દાખલા તરીકે c. ચાપકર્ણને બદલે દરેક ઠેકાણે sines જેવાનો ઉપયોગ જોવામાં આવે છે.

**Chorus,** ૧. **ગાયકમંડળ** [ન.ભો.]

અ. ક. ૩૮: ગ્રીક નાટકમાંનું c. (ગાયકમંડળ) સંસ્કૃત નાટકમાં જણાતું જ નથી.

૨. **ઝીલ,** ધ્રુવગાન [ન્હા.દ.]

કેટલાંક કાવ્યો, ૧, (૧) ટીકા, ૧૧૭ ને (૨) ૩૩:

મીઠાં પછી પ્રેમગીતો તણી ઝીલ
ઢળી ઉછળી છવરાઇ જતે.

**Chyme, આમરસ** [બાપાલાલ ગરબડદાસ શાહ]

પ્ર. ૧૩, ૩૯: હોજરીમાંના આમરસ (c.) નો અમ્લ સ્વભાવ (acid character) ગ્રહણીમાં 'સિક્રેટિન' (secretin) નામના અન્ય પદાર્થને જન્મ આપવામાં થાય છે.

**Classical, શિષ્ટપદારૂઢ** [વિ.ક.]

કૌ. ૫, ૧૦૯૯: શિષ્ટપદારૂઢ (ક્લાસિકલ) વાઙ્મયસેવકના નામ પાછળ ખરી રીતે ઔપચારિક 'ભાઇ' કે એવો કોઈક શબ્દ બિનજરૂરી છે, એ રિવાજને અનુસરી આખા લેખમાં 'અંબાલાલ' એવો પ્રયોગ કર્યો છે.

**Coherence, સુદઢ ઐક્ય, એકતાનતા** [કે.મા.]

કે. લે. ૪૦: બે અંકમાં સામાજિક તંદુરસ્તીનાં બે મૂળ તત્ત્વો શક્તિ અને સ્વાતંત્ર્ય પર કૈંક વિવેચન કર્યું; હવે ત્રીજું લક્ષમાં લઈશું. તેને 'સુદૃઢ ઐક્ય'–એકતાનતા કહીશું તો ચાલશે. અંગ્રેજીમાં એને "કોહીરન્સ" (C.) કહે છે, સશક્ત શરીરમાં અવયવોનો એકમેક પર એવો આશ્રય હોય છે, બધી નસેનસ એવા ઐક્યથી પ્રેરિત હોય છે કે શરીરમાં ગમે ત્યાં કૈં પણ થાય તો આખું શરીર એકે અવાજે પોકારે છે. તેવી જ રીતે જીવંત સમાજમાં એવું લક્ષણ હોય છે કે તેમાંના ગમે તેના પર કૈં દુઃખ આવે, કોઇને કૈં પણ વિટંબના નડે તો આખો સમાજ એક વ્યક્તિ તરીકે એકે પ્રયત્ને તેનો રસ્તો લેવા મંડી જાય. આપણે હાલ ચાલતી લઢાઈમાં જોયું કે અંગ્રેજી પ્રજા ગમે તેટલા જુદા મતમતાંતરથી આમતેમ તણાતી હતી પણ જ્યાં સ્વદેશને ડરવાનું કારણ મળ્યું કે બીજી પળે વિરોધનો નાશ થયો, મતમતાંતરો અદૃશ્ય થયા અને આખી અંગ્રેજી પ્રજા એક વ્યક્તિની સુદૃઢતાથી જર્મની સામે થઈ. આ જુસ્સાનું નામ 'કોહીરન્સ' અથવા 'સુદૃઢ ઐક્ય'—એકતાનતા.

**Cohesiveness, સંસક્તિ** [પો.ગો.]

વિ. વિ. ૧૪૧: કણાદના વૈશેષિક સિદ્ધાંતમાં, તેમ જ જૈન અને બૌદ્ધ મતમાં, તેમ જ બીજા તત્ત્વવેત્તાઓના મતમાં પણ દ્રવ્યના સાધારણ ગુણો વિષે વર્ણન જોવામાં આવે છે. સ્થિતિસ્થાપકતા સ્થૈર્ય, સંસક્તિ–સંઘાત (c.), અભેદ્યતા, સાંદ્રતા (impenetrability) **ચિક્કટતા, સ્નિગ્ધતા** (viscosity) **પ્રવાહિતા** દ્રવતા (fluidity), છિદ્રમયતા–સૌષિર્ય (porosity) વગેરે દ્રવ્યના ગુણોનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. વનસ્પતિમાં મૂળથી શાખા સુધી જીવનરસ sap ના ઉદ્ગમનથી, તેમ જ છિદ્રમય વાસણોમાંથી પ્રવાહીઓના થતા **વ્યાપન** (diffusion) અને અભિસર્પણથી **કેશીય** ગતિની (capillary motion) સમજુતી આપવામાં આવતી હતી.

**Collected works,** ૧. **કૃતિસંગ્રહ** [ભંડોળ કમિટી]

રણજીતકૃતિસંગ્રહ.

૨. **સંહિતા** [વિ.ક.]

કૌ. ૫. ૧૧૨૪: એ વિવેચનોની પૂર્તિરૂપે, બ્રાહ્મસમાજ કેવા સંજોગોમાં અને કઈ રીતે સ્થપાઈ, તેના પ્રારંભના દિવસોમાં તે કયા પ્રકારનું કાર્ય કરતી, તેને લગતો એક ફકરો નીચે ઉતારીએ છીએ, જે રસપ્રદ થઈ પડશે એવી આશા છે. ફકરો મૅક્સમ્યુલરસંહિતા (સંહિતા=કલેક્ટેડ વર્ક્સ)ના છઠ્ઠા મંડલ નામે 'ચિપ્સ ફ્રોમ એ જર્મન વર્કશોપ, બાયોગ્રાફિકલ એસેઝ' માંના 'રાજા રામમોહનરાય' શીર્ષકવાળા પહેલા નિબંધમાંથી લીધો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Comedy**, ૧. **ઉપહાસિકા** [રા.વિ.]

ઢીંગલી, ઉપોદ્ઘાત, ૯: ૧૮૯૨ માં લખેલી 'પ્રેમની ઉપહાસિકા' (Love's Comedy) માં તેની શક્તિ પ્રથમ દૃષ્ટિએ પડે છે.

૨. **સુખપ્રધાન નાટક** [ન.ભો.]

અ. ક. ૫૮: ગ્રીક નાટકમાં (કરુણરસ નાટકમાં) નટનું કદ ઊંચુ કરવાને એક જાતના જાડા તળિયાના જોડા પ્હેરાવતા હતા. હેનું નામ cathurnus હતું. C. (સુખપ્રધાન નાટક) માં નટ પાતળા તળિયાના જોડા પ્હેરતો.

**Comedian**, **હાસ્યરસનાટકકાર** [ન. ભો.]

અ.ક. ૧૨૫: કાંઈક આ પ્રકારનો જ વ્યાપાર નાટકને વિશે એક ગ્રીક C. હાસ્યરસનાટકકારે બતાવ્યો છે.......

**Commonsense**, **વ્યવહારદૃષ્ટિ** [ન.ભો.]

વ. ૨૭, ૯૩: વકીલ તરીકે રમણભાઈની તીક્ષ્ણ બુદ્ધિ હેમના ધંધામાં જેટલી કામ આવી હતી તેટલી જ હેમની વ્યવહારદૃષ્ટિ (c. s.) પણ ઉપયોગી થઈ હતી.

**Communism**, ૧. **સમષ્ટિરાજ્યતન્ત્ર** [આ.બા.]

વ.૨૯, ૬૬: જૂઓ પૂર્તિમાં Bolshevism

**Communist**, **સમષ્ટિસ્વામિત્વવાદી** [આ. બા.]

વ. ૩૦, ૨૪૩ : જર્મનીમાં છેલ્લી ચૂંટણી થઈ તેમાં 'કોમ્યુનિસ્ટ' યાને સમષ્ટિસ્વામિત્વવાદીઓની સંખ્યા વધારે આવી.

**Companion**, **શિક્ષકમિત્ર** [રમણલાલ વસંતલાલ દેસાઈ]

કૌ. ૧૯૩૦, સપ્ટેંબર, ૧૬૦: તેમના પિતાની એવી માન્યતા હતી કે શિક્ષણની કલા યુરોપિયનો જેવી જાણે છે તેવી હિંદવાસીઓ જાણતા નથી. એટલે ન્હાનપણથી જ તેમણે પોતાનાં બન્ને બાળકો માટે આયા–નર્સ તેમ જ શિક્ષકમિત્ર C. તરીકે યુરોપિયનોને જ રાખ્યા હતા.

**Compromise**, **બાંધછોડ** [બ.ક.]

આ. ક. સ. ૧૯: કલાના ગૌરવથી જ અજ્ઞ અને સૌન્દર્યપ્રેમી, એ બે પક્ષો વચ્ચે મધ્યમ માર્ગ મેળવવા માટેની વ્યવહારૂ બાંધછોડ (કોમ્પ્રોમાઈઝ c.) ની પદ્ધતિ શક્ય જ નથી.

**Conceit**, **દૂરાકૃષ્ટવિચારણા** [બ.ક.]

આ. ક. સ. ૧૧૩: પ્રેમોત્થ આનંદ કે શોકના અતિશયમાં થોડી ઘણી તાણીને ઘટાવેલી ઘટના અથવા દૂરાકૃષ્ટ વિચારણા (cc. કન્સીટસ) આવી જ જાય.

**Conception**, **સ્વરૂપકલના** [ન.ભો.]

અ. ક. ૧૩: અમુક પાત્રતાની સ્વરૂપકલના નટની કૃતિથી સ્વતન્ત્ર રહેલી પૂર્વ સામગ્રીથી નિશ્ચિત થાય છે; અને એ કલનાને અપૂર્વતાનું નામ માત્ર બીજા વ્યાપારોની સાથે સરખામણીમાં જ આપી સકાય. (મૂળ અંગ્રેજી:— The conception of a character is determined by antecedents not of actor's own making and the term originality can be applied to it only in a relative sense.)

**Concrete**, **વર્ણનાત્મક** [પો.ગો.]

વિ. વિ. ૮૯: જુઓ પૂર્તિમાં Abstract.

**Conscience**, **અંતરાત્મા** [મો.ક.]

**Conscious**, **સભાન** [વિ.ક.]

કૌ. ૫, ૩, ૭૭૦: અત્યાર પહેલાં ગ્રંથસ્થ થએલા એ સાહિત્યમાં બહુધા ભાવનાત્મક કે ક્રિયાત્મક, ઉત્કટ માનવતા પ્રધાનપદે હતી, ત્યારે આ ગીતોમાં ચઢઉત્તર શક્તિઓના કવિઓની ઋતુવર્ણન નિમિત્તે આવિર્ભાવ પામતી 'સભાન' ('કોન્શ્યસ') કલા આગળ તરી આવે છે.

**Consciousness**, **ચેતનાનું ક્ષેત્ર** [પ્રા. વિ. ખાનગી કાગળ, તા. ૧૯–૬–૩૧]

**Conservative**, ૧. **પ્રાચીનતાપ્રેમી** [મો.ક.]

આ. ક. ૧, ૧૩૦: આ જૂના રિવાજનો પાછળથી કશો અર્થ ન રહ્યો છતાં તે પ્રાચીનતાપ્રેમી–ધીમા–ઈંગ્લંડમાં રહી ગયો.

૨. **સંરક્ષણવાદી** [આ બા.]

વ. ૩૦, ૩૮: આ કારણથી રા. દૂરકાળનો પ્રયત્ન અમે પિષ્ટપેષણ રૂપ માનતા નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એને યોગ્ય ન્યાય કરવા સારૂ અમે વાચકને સ્મરણ આપીએ છીએ કે પશ્ચિમની દુનીઆ બધી Radicals યાને **ઉચ્છેદવાદી-**ઓથી જ [illegible]ી નથી; c. યાને સંરક્ષણ-વાદીઓનું પણ ત્યાં મ્હોટું બળ છે, અને એમની 'ટગ ઓફ્ વોર' યાને સ્હામસ્હામી ખેંચાખેંચીમાં ઉચ્છેદકો જીતતા જોવામાં આવે છે, તો પણ સંરક્ષકો દોરડું છોડી દે તો ઉચ્છેદકો એકદમ જમીનમાં પછડાય એ સ્થિતિ સ્પષ્ટ છે.

**Conservatism, પુરાણપ્રિયતા, ક્ષેમવૃત્તિ** [દ. બા.]

સાર્થ ગુજરાતી જોડણીકોશ, નિવેદન, ૮: પોતાની હસ્તી જોખમમાં હોય ત્યારે પારકાના હુમલાથી બચી જવા માટે, અમુક જાતની પુરાણપ્રિયતા કહો અથવા ક્ષેમવૃત્તિ (c.) કહો તે આવશ્યક છે.

**Constructive, મંડનપ્રિય** [ન.દે.]

સુ. શા. ૮૭: માત્ર તેઓ હાલના સુધારકો જેવા આવેશવાળા ન હતા, તથા **ખંડનપ્રિય** ન હતા, પણ મંડનપ્રિય હતા, અને તેથી ધાર્યો સુધારો સમાજમાં પ્રવેશ કરાવી શકતા હતા.

**Contradiction in terms, અન્તર્વિરોધ** [ન.ભો.]

અ. ક. ૨૭૪: 'ગદ્યકાવ્ય' એ શબ્દમાં અન્તર્વિરોધ સમાયો છે.

**Contrary, અત્યન્ત વિસમ્વાદી** [બ.ક.]

આ. ક. સ. ૧૮૪: હું=અહં=વૈયક્તિક મનુજત્વ. હું=આત્મા=સામષ્ટિક ચૈતન્યત્વ, એ વેદાન્તી અર્થની નીતિનો પણ તેનાથી અત્યન્ત વિસમ્વાદી (કોન્ટ્રરી c.) અર્થ તે આ કાવ્યનો વિષય છે. (આપણા તર્કશાસ્ત્રની પરિભાષામાં કોન્ટ્રરી અને કોન્ટ્રાડિકટરી (contradictory) નો ભેદ મને જડતો નથી. આપણું આખું ન્યાયદર્શન પદાર્થવિષયક છે; પદાર્થ જેને કહે છે તે બાહ્ય વસ્તુ-સૃષ્ટિને એ શાસ્ત્ર અને એ દર્શન સ્પર્શે છે પણ ખરું કે? **ન જાને!** પણ હું તો પૂછીશ: પૂછું મ્હને ટેવ. એટલે અહીં કોંટ્રરી માટે તેની જાતિનું અત્યન્ત વિસમ્વાદી એમ લખવું પડયું છે. **હિન્દી ઉર્દૂ**ની જેમ આવા **અંગ્રેજી** શબ્દોને જ અપનાવી લેવાથી પ્રજાનો વિચાર-વિકાસ ત્વરાથી અને કુદરતી રીતે થાય; કે વિદ્વાનો માથું ખજવાળી ખજવાળી યોગ્ય પરિભાષા ઘડે અને દરેક શબ્દનું ઘડતર (કુદરતી રીતે જ) તે શબ્દ સાથે જાહેર કરે, તેમાંથી પ્રજા કેટલાક શબ્દ સ્વીકારે કેટલાકને અવગણે, એ રીતે જ થવો સમ્ભવે વારુ— એ મોટો પ્રશ્ન પછાત **હિન્દ**ની દરેક પ્રજાના વિદ્વાનોએ ઉકેલવાનો છે. આ વિષયમાં મ્હારું વલણ જાણીતું છે; હું બીજી રીતિને જ વર્યો છું. તથાપિ **અંગ્રેજી** શબ્દોથી અભડાતો પણ નથી. પ્રજા જાતે ચલણી બનાવી લે છે તેવા સર્વ પરદેશી શબ્દોને ગુજરાતી જ ગણવા રાજી છું.)

**Control Experimeut, નિર્ણાયક પ્રયોગ** [પો. ગો.]

વિ. વિ. ૨૯: અમુક બનાવનું કારણ અમુક પરિસ્થિતિ છે, અથવા તો અમુક રોગ અમુક જંતુથી થાય છે એ નિયમો તથ્ય ઉપરથી ફલિત થતાં હોય, તે છતાં પણ વધુ પ્રયોગથી આ અનુમાનને સાબીત કરવાની જરૂર રહે છે. આ છેલ્લી કસોટી નિર્ણાયક પ્રયોગ C. E. થી થાય છે.

**Convention,**

**Poetical convention, કવિતારૂઢિ** [બ. ક.]

આ. ક. સ. ૧૧૪: પણ એ વિષયનો સામાન્ય વિચાર કરતાં સાગર–શશી, શશી–કુમુદ, રવિ-કમલ, ચાતક–મેઘ, આદિ યુગલોનો ઉપયોગ કરવાની કવિતારૂઢિ **સંસ્કૃત** કવિતામાંથી ગુજરાતીમાં આવી છે એવી કવિતારૂઢિઓ (poetical conventions) નો જે ઝમાને અતિ ઉપયોગ જોવામાં આવે તે ઝમાને કવિતાની સજીવનતા પૂરતી નથી, ઘટી ગઈ છે, એમ જાણવું.

**Cordon, ચક્રવ્યૂહ** [ગૂ. વિ.]

સાર્થ ગુજરાતી જોડણીકોશ, ૮૨૫.

**Cosmic substance, પ્રકૃતિદ્રવ્ય, જગદ્ધાતુ** [ન. દે.]

સુ. શા. ૪: અર્વાચીન વિજ્ઞાનપદ્ધતિ પણ એટલું સ્વીકારે છે કે, પ્રકૃતિદ્રવ્ય કે (કોસ્મિક સબસ્ટન્સ) જગદ્ધાતુ એક છે, અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ક્રમશઃ અનેક તત્ત્વો, અણુઓ, અને ગોલકરૂપે પરિણામ પામે છે.

**Cross-breed, સંકરપ્રાણી** [કિ. ધ.]

પ્ર. ૧૩, ૫ : એ જ પ્રમાણે ડાર્વિને વિકાસવાદ સમજાવ્યો તે પહેલાં યે એના નિયમોનો અમલ દુનિયામાં હતો જ; લોકોને થોડેઘણે અંશે એનું, સ્પષ્ટ ન હોય તો યે અસ્પષ્ટ ભાન હતું, અને પોતાની આવશ્યકતાનુસાર તેના લાભો ઉઠાવતા હતા. **ઈરાની**ઓનાં લાંબાં નાક, **અંગ્રેજ** સ્ત્રીઓની પાતળી કમર, **ચીની** સ્ત્રીઓના નાના પગ, ખચ્ચર જેવાં સંકર પ્રાણીઓ (c.-b.)ની ઉત્પત્તિ વગેરેમાં એનું ઓછુંવત્તું જ્ઞાન રહેલું હતું.

**Crustacean, કવચી** [ન. દે]

સુ. શા. ૨૩: કવચીની જાતિ (ક્રસ્ટેશીઅન) સખત પીઠવાળાં, અને બાજુએ હવા લેવાની સુપડીવાળા, દરીઆના પાણીથી કિનારે ઘણાં ઘસડાઈ આવેલા જોવાય છે.

**Cynic, cynical, વક્રદર્શી, વાંકાદેખું, વાંકદેખું** [વિ. ક.]

કૌ. (૧) ૪, ૨, ૯૬: 'સીનિકલ' માટે વક્રભાવી ને વક્રદર્શી સૂચવાયા છે. લખાણમાં એ ચાલે પણ બોલાણમાં નહીં. વાતચીતમાં તો, જે ધોરણે 'વાંકાબોલી' ને 'અદેખો' વાપરીએ છીએ, તેની સેવા સ્વીકારીને 'વાંકાદેખો' 'વાંકદેખો' એવો કોઈક બોલ ઘડવો જોઇએ. (૨) **જાન્યુઆરી**, ૧૯૩૦, ૫૭: વચ્ચે એવી મતલબનું પણ કહી નાખ્યું કે "ઘડાયલો ઇતિહાસ પ્રેર[illegible] આજને માટે, ન આપી શકે, ને તમે બધા ઇતિહાસના શિષ્યો છો તેથી હું કહું છું તે માનવાના નથી તેની મને ખબર છે." આ સાંભળી કોઈ વાંકદેખો (સિનિક) મનમાં એમ બોલ્યો હોય કે, "તો પછી આટલી બધી, કેસરિયાં કર્યાં જેટલી, તસદી શીદ લ્યો છો ?" તો નવાઈ નહીં.

**Cynicism, ૧. વક્રભાવ** [વિ. ક.]

કૌ. ૪, ૨, ૧૦૩: તેઓ આટલી વયે પણ ભાવનાદર્શનને આટલું નિર્મળ રાખી શકયા છે એ એમનો મોટામાં મોટો ગુણ નહીં ? બીજા ભાવનાશાળીઓ તો વીસી ઉતરતા કે ત્રીસી બેસે ન બેસે ત્યાં કેવા ક્રૂર વક્રભાવી બની ગયા હોય છે ? પણ આ સ્થિતિનું કારણ કદાચ એ હોય કે ઇશ્વરકૃપાથી જીવનમાં એક વાર અમુક પ્રકારની અનુકૂળતાઓ ને સદ્દભાગ્યો સાંપડે, એટલે પછી વક્રભાવને ખીલવા અવકાશ રહેતો નથી.

**૨. છિદ્રદૃષ્ટિ** [બ. ક.]

કૌ. ૧૯૩૦, **એપ્રિલ** ૨૫૯: ભાવનામયતાથી ઉલટુ જે 'સિનિસિઝમ' તેને માટે 'છિદ્રદૃષ્ટિ' નવો શબ્દ પણ અપાએલ.

# D

**Debating society, ચર્ચાસમાજ** [મો. ક.]

આ. ક. ૧, ૨૩૫: આ સંસ્થા ચર્ચાસમાજ જેવી હતી. તેની નિયમસર સભા થાય, તેમાં તેઓ જુદા જુદા વિષય ઉપર ભાષણો કરે, નિબંધો વાંચે.

**Decoration, ચિત્રાભરણ, સુશોભન** [ગૂ. વિ.]

સં. ૧૯૮૨ ની પહેલી નિયામક સભાનો અહેવાલ, પૃ. ૩૯: ચિત્રાભરણ (સુશોભન D.) આપેલી જગ્યા ઉપર કલ્પિત ચિત્રો કરી શોભિત કરી આપવી, અક્ષરો લખવા, ભૌમિતિક રચનાવાળી આકૃતિ વેલો વગેરે મનકલ્પિત ધોરણથી બનાવવાં.

**Deduction, નિગમન** [પો. ગો.]

વિ. વિ. ૨૩-૪, ન્યાયશાસ્ત્રના નિયમો પ્રમાણે જોતાં વિજ્ઞાનની પદ્ધતિ મિશ્રિત ગણાય. કારણ કે Induction આગમન અને D. નિગમન બંનેનું તેમાં મિશ્રણ છે.

**Degree,** (Grammar)

**Comparative Degree, અધિકતાવાચકરૂપ** [ક, પ્રા.]

મ. વ્યા. ૭૫: **સંસ્કૃત**માં **સામાન્ય અંગ** ઉપરથી તુલનાવાચક અંગ બને છે. એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિકતા અને શ્રેષ્ઠતાનો અર્થ રહેલો છે. 'તર' કે 'ઈયસ્' પ્રત્યય લગાડવાથી અધિકતાવાચક રૂ[illegible]બને છે અને 'તમ' કે 'ઈષ્ઠ' પ્રત્યય લગાડવાથી **શ્રેષ્ઠતાવાચકરૂપ** બને છે.

**Positive degree, સામાન્યઅંગ** [ક. પ્રા. સદર]

**Superlative degree, શ્રેષ્ઠતાવાચકરૂપ** [ક. પ્રા. સદર]

**Denoument, નિર્વહણ** [આ. બા.]

વા. ૨૯, ૪૩: **મહાભારતના** નિર્વહણ (D.) સન્ધિનું આ સ્વરૂપ **ગાંધીજીએ** યથાર્થ પકડી લીધું છે.

**Density, ઘનતા, ગુરુત્વ** [પો. ગો.]

વિ. વિ. (૧) ૨૧૦: પૃથ્વીની સરેરાશ ઘનતા (mean density) માપવાનું કામ તેણે કર્યું હતું. (૨) ૩૭૩.

**Deorganization, (*Phonetics*), સ્થાનાંતરવિધાન** [કે. હ.]

કા. પૂ. ૨૩: સં. मह ના અંત્યવ્યંજનને બચાવવા દ્વિર્ભાવથી સંયુક્ત त्त નીપજાવી સ્થાનાંતરવિધાનથી દંત્યનો મૂર્ધન્ય કરવાથી પ્રા. महट्ट થાય છે.

**Dependency, ઉપરાજ્ય** [ન. લા.]

ધ. વિ. ૨૨૮: ઈંગ્લંડનું રાજ્ય પોતાના આ દેશનાં ઉપરાજ્યને પોતાનાથી છૂટું પાડવાને ઈચ્છતું નથી.

**Destructive, ખંડનપ્રિય** [ન. દે.]

સુ.શા.૮૭, જુઓ પૂર્તિમાં Constructive.

**Dialect, ૧. બોલી** [અજ્ઞાત]

**૨. ઉપભાષા** [ર. મ.]

ક. સા. ૩, ૧૩૬: મિ. **બિમ્સ** એમ ધારે છે કે **હિંદી** ભાષા અપભ્રંશમાંથી થઇ છે અને **ગુજરાતી** તે **હિંદીમાંથી** થયેલી ઉપભાષા (d.) છે.

**Dialogue, ઉભયાલાપ** [ન. ભો.]

અ. ક. ૨૪, **જોબનું** પુસ્તક તે કાંઈક નાટકરૂપ ઉભયાલાપ છે. (મૂળ **અંગ્રેજી**:—The book of Job is a kind of dramatic dialogue.)

**Dictator, આદેષ્ટા** [આ. બા.]

વ. ૩૦, ૧૨૨: **ગાંધીજી** એટલે **હિન્દની** પ્રજા, એ પ્રજાના 'D' યાને આદેષ્ટા નથી, પણ પ્રજાનો આત્મા 'Soul'–છે.

**Diction, ભાષાશૈલી** [ન ભો.]

અ. ક. ૩૨: એ નાટકમાં વસ્તુસંકલનાનું ચાતુર્ય, વૃત્તાંતોની ગૂંથણીની બુદ્ધિમત્તા, પાત્રોની સ્વભાવરેખાનાં આલેખન, તથા પરસ્પર વિલક્ષણતાના પ્રદર્શનનું કૌશલ, અને ભાષાશૈલીની પ્રગલ્ભતા તથા સુભગતા, આ સર્વ ગુણો આપણા પોતાના મહાન્ નાટકકારોની યોગ્યતાને પ્હોંચાડે હેવા જણાય છે. (મૂળ **અંગ્રેજી**:—The dexterity with which the plot is arranged, the ingenuity with which the incidents are connected, the skill with which the characters are delineated and contrasted, the boldness and facility of the diction are scarcely unworthy of our own great dramatists.)

**Dietics, ભક્ષ્યાભક્ષ્યપ્રકરણ** [ન. દે.]

સુ. શા. કોષ, ૮: ભક્ષ્યાભક્ષ્ય–પ્રકરણ (વૈદ્યકનું) D.–ખાવા યોગ્ય અને ન ખાવા યોગ્યનો વિવેક કરનાર વૈદ્યકશા[illegible]ખંડ.

**Differential calculus, ચલનકલનવિદ્યા** [પો. ગો.]

વિ. વિ. ૧૯૪: કલનવિદ્યા calculus અને ચલન–કલન–વિદ્યા d. c. તેમ જ તેનો ખગોળશાસ્ત્ર અને જ્યોતિ–વિદ્યામાં ઉપયોગ કરવામાં **ન્યુટન** (૧૬૪૨–૧૭૨૭) કરતાં **ભાસ્કરાચાર્ય** (૧૧૧૪)ની શોધ લગભગ પાંચસે વર્ષ જેટલી પ્રાચીન હતી.

**Diffusion, વ્યાપન** [પો. ગો.]

વિ. વિ, ૧૫૧: જુઓ પૂર્તિમાં Cohesiveness.

**Dipthong, સંધ્યક્ષર, સંધિસ્વર** [ક.પ્રા.]

મ. વ્યા. ૬: એ, ઐ, ઓ, અને ઔ એને સંધ્યક્ષર કે સંધિસ્વર કહે છે; કેમકે તે બે સ્વરના બનેલા છે.

**Disciplinarianism, વિનયનશીલતા** [વ. ક.]

કૌ. ૧૯૩૦, **માર્ચ** ૧૯૯: જવાહરલાલની વિનયનશીલતા (ડિસિપ્લિનેરિયનિઝમ) હવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો સુજ્ઞાત છે લેખક કહે છે કે એમણે મહા સમિતિના કાર્યાલયને કોઈ સરકારી ખાતા કરતાં પણ વધુ વ્યવસ્થિત કરી દીધું છે.

**Dispersion, વિભાજન** [પો. ગો.]

વિ. વિ. ૧૯૪: પ્રકાશનું d. વિભાજન થવાથી સૂર્યના શ્વેત પ્રકાશમાંથી સપ્તરંગપટ દેખાય છે તે બતાવીને અને એક ગોળ પાના ઉપર સાત રંગ સાથે સાથે લગાડીને તે ફેરવવાથી તેમાંથી શ્વેત રંગ પાછો ઉત્પન્ન થાય છે, તે દેખાડીને તેણે પ્રકાશના સ્વરૂપ સંબંધી સંશોધનની શરૂઆત કરી હતી.

**Dissipation, શક્તિક્ષય** [ન. ભો.]

વ. ૨૭, ૯૬: મહારા બન્ધુ, કૃષ્ણરાવ, આ વાત સાંભળ્યા પછી હમને હસવા લાગ્યા અને વ્યસની લોકોના ખાનપાન, ગાનતાન, જેવું આ પણ d. (શક્તિક્ષય) નું જ ઉદાહરણ ગણીને કાંઈક હમારો દોષ જ હેમણે માન્યો.

**Distortion, વિપથગમન** [પો. ગો.]

વિ. વિ. ૨૩૦: આ વિપથગમન માપવાથી તેમની ગતિ અને ઘનતાનું માપ લઈ શકાય છે.

**Dogmatism, આગ્રહશીલતા** [વિ.ક.]

કૌ. પ. ૧૧૪૬: વિવેચનના એ કૈં શાસ્ત્ર નથી [illegible] હોય તો યુવાનો તે શીખી લેત: એ માનસિક વલણ પણ નથી—જો તેમ હોત, તો વૃદ્ધો તે કેળવવામાં સંપૂર્ણતા સાધત; વિવેચના તો છે એવું એક સાહસ, જેમાં ઉદાત્ત શૌર્ય અને ક્ષમાની, તર્કવિદ્યાના નરમાશભર્યા ઉપયોગની, કલ્પનાના સ્વૈરવિહારની અને માત્ર આછીપાતળી જ આગ્રહશીલતા (ડૉગ્મેટિઝ્મ)ની જરૂર પડે છે.

**Dominion status, સાંસ્થાનિક પદ** [ આ. બા. ]

વ. ૨૮, ૩૬૨: લાહોર કૉન્ગ્રેસે ઠરાવ કર્યો કે— કૉન્ગ્રેસના ધ્યેયના મંત્રમાં 'સ્વરાજ્ય' શબ્દ છે એનો અર્થ "[illegible]ર્ણ સ્વરાજ્ય" સમજવું. અત્યાર સુધી એ શબ્દના અર્થમાં d. s. 'ડોમિનિયન સ્ટેટસ"—અર્થાત્ સાંસ્થાનિક પદ—બ્રિટિશ સામ્રાજ્યનાં સંસ્થાનો જે પદ ભોગવે છે તે પદ—એનો પણ સમાવેશ થતો તેને બદલે હવેથી એનો અર્થ 'પૂર્ણ સ્વરાજ્ય' કરવામાં આવશે.

૨ **વસાહતી સ્વરાજ્ય** [ રા. વિ. ]

પ્ર. ૧૧, ૨૦૬: મદ્રાસના ઠરાવમાં હિંદી પ્રજાનું ધ્યેય સંપૂર્ણ રાષ્ટ્રીય સ્વતંતત્રા મેળવવાનું હોવા છતાં આ ખરડો વસાહતી સ્વરાજ્ય (d. s.)થી સંતોષ માનતો હતો.

**Drawing, રેખાકલા** [આ. બા.]

વ. ૨૮, ૪૮: ૯: રેખાકલા ( ડ્રૉઈંગ)

**Drawing and painting, રેખાંકન અને રંગપૂરણી** [વિ. ક.]

કૌ. ૧૯૩૧, જાન્યુઆરી, ૩૦: એ ચિત્રકારોનાં રેખાંકન અને રંગ—પૂરણી આજનાં ચિત્ર—વિદ્યા શીખતાં ચાલાક હોંશીલાં બાળકોનાં ચિત્રોમાં હોય છે, તેનાથી બહુ ચઢીઆતાં નહીં હોય.

**Dynamics,**

**Astro-dynamics, ખમંડળગતિવિદ્યા** [ પો. ગો. ]
વિ. વિ. ૧૦૩.

**Electro-dynamics, વિદ્યુદ્ગતિવિદ્યા** [પો. ગો. સદર]

**Hydro-dynamics, જલગતિવિદ્યા** [પો. ગો. સદર]

**Thermo-dynamics, ઉષ્માગતિવિદ્યા** [ પો. ગો. સદર ]

# E

**Ego, અભિમાની** [ ન. દે. ]

સુ. શા. ૬૫: પરંતુ આ **અધિષ્ઠાન** તત્ત્વ અથવા બ્રહ્મ કંઈ પૂર્ણ સત્ પદાર્થ છે એટલું જ નહિ, પણ પૂર્ણ ચિત્ દરેક અભિમાનીમાં પ્રેરક આત્મા રૂપે રહે છે, અને દેખાતા જડ વિશ્વના ભીતર પ્રદેશમાં અંતર્યામી ઈશ્વર રૂપ રહે છે.

**Egoism, અહંભાવ** [બ. ક.]

આ. ક. સ. ૯૦—૧: કવિ અહંપ્રધાન આત્મલીન પ્રાણી છે, એ હકીકત આ ચિત્રની રેખાઓમાં પણ સ્પષ્ટ છે, તથાપિ અહીં કવિ એટલે સૌન્દર્યનો પૂજારી, "સમણાં" પાછળ પ્રાણ પાથરનારો, દિવ્ય અનુગ્રહ વડે જ સમણું પમાય તો પમાય એ અનુભવે વિનમ્ર, એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એનું લક્ષણ મુખ્ય વક્તવ્ય બને છે, અને કવિનો અહંભાવ ( ઇગોઈઝમ્ ) એટલો ખુંચતો નથી.

**Egoist, અહંભાવી** [બ. ક.]

આ. ક. સ. ૨૪: અને યુવાનો પણ ખુરસીઓ ખેંચી કુંડાળું વળી બેઠા, એટલે તે આ ઉપચીતારા, અપચીતારા, લેભાગુ, અને અહંભાવી ( ઇગોઈસ્ટ e. ) ઘુસણીયાને ગાળ ઉપર ગાળ દેવા લાગ્યો.

**Elasticity, સ્વરૂપધૃતિ** [ક. ધ.]

જી. શો. ૧, ૧૪૭–૮: સર્વ ચીજોમાં રહેલા અહંકારમાં બે સામાન્ય ધર્મો પરખાઇ આવે છે: (૧) આઘાત સામે પોતાનું સ્વરૂપ કાયમ રાખવાની શક્તિ ( elasticity, ability ) અને (૨) સામો આઘાત (પ્રત્યાઘાત) કરવાની શક્તિ (resistance). મનુષ્ય કે પ્રાણીનો યે અહંકાર આથી કશું વિશેષ કરતો નથી. એ જેમાં પોતાની અસ્મિતા માને છે તેમાં ફરક ન પડવા દેવા, અને કોઈ તેમાં ફરક પાડવા આવે તો પ્રત્યાઘાત આપવા જે બળ ખર્ચે છે તે જ એનો અહંકાર છે. પછી એ અસ્મિતા શરીરને લગતી હોય, કે કુંટુંબ, સમાજ કે દેશને લગતી હોય, કે વાણી કે વિચારને લગતી હોય, અને નાના મોટા જડ પદાર્થો પણ આવી સ્વરૂપધૃતિ અને પ્રત્યાઘાતની શક્તિઓ ધરાવે છે.

**Electrone, ૧ વિદ્યુદણુ** [પો. ગો.]

વિ. વિ. ૨૩૬: આ પરમાણુની મધ્યમાં ધનવિદ્યુત્‌વાળો જડ ભાગ હોય છે: તેની ચારે બાજુ ઋણ વિદ્યુત્‌વાળા વિદ્યુદ્ અણુઓ ફરતાં હોય છે.

૨ **અણુકિરણ** [ ન્હા. દ. ]

પાંખડીઓ, પ્રસ્તાવના, ૯: યજ્ઞકુંડની યજ્ઞશિખાઓ ઉછળે છે ત્ય્હારે મંહીથી કોઈ કોઇ સ્ફુલિંગો ઉડે છે: એથીએ ઝીણેરા આ અણુકિરણો ee. છે.

**Elevating, ઉન્નતાકર્ષી** [ ન. ભો. ]

અ. ક. ૧૭: ભાવગ્રાહી યુવક પ્રત્યેક ઉન્નતાકર્ષી ભાવને પ્રવેશ આપવાને પોતાનું હૃદય ઉઘાડે છે (મૂળ અંગ્રેજી:-susceptible youth opens his heart to every elevating feeling.)

**Emanation, નિઃસરણ** [પો. ગો.]

વિ. વિ. ૨૩૨: આ સંબંધમાં રેડીઅમની શોધ અને તેમાંથી નીકળતા નિઃસરણ (એમેનેશન) વગેરેનો અભ્યાસ ઘણો જ રસમય અને ઉપયોગી છે.—રેડીઅમમાંથી ઉત્પન્ન થતા પદાર્થોમાં વાયુમય નિઃસરણો ઘણા જ અગત્યનાં છે.

**Embriology, ૧ ગર્ભવિકાસપ્રકરણ** [ન. દે.]

સુ. શા. કોષ, ૪: ગર્ભવિકાસપ્રકરણ (૨) –ગર્ભબિંદુ શી રીતે વિકાસ પામી દેહાકાર બને છે તે જણાવનાર વૈદ્યકશાસ્ત્રનો ખંડ.

૨. **ગર્ભવિદ્યા** [પો. ગો.]

વિ. વિ. ૯૯: એક જ પ્રાણી ગર્ભાવસ્થામાંથી પૂર્ણાવસ્થામાં કેવી રીતે આવે છે તે વિષય ગર્ભવિદ્યા (e.) કહેવાય છે.

**Emphasis, ૧ ભાર** [અજ્ઞાત]

૨. **દૃઢીકરણ** [ન. ભો.]

અ. ક. ૨૩૭: હવે વાણીને ગૌરવ, સૌન્દર્યાદિ અર્પિત ગુણો આપનારાં અંગ એ. એ અંગ: (૫) દૃઢીકરણ અથવા ભાર (e.)... પ્રથમ દૃઢીકરણ લઈએ—જોર્જ હેનરી લ્યૂઇસ કહે છે:–દૃઢીકરણ અને વિરામ એ ભાષણકલામાં કઠણમાં કઠણ વિષય છે.

**Epic, બૃહત્કાવ્ય** [ મરાઠી–રસિકલાલ છોટાલાલ પરીખ ]

વસંત રજતમહોત્સવ સ્મારક ગ્રંથ, ૨૮૮: હવે આ કળાઓના પ્રકાર માટે જે શબ્દો વપરાયા છે તેના ગૂજરાતી પર્યાયોનો વિચાર કરીએ. Epic poetry ને માટે આપણે મહાકાવ્ય અથવા બૃહત્કાવ્ય શબ્દ વાપરીએ. આ શબ્દમાં epos નો અર્થ નથી આવતો પણ સાધારણ રીતે Epics માં જે જાતનું વસ્તુ અને શૈલી હોય છે તે પ્રકારનું વસ્તુ અને વર્ણનશૈલી મહાભારતાદિ કે રઘુવંશાદિ મહાકાવ્યોમાં હોય છે. મહાકાવ્ય આપણાં પરિચિત કાવ્યો માટે રાખી મરાઠીમાં યોજાતો 'બૃહત્કાવ્ય' શબ્દ epic ના અનુવાદ તરીકે વાપરી શકીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Epilogue, ઇતિલેખ** [બ. ક.]

જુઓ Prologue. (ઉત્તરાર્ધ ૧૬૫)

**Equilibrium, થો** [કિ. ઘ.]

નવજીવન, શિક્ષણ અને સાહિત્ય : E. માટે માટે 'થો' શબ્દ સૂચવું છું. જ્યારે બેઉ બાજૂના દૂવા સરખા હોય ત્હારે 'થો' થાય–એટલે ગતિ અટકી જાય. કેટલીક રમતોમાં 'થો' શબ્દ રમત બંધ કરવાના હુકમ તરીકે વપરાય છે એવું કાંઇક સ્મરણમાં છે.

**Erotosis, અતિકામજ્વર** [વિ. ક.]

કૌ. ૧૯૩૧ માર્ચ ૧૯૫:

જુઓ Puritanisis (પૃ. ૧૯૯)

**Ethnography, માનવજાતિશાસ્ત્ર** [ કા. છ. ]

વ. ૨૭, ૧૦૩: પ્રથમ અધિવેશનમાં પાંચ પાંચ વિભાગો હતા, રસાયન, ભૌતિકશાસ્ત્ર, પ્રાણિશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, અને (e.) માનવજાતિશાસ્ત્ર.

**Evolution, ઉદ્ભવ** [ ર. મ. ]

ક. સા. ૩, ૧૩૪: 'ઈવોલ્યુશન'નો ક્રમ મનુષ્યજાતિ સુધી લાવ્યા પછી કુદરત દૂર ખસી [illegible] છે અને કુદરતની ધુરા મનુષ્યને ખભે આવી છે. 'ઇવોલ્યુશન'નું કાર્ય કુદરતને બદલે મનુષ્યે આગળ ચલાવવાનું પ્રાપ્ત થયું છે. કુદરત જે ઉદ્ભવ શારીરિક ફેરફારથી ઉપજાવતી તે ઉદ્ભવ બુદ્ધિવ્યાપારથી ઉપજાવવાનું મનુષ્યને માથે આવ્યું છે...એ લક્ષ્ય માટે ઉપાયો યોજતાં મનુષ્યો ઇતિહાસની પણ મદદ લે છે અને ભૂતકાળમાં સફળ થયેલા કોઈ અંશો વર્તમાનમાં ગોઠવાય તેવા હોય તો તેનો પણ ઉપયોગ કરે છે. આવો ઈરાદાવાળો ઉદ્ભવ (intentional evolution) ભાષાવ્યાપારમાં પણ પ્રવર્તે એ સ્વાભાવિક છે અને તેથી, ભાષાના ભૂતકાળમાં એક વાર સફળ થએલા પણ ઈરાદા વગરના ઉદ્ભવ (unintentional evolution) ના યુગમાં લુપ્ત થએલા કે વિકૃત થએલા વાક્પ્રચાર વર્તમાન ભાષામાં અનુકૂળતાથી ગોઠવી શ[illegible] તેવા હોય તો તે સજીવન કરવામાં આવે એ શક્ય છે.

**Expert, વિશિષ્ટ વિદ્વાન** [ આ. બા. ]

વ. ૩૦, ૨૭૬; સર ફીરોજશાહ મહેતા યુનિવર્સિટીસેનેટમાં પ્રોફેસરો ઉપરાંત બહારના કેળવાએલા અને વ્યવહારદક્ષ પુરુષોની અપેક્ષા રાખતા એટલું જ નહિ પણ "વિશિષ્ટ વિદ્વાનોના જુલમ" ('tyranny of experts') થી કેળવણીને બચાવવા માટે એવા પુરુષોની સેનેટમાં જરૂર છે એમ કહેતા.

**Expletive, અર્થભારપૂરક** [ર. મ]

ક. સા. ૩ ૧૬૫: 'આવતા બેશ તલે' એ ઈંગ્રેજી રોમાની વાક્ય ગુજરાતીમાં 'આવતો બેશ તળે' એવા રૂપમાં મુકાય. એ બે વાક્યોનું સરખાપણું સ્પષ્ટ છે....ઉપર ઉતારેલા વાક્યમાં 'તા' એ માત્ર અર્થભારપૂરક (e.) છે અને તે માટે ગુજરાતીમાં 'તો' વપરાય.

**Expression notation, વિશેષક્રિયાલેખન** [ ગ. ગો. ]

ગા. વા. પા. ૧, ૧૨૯: સ્વર અને કાળ સિવાય જે કેટલીક ખાસ ક્રિયાઓ સ્વરને ઉચ્ચારવા કે વાદ્યમાંથી શબ્દ અથવા સ્વર પ્રકટ કરવા માટે કરવામાં આવે છે તેને વિશેષ ક્રિયાલેખન કહીશું. અંગ્રેજીમાં એને માટે એક્સ્પ્રેશન (e.) નોટેશન કહે છે. "એક્સ્પ્રેશન" એ શબ્દમાં અમુક સ્વર કે તેના સમૂહને મંદ, મહોટો અથવા બહુ જ મંદ કરવો પડે કે કેમ એટલી જ બાબતમાં ચિહ્નોનો સમાવેશ કરવામાં આવે છે. પણ આપણે તેને બદલે જે "વિશેષ ક્રિયા" એવો જે શબ્દ વાપર્યો છે તેમાં તો સ્વરના મંદપણાનો સ્પષ્ટ કે પ્રકાશિતપણાનો અને તે ઉપરાંત આપણે બીજી અનેક બાબતોનો સમાવેશ કરીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# F

**Fact, ભાવ** [બ. ક.]

લિ. ૧૯૯: [illegible]ા એવા મહત્ત્વના વિચાર (idea) વા ભાવ (f.) ને માટે શબ્દો તો ગમે તેટલા યોજાય, તે સર્વમાંથી જે એક રૂઢ થવા પામે, ભાષાની ટંકશાળમાં પાસ પડે, તે એક શબ્દના પ્રથમ ઘડનારને (જડે તો) સમ્ભારવો, અને બીજા કાંકરાઓને તેમ કાંકરાઓના ઊછાળનારાઓને વિસારી દેવા એ જ વિશ્વક્રમનો **લાયકની ચિરંજીવતા** (survival of the fittest) નો કાયદો છે.

વ. ૨૮, ૩૩ પણ જુઓ.

**Factitive verb, અપૂર્ણક્રિયાવાચક સકર્મક ક્રિયાપદ** [ક. પ્રા.]

મ. વ્યા. ૮૦: કેટલાંક સકર્મક ક્રિયાપદ એવાં છે કે તેની પછી કર્મ ઉપરાંત કેટલાક શબ્દો વાપરીએ ત્યારે જ તેનો અર્થ પૂરો થાય. દાખલા: આવી વર્તણુકથી પુત્રે પિતાને ઘણો ગુસ્સે કર્યો-ક્રોધી બનાવ્યો.

**Fairy tale, યક્ષિણી વાર્તા** [મરાઠી—શ્રીકંઠ નીલકંઠ આપેકર]

કૌ. ૧૯૩૦, **મે**, ૩૦ : ટૂંકમાં કહીએ તો, કૈ. **આપટે**એ પોતાની સામાજિક નવલકથાઓથી, કલ્પિત વાઙ્મયના ક્ષેત્રમાં મ્હોટું પરિવર્તન કર્યું; એમની પહેલાં જેને "અદ્ભુત રમ્ય" (Romance) અને "કલ્પિત અથવા યક્ષિણી વાર્તાઓ" (Fairy tales) એવાં નામો સાધારણ રીતે આપી શકાય, એવી વાર્તાઓ અને કથાનકોની પ્રથા વિશેષ રૂઢ હતી.

**Federal, ૧. સમવાયાધીન, સમવાયી** [તંત્રીઓ, પ્રસ્થાન]

પ્ર. ૧૧, ૧૮૯: ગોળમેજી પરિષદવાળાઓએ હિંદુસ્તાનના ભાવી રાજ્યબંધારણ માટે 'ફેડરેશન' અથવા આખો શબ્દ 'ફેડરેશન ઓફ સ્ટેટસ' નું રૂપ પસંદ કર્યું છે; 'યુનિટરી' રૂપ પસંદ નથી કર્યું. આપણે ગુજરાતીમાં આને માટે કયા શબ્દો વાપરીશું ?

આ જ અંકમાં એક લેખકે 'યુનિટરી' માટે 'એકમુખી' સત્તા અને 'ફેડરલ' માટે 'બહુમુખી' સત્તા એવા શબ્દો વાપર્યા છે.

'યુનિટરી' બંધારણમાં રાજ્યની કુલ સત્તા અવિભક્ત રીતે 'એકતન્ત્ર' ને અધીન હોય છે, એટલે તેને **એકતન્ત્રાધીન** બંધારણ અથવા 'એકતન્ત્ર' બંધારણ એવું નામ આપી શકીએ.

'ફેડરેશન' માં સ્વાધીન સત્તાવાળાં સંસ્થાનો સંધિ અથવા કરારથી એક બની સત્તાની વહેંચણી કરે છે. આમાં અમુક સત્તાઓ—મોટા ભાગે આખાને લગતી સત્તાઓ-મધ્યવર્તી તન્ત્રને સોંપવામાં આવે છે, અને અમુક સત્તાઓ પ્રત્યેક સંસ્થાન અથવા અવયવના હાથમાં રહે છે. શેષ સત્તા વિશે એક સરખું ધોરણ નથી. આવા રાજ્યમાં તેનાં ભિન્ન ભિન્ન સંસ્થાનો અમુક બાબતોમાં સ્વાધીન અને બીજી બાબતોમાં મધ્ય મંડળને અધીન હોય છે. આવા સંયોગને માટે **'સમવાય'** શબ્દ વાપરી શકાય. 'સમવા' [illegible]ા 'સંવા' શબ્દ ગુજરાતમાં નાતોના પેટા વિભાગોના એકીકરણ માટે વપરાય છે; જેમકે 'બાવીસ ગામોનો સમવા' 'ઔદિચ્યોનો ખરેડી સંવા' ઈત્યાદિ. આ રીતે 'ફેડરેશન ઓફ સ્ટેટ્સ' ને **'સંસ્થાનસમવાય'** એવું નામ અપાય. સાધારણ વ્યવહારમાં એકલો 'સમવાય' શબ્દ વાપરીએ તો પણ ચાલે; એવા બંધારણને 'સમવાયાધીન' બંધારણ અથવા 'સમવાયી' બંધારણ એવું નામ અપાય. સંસ્થાનની સત્તાઓને 'સંસ્થાની-સત્તાઓ' અને સમવાયની સત્તાઓને 'સમવાયી' સત્તાઓ કહેવાય.

'યુનિટરી' અને ફેડરલ પ્રકારનાં બંધારણો માટે **'એકતન્ત્ર'** બંધારણ, અને 'સમવાય' બંધારણ એવાં નામો અનુક્રમે વાપરી શકાય.

**૨. સંયોજક** [ખુશાલ તલકશી શાહ]

પ્ર. ૧૧, ૪૦૭: હિંદનું ભાવિ રાજબંધારણ સંયોજક (F.) તત્ત્વાનુસાર યોજાશે; અને તેની મધ્યસ્થ રાજસંસ્થા-મધ્યસ્થ પ્રધાન મંડળ (Federal executive)—સંયોજિત પ્રજાપ્રતિનિધિત્વવાળી ધારાસભાને જવાબદાર થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Federation,** ૧. **સમવાય** [તંત્રીઓ, પ્રસ્થાન]

પ્ર. ૧૧, ૧૮૯: જુઓ ઉપર Federal.

૨. **સંયોજન** [ખુશાલ તલકશી શાહ]

પ્ર. ૧૧, ૪૦૭: મધ્યસ્થ–એટલે કે અખિલ ભારતીય રાજસંસ્થા, અને પ્રાંતિક એટલે કે સ્થાનિક અને રજવાડી સરકારની પરસ્પર સત્તા, મર્યાદા, કાર્યક્ષેત્ર, કેમ રચાયાં છે, અને સંયોજન (F.) થયા પછી કેમ રચાશે, તેનો વિચાર અહીં કરવાની આવશ્યક્તા નથી.

૩. **સમવાયી તંત્ર, સમવાયતંત્ર** [રા. વિ.]

પ્ર. ૧૧, ૨૦૮: બધી ચર્ચાનું આધારભૂત ધોરણ એ હતું કે મધ્યવર્તી સરકાર બ્રિટિશ હિંદ તેમજ દેશી રાજ્યોના સમવાયી તંત્ર (f.) નું બને. આ તંત્રનું સ્વરૂપ કેવું ઘડવું એ હવે પછી નક્કી થશે, આ તંત્રના અંગભૂત પ્રાંતો અને દેશી રાજ્યો, જે વિષયો સમવાયી તંત્રને સુપરત કરશે તેટલા ઉપર જ તેની સત્તા રહેશે.

**Finance, અર્થપ્રકરણ, મહેસૂલ** [રા.વિ.]

પ્ર. ૧૧, ૨૦૯, રાજ્યનું અર્થપ્રકરણ અથવા મહેસૂલ (f.) સોંપતા પહેલાં ઉપર જણાવેલા હિંદના રક્ષણ વગેરેના ખરચના અપવાદો કરવા જોઇએ. તેમજ સેક્રેટરી ઓફ સ્ટેટ તરફથી જે જે જવાબદારીઓ લેવાઈ હોય તના પાલન માટે પણ અપવાદ કરવા જોઇએ. —આટલા અપવાદો સાથે અર્થપ્રકરણ હિંદની જવાબદારીને સુપરત થશે. આનો અર્થ એવો થયો કે અર્થપ્રકરણમાં દ્વિસત્તાક વ્યવસ્થા ચાલશે.

**Flippancy, વાક્ચાપલ્ય** [વિ. ક.]

કૌ. ૧૯૩૧, **માર્ચ**, ૧૯૬: પણ સાહિત્ય-રચનાની, કલાની દૃષ્ટિએ એમ લાગ્યા વિના રહેતું નથી કે વિષયપસંદગી ભલે ધર્મ-ગ્રંથોમાં થાય અને તેની રજુઆત પણ ભલે આપણે 'અર્વાચીન' કહેવાતા દૃષ્ટિબિંદુથી કરીએ—છતાં વિષયની રજુઆત કરવામાં જે 'ઇર્રેવરંટ ફ્લિપન્સી' વાળી (અનાદરી વાક્ચા-પલ્યભરી) શૈલી લેખકો આવી રચનામાં વાપર્યા વિના રહી શકતા નથી, જે શૈલી-પ્રકારનો વાપર વળી પાછો તેમનું તાટસ્થ્ય ખોવરાવી, ઉલ્લાસ એમનાં અંતરમાં પ્રકટા-વતો લાગે છે, એ શૈલી વિષયના સમગ્ર અર્થસંસ્કારો ('એસોસિએશન્સ') ને અનુરૂપ હોતી નથી.

**Foot,**

**Foot-ball, પવનદડો** [દ. બા.]

કુમાર, ૧૯૮૭, **કાર્તિક**, ૪૮૦: એક દિવસ હું ગોલકીપર હતો. ઉંચેથી પવનદડો (ફૂટ બૉલ) આવ્યો. લક્ષ્યવેધ (ગોલ) થવાની સૌની ખાતરી હતી.

**Foot-path, પગથી** [મો. ક.]

આ.ક.૧, ૨૦૨: તે મુજબ હિંદીઓ પગથી (ફૂટપાથ) ઉપર હક્કપૂર્વક ન ચાલી શકે, રાતના નવ વાગ્યા પછી પરવાના વગર બહાર ન નીકળી શકે.

**Fountain-pen, ઝરી, શાહીસરી**

[કિ. ઘ. ખાનગી કાગળ, તા. ૬–૭–૩૧]

**Frequency, આવૃત્તિસંખ્યા** [વીરમિત્ર ભીમરાવ દ્વિવેટિયા]

પ્ર. ૧૧, ૩૩૬: પ્રકાશની અંદર રહેલો 'શક્તિપુંજ' પ્રકાશતરંગની આવૃત્તિસંખ્યા (f.) ના પ્રમાણમાં હોય છે. લાલ તરંગની આવૃત્તિસંખ્યા નાની હોય છે એટલે એમાં રહેલો 'શક્તિપુંજ' પણ ઓછો એટલે થોડા પ્રમાણમાં હોવો જોઇએ; જ્યારે ભૂરા રંગના તરંગની આવૃત્તિસંખ્યા મોટી હોય છે એટલે 'શક્તિપુંજ' પણ તેટલો જ વધારે અને મોટા પ્રમાણમાં હોય છે.

**Fulcrum,** ૧. **આધાર** [અજ્ઞાત]

૨. **ખાંધ, ખભો** [કિ. ઘ.]

નવજીવન, શિક્ષણ અને સાહિત્ય, "કેટલાક પારિભાષિક શબ્દો"; F. માટે 'આધાર' કરતાં 'ખાંધ' કે 'ખભો' એ શબ્દો વધારે યોગ્ય થાય એમ મને લાગે છે.

**Function, ક્રિયા** [આ. બા.]

વ. ૨૯, ૧૩૫: અર્થાત્ સમાનતાનું પદ ખરું, પણ એ પદને લગતી સઘળી જ ક્રિયામાં સમાનતા નહિ ! આવી સાંકડા અને અપ્રમા-ણિક મનની દલીલ સામે વિચાર કરવા એક કોન્ફરન્સ મળ્યું, જેનું કામ "status" (**પદ**) અને "functions" (ક્રિયા) નો અવિરોધ સાધવાનું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# G

## Germ,

**Germ-plasm, બીજરસ** [ન. દે.]

સુ. શા. ૬: આ પ્રકારના **સચેતન** આરંભક **પરમાણુઓ,** તેમની અમુક પ્રકારની રચનાવાળા અણુઓ, તે અણુની ઘટનાવાળા પિંડ અને તેની આગળ પાછળ રહેલું દ્રવ્યરૂપ મંડળ મળીને જે પ્રાણરસ બને છે તેને 'બીજરસ' (જર્મ-પ્લૅઝમ) કહે છે.

## Germinal,

**Germinal spot, બીજબિન્દુ** [સયાજી સાહિત્યમાળા]

ગર્ભની કથા, ૯: કોષકવચને બદલે (Tona Pellucida) 'અંડકવચ' કહેવાય છે, કોષરસને બદલે (York) 'અંડરસ' 'અંડપીલ' 'દાલ' કહેવાય છે, કોષેશને બદલે (Germinal vesicle) **બીજસ્ફોટ** કહેવાય છે અને કોષેશકને બદલે (G. S.) બીજબિન્દુ કહેવાય છે.

**Germinal vesicle, બીજસ્ફોટ** [સયાજી સાહિત્યમાળા]

ગર્ભની કથા, ૯: જુઓ ઉપર Germinal Spot.

## Gesticulation, અંગવિક્ષેપ [ન. ભો.]

અ. ક. ૬૫: અભિનયનાં મુખ્ય અંગમાંનાં બે અંગ–અંગવિક્ષેપ (g) અને વદનાભિનય –હેની પ્રાચીન કાળમાં શી સ્થિતિ હતી તે જરાક જોઇએ.

## Graph, આલેખ [અજ્ઞાત]

કૌ. ૧૯૩૦, **ઑગસ્ટ,** ૮૫: વિદ્યાર્થીઓ રોજ કેટલું કામ કરે છે તેની નોંધ ત્યાર સુધી નોંધપોથીમાં રહેતી તેને બદલે એક ખાસ પ્રગતિપત્રક તૈયાર કરી તેમાં આલેખ ('ગ્રાફ') દોરીને કાર્યમાપ થવા લાગ્યું.

# H

## Halo, તેજમંડલ [ન્હા. દ.]

કેટલાંક કાવ્યો, ૧, ૪૩:

કો તેજમંડલ અનુપમ ને સુહાગી
માંગલ્યકારી પ્રિયને મુખડે વિરાજે:

(૨) ૧૧૮: તેજમંડલ=H., દેવાંશીઓના મુખ ફરતું તેજનું સ્ફુરણ હોય છે તે: પ્રભા.

## Hedonist, સુખવાદી [બ. ક.]

કૌ. ૧૯૩૦, **સપ્ટેંબર,** ૧૪૮: **રાવજીના** પિતા **ગિરિધરરાવ** હેડમાસ્તર **સ્પેન્સરભક્ત** હતા, ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં કે ત્રીજી પચ્ચીશીમાં **મદ્રાસ, મુંબઈ, અજમેર, પંજાબના** સુશિક્ષિતોમાં **મિલ** અને **સ્પેન્સરના** ભક્ત ઘણા મોટા પ્રમાણમાં પાકેલા એ ઐતિહાસિક હકીકત છે,–તેમના શિક્ષણથી એ છેક સુખવાદી (હીડનિસ્ટ h.) બને છે.

## Heredity, અનુવૃત્તિ [ન. દે.]

સુ. શા. ૮: આ મતમાં વ્યક્તિના દેહના જીવનસમયમાં થયેલા વ્યાપારો અને કર્મો વડે પ્રજામાં ગુણધર્મની અનુવૃત્તિ થાય છે એવું માનવામાં આવે છે.

## Heretic, પાખંડી [વિ. ક.]

કૌ. ૧૯૩૦, **મે,** ૩૧૬: **લૉરેન્સ** [illegible]લો સ્વતંત્રમિજાજી હતો કે **આલ્ડિંગન** તો તેને એક પ્રકારનો પાખંડી ('હૅરેટિક') જ કહે છે.

## Hospital, આતુરશાળા [ન. દે.]

સુ. શા. ૨૯: પરંતુ સોળમા વર્ષથી તેમણે પોતાનો અભિરુચિનો વિષય વૈદકશાસ્ત્ર હાથ ઉપર લીધો. આ વિદ્યાનો અનુભવ તેમણે બર્મિંગહામ આતુરશાળા ( હોસ્પીટલ ) માં મેળવ્યો હતો.

## Humorous, માર્મિક [બ. ક.]

લિ. ૬૫: માણસ છેલ્લી ઘડીએ પોતાનું આખું જીવન એક દષ્ટિપાતે જોઈ લે છે અને આખો જન્મારો પોતે પૌરુષનું હીર શેમાં ગળ્યું તે વિનમ્રભાવે પણ દૃઢતાથી—છેલ્લા દાખલાની જેમ માર્મિક (h)ની રીતે અથવા વાગ્વૈભવ અને દલીલસમૃદ્ધિ વડે અથવા નરી પ્રૌઢતાથી અથવા તો પ્રોત્સાહક સંગીતમાં કહે છે. પૃ. ૪૭ પણ જુઓ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# I

**Iceberg, બરફમેરુ** [બ. ક.]

પ્ર. ૮, ૨૫૦: બરફમેરુ (i.) નો સાત–અષ્ટમાંશ દરિયાની સપાટી તળે ઊંડાણમાં ડુબેલો રહે છે, એક–અષ્ટમાંશ જ સપાટી ઉપર અને સૂર્યના પ્રકાશમાં સ્ફુટ દેખાય છે તેમ માનવ જીવન અને પ્રકૃતિની અસ્ફુટતાઓ જ સંગીત કળાનું પ્રધાન અને વિશિષ્ય એમ છે.

**Idealist, વિષયાભાવવાદી** [ન દ્વા.]

ત્યારે કરીશું શું? ઉત્તરાર્ધ, ૧૦૩: તે વિષયાભાવવાદી ફિલસુફી (Idealist philosophy) એટલે કે જે પદાર્થો ઇન્દ્રિયગોચર થાય છે તેની સત્તા નહિ સ્વીકારતાં તે પદાર્થ વિષેની કલ્પના સત્ય છે એવું પ્રતિપાદન કરનારો મત–તેમાં માનનારો હતો.

**Idealistic, ભાવનાત્મક** [ન. ભો.]

અ. ક. ૭: સૌન્દર્યના સ્વરૂપ વિશે એક મત હેવો છે કે પદાર્થના અંશોની સપ્રમાણતા તે જ સૌન્દર્યનું તત્ત્વ; આ એરિસ્ટોટલનું materialistic (જડવાદી) લક્ષણ છે. બીજો મત Neo–Platonist તત્ત્વવેત્તાઓનો છે જે સૌન્દર્યનું I. (ભાવનાત્મક) લક્ષણ આપે છે; એ લક્ષણમાં સૌન્દર્યનું બીજ પદાર્થની સપ્રમાણ ઘટનાથી પર રહેલા કોઇ ભાવનામય તત્ત્વમાં રહેલું મનાય છે.

**Idealistic monism, અજડ અદ્વૈત** [ન. દે.]

સુ. શા. (૧) ૧૧: જડ અદ્વૈત માનો કે અજડ અદ્વૈત માનો–ગમે તે ભાવના તત્ત્વદર્શનની સ્વીકારો, તો પણ વિશ્વના જાતિ અને વ્યક્તિના ભેદનો ખુલાસો કેવળ તટસ્થ ઈશ્વરથી કરવામાં સપ્રમાણતા નથી. (૨) ૧૯: અજડ (અદ્વૈત) (I. m.)—ચેતન દ્રવ્ય વડે વિશ્વવ્યવસ્થા કરનારો તત્ત્વવિદ્યાનો સિદ્ધાન્ત.

**Identity, તાદાત્મ્ય** [ન્હા. દ.]

કેટલાંક કાવ્યો, ૧, ૬૩, ને ૧૨૦: તાદાત્મ્ય=સમરૂપતા. I.

**Idiom**, ઉક્તિરૂઢિ [ર. મ.]

ક. સા. ૩, ૧૬૫: ગુજરાતીમાં પણ 'તળે' ના અર્થમાં 'હેઠળ' શબ્દ ઉક્તિરૂઢિ (i.) પ્રમાણે વપરાય.

**Ikon, મુખરેખા** [બચુભાઇ રાવત]

કૌ. ૧૯૩૧, **માર્ચ**, ૧૬૬: ગુજરાત અને કાઠિયાવાડના તળપદા વાસીઓની લાક્ષણિક મુખરેખાઓ (ii.) તથા વિવિધ સ્વભાવદર્શન આલેખતું સબળ પાત્રનિર્માણ, જાણે સાચું ગુજરાત આંખ સામે ખડું થયું હોય એવા ગુજરાતનાં શહેર–શેરી, ગ્રામ–વાડી, અને પાદર–સીમાડાઓનાં દૃશ્યનિરૂપણ, અને જેમાંથી ગુજરાતની લોકોત્તર સંસ્કારિતાનો સાચો પ્રાણ બોલતો હોય એવું ભાવાલેખન અનેક વર્ષો પછી, પહેલવહેલાં પ્રકટ્યાં.

**Illustration, કથાચિત્ર, કથનચિત્ર** [બચુભાઈ રાવત]

કૌ. ૧૯૩૧, **માર્ચ**, (૧) ૧૬૯: અને એ શ્રીમાને વિશુદ્ધ કલાપ્રેમથી લોકોની વૃત્તિ કેળવવા માટે 'સુવર્ણમાલા' નું પ્રકાશન કરવા માંડયું તેને માટે આખા મુંબાઈ ઇલાકામાં અગ્રણી મનાતા અને મુંબાઇ કલાશાળામાં ઊંચું સ્થાન ભોગવતા શ્રી. ધુરંધર જેવા ચિત્રકાર પણ, શ્રીમાન પુરુષોત્તમના પ્રાચીન કલાના વિપુલ સંગ્રહમાંથી કશી જ પ્રેરણા ઝીલવાને અસમર્થ નીવડયા અને 'સુવર્ણમાલા' માત્ર પશ્ચિમી ચોપાનિયામાં આવતાં કથાચિત્રો (Ii.) નાં ખોખાં જેવાં નાટકી ઢબનાં હિંદી પાત્રો વડે જ ચિતરાઇને બહાર પડતી. (૨) ૧૭૨: અને ગુજરાતના આજના લગભગ કોઈ પણ સચિત્ર–સાપ્તાહિકનાં પાનાં જેમનાં સામયિક કથનચિત્રો (Ii.)થી વંચિત નથી તે 'કલાબ્ધિ'—શ્રી. દુર્ગાશંકર પંડયામાં મૂળથી જ નૈસર્ગિક પ્રતિભાની એવી ચમક છે કે તે ધારે તો જોતજોતામાં આગલી હરોળમાં આવી શકે.

**Image, પ્રતિરૂપ, પ્રતીક** [વિ. ર.]

કૌ. ૫, (૧) ૭૨૫: નૈતિક ચાબખાં, અને દલીલબાજ કે કેવળ ગુણગાન કરતાં ભજનોને કેવળ પદ્યના ખાડામાંથી ઉગારનાર પ્રતિરૂપો (ii.) હોય છે. (૨) ૭૨૬: જૂના ભજનસાહિત્યને કવિતા બનાવનારૂં આ સર્વમાન્ય, સામાન્ય, ચલણી, પ્રતિરૂપ કે પ્રતીક (I.).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Immanental, વિશ્વાન્તર્યામી** [મૂ.ક.]

લિ. ૧૦૬: બીજી રીતે જુવો. પ્રેમી એટલે માણસ જેવા શુદ્ધ જંતુની નજરે અહેખો પણ. God is love **ઇશ્વર પ્રેમ** છે તે God is a jealous lover; અને God is Righteousness **ઈશ્વર સદાચારમૂર્તિ** છે (**ઇશ્વર ધર્મ** છે) તે God is Wrath **ઇશ્વર રુદ્ર** છે:—એ બે જોડકાં માણસની ઉપાધિબદ્ધ દૃષ્ટિને તો અન્યોન્યપૂરક જ લાગે. આ અન્યોન્યપૂરકો પરસ્પર વિરોધી જ લાગ્યા કરે. એવાં એવાં દ્વંદ્વોનું સમાધાન, **ઇશ્વર** વિશ્વાન્તર્યામી પરમાત્મા છે (Immanental Pantheism) **ઇશ્વર વિશ્વોત્તર** પરમાત્મા છે (Transcendental Pantheism) એવી વેદાન્તી પર્યેષણા વડે જ થઈ શકે.

**Impersonation, અન્યરૂપપ્રવેશ** [ન. ભો.]

અ. ક. નિવેદન, ક: જુઓ Personation (ઉત્તરાર્ધ, પૃ. ૧૫૧)

**Incisor, છેદકદાંત** [બાપાલાલ ગરબડદાસ શાહ]

પ્ર. ૧૩, ૩૨: દરેક જડબામાંના આગળના દાંતને "છેદક" દાંત (Ii.) કહે છે એટલે આઠ છેદક દાંત છે.

**Inconsistency, વિસંગતિ** [બ. ક.]

આ. ક. સ. ૩૦: અને આવો સવાલ અંગત વિસંગતિ (ઈન્કન્સિસ્ટન્સી i.) ચીંધવાને, અગર તો આ સંગ્રહમાં ગેય કવિતાના મોટા પ્રમાણને ચાંધવા કાજે ઉડાવવામાં આવશે જ, એમ સમજી લઇને તેનો આગળથી જવાબ આપી લઉં.

**Individualism, વ્યષ્ટિવાદ** [આ. બા.]

વ. ૩૦, ૩૪: બંને પક્ષને નિષ્પક્ષપાત રીતે અવલોકતાં જણાય છે કે આત્યંતિક વ્યષ્ટિવાદ (I.) અને આત્યંતિક સમષ્ટિવાદ (socialism) બંને ખોટા છે, અને સત્ય જેમ હમેશાં બને છે તેમ મધ્ય બિન્દુમાં જ વિરાજે છે. વ્યષ્ટિવાદમાંથી ઉપજતા અન્યાય, શૌર્ય, દારિદ્રય આદિ દોષોથી ખળભળી મનુષ્યહૃદયે અને મનુષ્યબુદ્ધિએ સમષ્ટિવાદનો આશ્રય લીધો, પણ સમષ્ટિવાદના બીજા અન્યાય, જુદુ જ ક્રૌર્ય, અને સુલભ આલસ્ય આદિ દોષો પણ એવા જ ભયંકર દેખાય છે.

**Individualist, વ્યક્તિસ્વાતંત્ર્યવાદી** [બ. ક.]

અં. ૪૫.

**Individuality, સ્વવિલક્ષણતા, આત્મવિલક્ષણતા** [ન. ભો.]

અ. ક. ૧૧, ૧૦: આ ઉચ્ચ કર્તવ્ય પાર પાડવા માટે નટનામાં પરલક્ષી કલ્પનાશક્તિની જરૂર છે; પણ તે સાથે જ યોગ્ય પ્રમાણમાં આત્મલક્ષી કલાની પણ હેને આવશ્યક્તા છે. તેમ ના હોત તો નાટકકારે રચેલાં પાત્રોને વેશ ભજવતાં ભિન્ન ભિન્ન નટો એક સરખી રીતે જ ભજે, અને પ્રત્યેક નટની સ્વવિલક્ષણતાને પ્રસંગ જ ના મળે એમ બનત. (૨) ૧૨: આ તે નટની અવિનાશ, અદમ્ય આત્મવિલક્ષણતા; કલાના પ્રદેશની બહાર રહેનારી અને પ્રકૃતિમાંથી સાક્ષાત્ આવનારી એ આત્મવિલક્ષણતા છે. (મૂળ **અંગ્રેજી**:—This is the actor's indestructible, insupportable, individuality making itself felt by means which lie outside of art and come direct from nature.)

**Inferiority complex, નિકૃષ્ટતાની ગ્રન્થિ** [આ. બા.]

વ. ૩૦, ૧૨૨: જેના મગજમાંથી 'I. c.' યાને નિકૃષ્ટતાની ગ્રન્થિ નાશ પામી છે એને સરકાર સાથે સહકાર કરતાં પણ આત્મમાનની હાનિનો ભય નથી.

**Inhibition, ક્રિયારોધ** [ગિરજાશંકર ભગવાનજી બધેકા]

**મોંટેસોરી** પદ્ધતિ, ૪૬: ક્રિયા કે ક્રિયારોધ કરવો પડે તેવી જાતજાતની પ્રવૃત્તિઓ કરવામાંથી જ ક્રિયાશક્તિને બળ અને વિકાસ મળે છે.

**Inference,**

**Immediate inference by complex conception, વાક્યાર્થસમન્વયવ્યાપાર** [રા. વિ.]

**વસંત રજત મહોત્સવ સ્મારક ગ્રંથ**, ૧૧૩: આ જગાએ કેટલાક પ્રમાણશાસ્ત્રીઓ જેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'immediate inference by complex conception' કહે છે તેને સ્વીકારવું ઘટે છે. આને આપણે એક રીતે 'વાક્યાર્થસમન્વય-વ્યાપાર' કહીએ જેમકે:

ઘોડું પ્રાણી છે

માટે ઘોડાનું માથું તે પ્રાણીનું માથું છે. અથવા કાળું ઘોડું તે કાળું પ્રાણી છે. ખરી રીતે આ વ્યાપાર, વાક્ય પર વાક્ય બોલાતું જાય તેમ તેમ ચાલતો જ જાય છે. 'એક ઊંદર હતો. તેને સાત પૂંછડી હતી. તે નિશાળે ગયો.'='એક સાત પૂંછડીવાળો ઊંદર નિશાળે ગયો.' આ ભિન્ન ભિન્ન વાક્યોના અર્થોનો સમન્વય છે.

**Inorganic, અકરણ** [ન. દે.]

સુ. શા. ૪: સારાંશ કે, પ્રકૃતિદ્રવ્ય કે જગદ્ધાતુ (મેટર) અને તેની અંતર્ગત શક્તિ (ફોર્સ) અનંત વ્યક્તિઓને વિકાસ પમાડે છે; અને તેના વિકાસક્રમમાં અકરણ દ્રવ્ય, અને **સકરણ** દ્રવ્ય કાળે કરીને પ્રકટે છે.

**Insect, ષટ્પદી** [ન. દે.]

સુ. શા: ૨૩: ષટ્પદી જાતિ (ઈન્સેક્ટસ)–રૂપાંતર પામવાના સ્વભાવવાળાં ષટ્પદ. એ આંખ, કંઈ સખત ચામડીવાળાં.

**Instinct, ૧.** *adj.* **અનુપ્રાણિત** [ન.ભો.]

અ. ક. ૨૪૭: છોકરાનું ટોળું રમતું હોય તે ધારીને જોઈશું તો જણાશે કે જ્યહાં સૂધી —'હમને કોઈ જુવે છે' એમ હેમને ખબર નથી હોતી, ત્યહાં સૂધી હેમની બધી અંગ-ચેષ્ટાઓ સ્વાભાવિક, ડોળ વિનાની, અને લાલિત્યથી અનુપ્રાણિત હોય છે. (મૂળ અંગ્રેજી:—Watch a group of children at play; all their gestures are natural, unaffected, instinct with grace so long as they do not think they are being observed.)

૨. *noun*, (In a bad sense) **અભિનિવેશ** [પ્રા. વિ. ખાનગી કાગળ]

**Integral calculus, ચલરાશિકલન** [પો. ગો.]

વિ. વિ. ૯૧: તેવી જ રીતે ચલિત પરિમાણોમાં પણ સ્થાન અને કાલના અન્તર અને ચલનને લીધે તેના પરસ્પર સંબંધમાં થતા ભેદ (Variation) ના વિવેચન ઉપરથી ફલ (Function) ના સિદ્ધાન્ત અને **કલનવિદ્યા** calculus અને તેના બે વિભાગ **ચલન કલન** —Differential અને **ચલરાશિકલન** I.— વગેરે પ્રાપ્ત થાય છે.

**Intermittent, પ્રવૃત્ત-નિરુદ્ધ** [કિ.ધ.]

જી. શો. ૧, ૨૪૩: ઘડિયાળનું લોલક એક બાજૂએ ચડી ચૂક્યું છે, પણ પાછું **વળવાની** શરૂઆત થઇ નથી—એ સ્થિતિની, અથવા વિદ્યુત્પ્રવાહો ઝપાટાબંધ સવ્યાપસવ્ય (alternate) થતા હોય, અથવા વેગથી **સૂર્યનાં** કિરણો કે પાણીનો ફુવારો પ્રવૃત્ત-નિરુદ્ધ (i.) થતાં હોય, ત્યારે એ સ્થિતિ વચ્ચેના સંયોગ-ની પણ ઉપમા આપી શકાય.

**Introspection, અન્તર્દર્શન** [ન.ભો.]

અ. ક. ૧૬૧: આપણે સર્વે આપણી જાત્યના પ્રેક્ષકો છિયે, પરંતુ કલાનિષ્ઠ **સ્વભાવ**-નું વિશેષ લક્ષણ એ છે કે હૃદયને અત્યન્ત સખલડખલ કરી નાંખે ત્હેવા ભાવોદ્રેગ બાદ કરતાં બીજા સર્વ ભાવોદ્રેગની ક્ષણોમાં પણ હેનું પોતાના હૃદયમાં અન્તર્દર્શન વારંવાર કરવામાં, તથા હેમાંથી કલાસામગ્રી ખેંચી કાઢવામાં, આનન્દ માને છે (મૂળ અંગ્રેજી:—We are all spectators of ourselves; but it is the peculiarity of the artistic nature to indulge in such introspection even in moments of all but the most disturbing passion, and to draw thence materials for art.)

**Intuition, ૧. પ્રતિભા** [ન. દે.]

સુ. શા. (૧) ૧૯: અત્ર એટલું જ જણાવવું બસ થશે કે, ઉપનિષદોમાં જેમ એક સુવર્ણની માળા લઇ સોની અનંત નવા ઘાટ ઘડયાં કરે છે, તેમ એક જ આત્મા નવા નવા વ્યક્તિશરીરોને પ્રકટાવી પુનઃ બીજરસમાં લય કરી નવા શોભન, અશોભન, દેહરૂપ ઘાટને ઘડે છે અને તે અંતર્યામી ચેતન ત્વષ્ટા કહેવાય છે એવું વર્ણન છે, તેમાં વિજ્ઞાનના આ કાળના પ્રયોગ અને નિરીક્ષણના ફલ રૂપ અનુભવનું પ્રાચીન પ્રતિભામાં સ્ફુરેલું સાક્ષાત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શન છે. (૨) કોષ, ૭: પ્રતિભા (I.)-વિચારના પરિણામરૂપે ઉત્પન્ન થતા બુદ્ધિજ્ઞાન કરતાં જૂદા પ્રકારનું, પદાર્થોના સર્વાંશને અથવા અમુક ભાગને એકદમ સ્પર્શ કરતું સ્વયંભૂ જ્ઞાન, જેવું કે કવિઓનું, તત્ત્વજ્ઞોનું.

૨. **સાક્ષાત્ ઉપલબ્ધિ** [ન. ભો.]

અ. ક. ૧૩: અભ્યાસ અને મનનને મદદ આપીને અનુભવ, અને પ્રતિભાદત્ત તેમજ અનુભવથી ઘણે દરજ્જે પૂરી પડાતી સાક્ષાત્ ઉપલબ્ધિ,—એ સાધનોને બળે પૂર્વથી તૈયાર કરી રાખેલી સામગ્રીનું અર્થદર્શન, સંમેલન અને અપૂર્ણપૂર્તિ કરવાની શક્તિ નઠને પ્રાપ્ત થાય છે. (મૂળ **અંગ્રેજી:**—Study and reflection enable him, with the aid of experience and of the intuition which genius bestows, but which experience may in a high degree supply, to interpret, to combine, and to supplement given materials.)

**Invertebrate, અપૃષ્ઠવંશી, અનસ્થિ** [ન. દે]

સુ. શા. ૨૧: લેમાર્ક પ્રાણીવર્ગને બે મુખ્ય વિભાગમાં ગોઠવે છે:—(૧) અપૃષ્ઠવંશી કે અનસ્થિ (ઈન્વર્ટિબ્રેટ) (૨) **પૃષ્ઠવંશી** કે **સાસ્થિ** (વર્ટિબ્રેટ).

# J

**Jolly-boat, વિહારતરી** [બ. ક.]

આ. ક. સ. ૧૦૦.

# K

**Key-note,** (*Music*) **આરંભક સ્વર** [ગ. ગો.]

ગા. વા. પા. ૧, ૨૩૭: આવા ક્રમથી સ થી નિ સુધીમાં આવતા બધા બારે સ્વરોમાંથી ગમે તેને કીનોટ તરીકે (આરંભક સ્વર) ગણીને ત્યાંથી સ્વરમાળા (સ્કેલ) બનાવવામાં આવે છે.

**Knight,**

**Knight errantry, વીરચર્યા** [ન. ભો.]

વ. ૨૭, ૮૭: **સર્વેન્ટિસે ડોનકિવગ્ઝોટ** અને **સાંકો પાન્ઝા** જેવા હાસ્ય રસનાં પાત્રો સર્જીવીને અસાધારણ ગુણવાળી કથા ઘડીને મધ્યકાળમાં યૂરોપમાં પ્રવર્તેલી "નાઈટ એરંટ્રી" (K. C.)—વીરચર્યા-નાં ખામીવાળાં સ્વરૂપોને મીઠા સમભાવયુક્ત ઉપહાસનો વિષય બનાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# L

**Landscape,**

**Landscape painting, દૃશ્ય આલેખન** [બચુભાઈ રાવત]

કૌ. ૧૯૩૧, **માર્ચ**, ૧૭૧: છેક બાળવર્ગમાં અભ્યાસ કરતા ત્યારથી રેખા ઉપર એમનો અજબ કાબુ છે અને પ્રાણીચિત્રણો તથા દૃશ્યઆલેખન (L. p.) ની એમની એ સમયની ખાસ શક્તિઓ આજે તો સરસ પરિપાક પામી છે.

**Lever, ૧. ઉચ્ચાલનયંત્ર** [અજ્ઞાત]

**૨. કાંટો, કાવડ** [કિ. ધ.]

**નવજીવન**, શિક્ષણ અને સાહિત્ય, "કેટલાક પારિભાષિક શબ્દો". Lever માટે ઉચ્ચાલન-યંત્ર શબ્દ કરતાં કાંટો અથવા કાવડ એ શબ્દો વધારે યોગ્ય થાય એમ મને લાગે છે.

**Life-size, કદે આદમ** [ગૂ. વિ.]

૧૯૮૨ ની નિયામક સભાની પહેલી બેઠક-નો અહેવાલ, ૪૦: સાદૃશ્ય ચિત્રકાર તરીકે કદે આદમ (l. s.) ચિત્ર કરવું.

**Literary, સાહિત્યિક** [હિંદી ઉપરથી-વિ. ક.]

કૌ. ૪, ૨, ૯૬: "મારૂં મન અ-સાહિત્યિક થયું છે--" આ વચન એક મિત્રના તાજેતરના પત્રમાંનું છે. અસાહિત્યિક એટલે 'અનલીટ-રરી'. પેલા અળખામણા ને એબલગામણા ખોટા શબ્દ 'સાહિત્યક' થી આ સાહિત્યિક જુદો છે, ને હું માનું છું તે પ્રમાણે દોષ-રહિત પણ છે. હિંદીમાં તો એ, 'લીટરરી' ના પર્યાય તરીકે ચાલુ છે જ. આપણે પણ એ અર્થમાં તેને અપનાવવો ઘટે, કેમકે મજકુર અંગ્રેજી શબ્દનું સારૂં ગુજરાતી તે વિનાનું કોઈ જડતું નથી. 'લીટરરી જર્નાલીસ્ટ' માટે મેં એક વાર 'સાક્ષરી પત્રકાર' કહેલું. પણ એ પુરતો સંતોષકારક નથી.

**Local sign, સ્થાનલક્ષણ** [પ્રા. વિ. ખાનગી કાગળ, તા. ૧૯-૬-૩૧]

**Logical,**

**Logical necessity, પ્રમાણગત આવશ્યક્તા** [પ્રા. વિ.]

કૌ. ૫, ૧, ૨૬૧: આવી પ્રમાણગત આવ-શ્યક્તા (l. n.) ને લઇને જ **કાન્ટે** પોતાનો Categorical Imperative નો સિદ્ધાન્ત બાંધ્યો હતો.

**Loud speaker, ધ્વનિપ્રવર્ધક** [ગણેશ વાસુદેવ **માવલંકર**]

**પ્ર.** ૯, ૧૯૬: તેમાં બોલનારનો અવાજ બધા સાંભળી શકે તે માટે ધ્વનિપ્રવર્ધક (L. S.) યંત્રો મૂકેલાં હતાં.

**Lunatic asylum, પાગલખાનું** [રા. વિ.]

ઢીંગલી, પ્રસ્તાવના, ૩૧: **આઈરીન** પાગલ-ખાનામાંથી નીકળી હવાફેર કરવા જાય છે ત્યાં આ રૂબેક દંપતી જઇ ચડે છે.

# M

**Malice, અસૂયા** [વિ. ક.]

કૌ. ૧૯૩૦, **જાન્યુ**૦. ૭૬: જે લલિત અસૂયા (ફાઇન મેલિસ) આવાં કાવ્યોમાં જોઇએ તે પૂરતા પ્રમાણમાં નથી.

**Martyr, હુતાત્મા** [મરાઠી ઉપરથી-વિ.ક.]

કૌ. ૧૯૩૧, **જુલાઈ**, ૮૪: હુતાત્મા **જોન** ઓફ **આર્ક**ના આત્મબલિદાનની ૫૦૦ મી પુણ્યતિથિ.

**Masque, સંગીતનાટક** [ન. ભો.]

અ. ક. ૨૧૬: **શેક્સ્પીઅર**ના સમયમાં પણ **બેન જોનસ**ને દૃશ્યસામગ્રી સ્હામે અરુચિનો ઘોષ કર્યો જણાય છે. હેણે રચેલા Masque (સંગીતનાટક) માટે **જોન્સ** નામના કારીગરે દૃશ્યરચના ઘણી કીમતી અને અટપટી અને ભભકદાર રચી હતી. અને સાહિત્યમય અંશ અને દૃશ્યરચનાના અંશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંનેને સરખે દરજ્જે ગણવામાં આવ્યા તેથી **બેન જોનસન** નારાજ થયો અને **જોન્સન** વિશે સખતઆક્ષેપ કાવ્યો હેણે રચ્યાં હતાં. **બેન જોન્સનના** એક હસ્તલેખમાં આ કટાક્ષ-વચનની પંક્તિ છે:—"Painting and Carpentry are the soul of masque."—"ચિત્રકામ અને સુતારકામ તે સંગીત–નાટકના જીવનરૂપ તત્ત્વ છે."

**Masterpiece,** ૧. (Literary) **ગ્રંથતીર્થ** [ચં. ન.]

**શારદા,** ૧૯૩૧, **જાન્યુ**૦. ૯૪૨: એમના જેવા પંડિત **સંસ્કૃત** અને **અંગ્રેજી** સાહિત્યના ગ્રંથતીર્થો (masterpieces) ના યાત્રિક બનવામાં કૃતકૃત્યતા માની વિરામ પામે તો કાંઈ ના પડાય ?

૨. (Painting) **ચિત્રમણિ** [વિ.ક.]

કૌ. ૧૯૩૧, **જુલાઈ,** ૮૪: **મ્યુનિકમાં,** કલાસ્વામીઓ એલગ્રેકો, **બેબિનિ,** ફ્રાએંજેલિકો અને **રિશિયનના** ચિત્રમણિઓ ('માસ્ટર–પીસીસ') પૌં. ૫૦૦,૦૦૦ની કીમતે વેચાયા.

**Materialism, પ્રકૃતિકારણવાદ** [ન.દે.]

સુ. શા. ૧૧: વળી આસ્તિક મતિના મનુષ્યને કેવળ પ્રકૃતિકારણવાદ ઇષ્ટ અને સત્ય ન લાગે તો અંતર્યામી ઇશ્વરવાદ કે જેમાં પ્રકૃતિદ્રવ્યમાં ઈશ્વરસત્તા ફેલાયેલી છે, અને તે કાલ કર્મ પ્રમાણે તે દ્રવ્યનો નામરૂપાત્મક પરિપાક કરી ભિન્ન ભિન્ન જાતિ તથા વ્યક્તિઓને પ્રેરે છે એવું મનાયું છે, તે વાદ વિજ્ઞાન પદ્ધતિથી અવિરોધી રહેશે.

**Materialist, જડપૂજક** [રા. વિ.]

**પ્ર. ૧૧,** ૨૦૩: એક **અંગ્રેજ** પોતાનો ધંધો સારો ચાલે અને તેને મોટો નફો મળે તેટલા માટે જાહેરખબરો આપે, આંકડા ભેગા કરે, ધંધાનો શાસ્ત્રીય અભ્યાસ કરે, વિજ્ઞાનની મદદ લે, તેને આપણે જડપૂજક (m.) કહીએ છીએ, અને એવા જ નફા માટે કોઇ **હિન્દુ** પાઠ કરાવે, મંત્રો કરાવે, જાપ કરાવે, માળાઓ ફેરવે, તિલક કરે, દર્શને જાય, તેને આધ્યાત્મિક કહીએ છીએ.

**Matter, જગદ્ધાતુ** [ન. દે.]

સુ. શા. ૪: સારાંશ કે પ્રકૃતિદ્રવ્ય કે જગદ્ધાતુ (મેટર) અને તેની અંતર્ગત શક્તિ (ફોર્સ) અનંત વ્યક્તિઓને વિકાસ પમાડે છે.

**Mechanics, યંત્રવિદ્યા** [પો. ગો.]

વિ. વિ. ૧૦૩.

**Metaphysics,** ૧. **અધ્યાત્મવિદ્યા** [ન. દે]

સુ. શા. ૪: ક્ષેત્રક્ષેત્રજ્ઞનો વિભાગ અધ્યાત્મવિદ્યાનો વિષય છે.

૨. **અભિધમ્મ** [પ્રા. વિ.]

ખાનગી કાગળ, તા. ૧૯–૬–૩૧: Greek, Meta=beyond=अभि, physics=धम्म.

**Meter area, ચેષ્ટાપ્રદેશ** [બાલકૃષ્ણ અમરજી પાઠક]

**પ્ર. ૧૧,** ૪૨: જુઓ Sensory area.

**Modelling, આકૃતિઘટના** [ન. ભો.]

અ. ક. ૨૩૮: પાઠ બોલી જવો હેનો અર્થ એ છે કે સપાટ ભાગો અને ઉચ્ચ ભાગોની, પ્રકાશ અને છાયાની, યોગ્ય ગોઠવણી કરવી. બીજા રૂપમાં કહેતાં, પાઠ બોલવો તે આકૃતિઘટના છે. (મૂળ **અંગ્રેજી**:—To recite means to distribute the plane surfaces and the reliefs, the light and the shade. In other words reciting is modelling.)

**Molecule, અણુ** [પો. ગો.]

વિ. વિ. ૨૧૪: અણુ એ એક ભૌતિક કલ્પના ગણાય અને દ્રવ્યની ન્હાનામાં ન્હાની સ્વતંત્ર રીતે રહી શકે તેવી રજકણ તે અણુ M કહેવાય; પરમાણુ atom એટલે રાસાયનિક સંયોજનમાં ભાગ લઈ શકે તેવું તત્ત્વનું બારીક અણુકણ.

**Mollusk, મૃદુકાય** [ન. દે.]

સુ. શા. ૨૪: મૃદુકાય (મૉલસ્ક) ઉપરથી સખત પીઠવાળાં, પણ અંદર કોમળ અવયવવાળા અને વિશિષ્ટ રચનાવાળા પૃષ્ઠવંશી વર્ગથી નિકટ સગાઈવાળાં.

**Moment, દ્રુવો** [ક્રિ. ધ.]

**નવજીવન,** શિક્ષણ અને સાહિત્ય, "કેટલાક પારિભાષિક શબ્દો."...આ દૃષ્ટિએ કેટલાક પારિભાષિક શબ્દો સૂચવું છું. Moment = ( distance × weight ) ને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂવો (દૂરતા × વજન). દૂવાનો સામાન્ય અર્થ—કોઈક વસ્તુમાં રહેલો કસ અથવા મસાલો થાય છે. ઉચ્ચાલનયંત્રમાં વજન અને અંતરના ગુણાકારમાં એની કાર્યશક્તિનો દૂવો રહેલો છે. એમાંનો 'દૂ' અક્ષર દૂરતાસૂચક છે, અને 'વો' વજનસૂચક છે. સાંકળની એકે એક છુટી કડીને પણ દૂવો કહે છે. દરેક દૂવાની શક્તિમાં સાંકળની શક્તિનું માપ રહેલું છે.

**Momentum, વગ, વોગ, ઓઘ** [કિ.ઘ.]

**નવજીવન,** શિક્ષણ અને સાહિત્ય, "કેટલાક પારિભાષિક શબ્દો". Momentum (Force or weight × velocity) માટે વગ, વોગ અથવા ઓઘ શબ્દ યોજવા સારા થશે. એ શબ્દની રચના, અહિં તો વજન કે બળવાચક 'વ' અથવા 'વો' અને ગતિવાચક 'ગ' માંથી થાય. એ રીતે વગ કે વોગ શબ્દ બને; અને ઊલટી વરાડી પદ્ધતિએ 'વોગ' નો 'ઓઘ' પણ થાય. (વરાડમાં 'ઉ' નો 'વ' અને 'ઓ' નો 'વો' બોલાય છે. દા. ત. ઓટો–વોટો, ઓલે–વોલે ઇત્યાદિ) 'વગ' તથા 'ઓઘ' ભાષાના પ્રચલિત શબ્દો પણ છે, અને એમાં રહેલો ભાવ Momentum શબ્દમાં પણ રહ્યો છે.

**Momentum of vibration, કમ્પસંતાનસંસ્કાર** [પો. ગો.]

વિ. વિ. ૧૪૫: શબ્દસંતાન—Sound-waves ની કલ્પના અને વિચિત રંગ–પાણીનાં મોજાં સાથેનું સામ્ય અને શબ્દના તારમન્દાદિ ભેદ (Pitch) તીવ્રમન્દાદિ ભેદ (intensity) અને સાધારણ ધર્મ (quality) એ સંબંધી નિરૂપણ, અને કમ્પસંતાનસંસ્કાર m. o. v. ની નિર્બળતાની સાથે ધ્વનિની થતી નિર્બળતા અને લયની સમજુતી, **સાર**ંગદેવનાં સંગીતરત્નાકર અને **દામોદર**નાં સંગીતદર્પણ જેવાં પુસ્તકો ઉપરથી, પ્રાચીન હિન્દુઓની આ વિષયના જ્ઞાનની સમૃદ્ધિનો ખ્યાલ આવે છે.

**Monotony, તદેવતા** [બ. ક.]

આ. ક. સ. ૮૯: તેમ પંક્તિના ચારે ગણ ગાગા, એવી વધારે પંક્તિઓ આવે તો મઝા ઘટે. તદેવતા (મોનોટોની m.) એટલે એને એ (तत् + एव + ता) આવ્યા કરે, તેથી ન કંટાળનાર થોડા.

**Mood,** (*Logic*) **આકૃતિ** [રા. વિ.]

**વસંત** રજતમહોત્સવ સ્મારક ગ્રંથ, ૧૦૩: પશ્ચિમમાં **એરિસ્ટોટલે** અનુમાનના જે ગણો અને આકૃતિઓ (figures and moods) બતાવેલાં છે, અને તેની ચર્ચામાં જે નિયમો નક્કી કરેલા છે, તે દષ્ટિએ પરાર્થાનુમાનના નિયમો કયા કયા છે અને તેને ઉપકારક વ્યાપારો કયા કયા સ્વીકારવા એ આ નિબંધનો વિષય છે.

**Morbid, રોગાવિષ્ટ** [ન. ભો.]

વ. ૨૯, ૧૪૫: હું ધારૂં છું આ વાર્તાલેખકના આ વિધાનનું લક્ષ્ય સૂક્ષ્મ પ્રેમ ના હોઇ માત્ર morbid sentimentality રોગાવિષ્ટ, નિર્બળ, લાગણીની પરવશતા જ હશે.

**Mother tongue,** ૧. **માતૃભાષા** [અજ્ઞાત]

૨. **માદરીજબાં** [બ. ક.]

ક. શિ. ૧: જે પ્રજાઓમાં કેળવણી ઊંચામાં ઊંચા પગથિયા સુધી માદરીજબાંમાં અપાય છે, ત્યાં નિબંધલેખન, પદ્યરચના, અલંકાર, ટૂંકી વાર્તા નવલ નાટક કાવ્યાદિમાં વસ્તુસંકલના, શૈલી અને વિષયના સંવાદ, વિસંવાદ, પાત્ર વસ્તુ અને વાતાવરણના સંબંધ, સાહિત્યનાં વિશિષ્ટ સ્વરૂપોનાં લક્ષણ, એ દરેક રૂપના ઐતિહાસિક ઉદયાસ્ત, વગેરે ઘણું ઘણું સ્વભાષાની ઉત્તમ મધ્યમ કૃતિઓને પદાર્થપાઠની જગાએ રાખીને, શાસ્ત્રીય પૃથક્કરણના વિષય બનાવીને, તેમ સાથે સાથે શિષ્યને પોતાને મનોયત્નો આપી આપીને, અને દરેક ન્હાના મોટા નિર્ણયનાં કારણો તેની બુદ્ધિ આગળ અનેકાનેક ધરીને, શીખવવામાં આવે છે.

૩. **માઇભાષા** [બ. ક.]

અં. ૭૯: માઈભાષાને મારી નાખીને તેની જગા લે એમ નહીં; તેની સંપૂર્તિ લેખે આન્તરરાષ્ટ્રીય (international ઈન્ટર્નેશનલ) જેવા વ્યવહારો માટે પ્રવર્તે તે 'સમાનભાષા'.

**Motor nerve, પ્રેરક તંતુ** [પો. ગો.]

વિ. વિ. ૨૯૩: જુઓ પૂર્તિમાં Sensory nerve.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Multiple,** ગુણક [પો. ગો. વિ. વિ. ૧૯૯]

**Lowest common multiple,**

૧. **લઘુતમ સાધારણ ભાજ્ય** [અજ્ઞાત]

વ. ૨૮, ૪૩૮, જુઓ નીચે અંક ૫ નું અવતરણ.

૨. **નિઃશેષ લઘુતમ સાધારણ ભાજ્ય** [અજ્ઞાત]

વ. ૨૮, ૪૩૮.

૩. **લઘુતમ સાધારણ અવયવી** [અજ્ઞાત]

વ. ૨૮, ૪૩૮.

૪. **લઘુતમ** [અજ્ઞાત]

વ. ૨૮, ૪૩૯.

૫. **દૃઢભાજ્ય** [ચુનીલાલ બેચરલાલ ભટ્ટ]

વ. ૨૮,૪૩૯: ગુજરાતમાં સરકારે શાળાઓ ઉઘાડી તે પહેલાંની પંડયાની શાળાઓમાં લીલાવતી ગ્રંથ અંકગણિતના શિક્ષણ માટે ચાલતો હતો. આ ગ્રંથમાં દૃઢભાજક છે, પરંતુ આજે જે લઘુતમ સાધારણ ભાજ્ય કે લઘુતમ સાધારણ અવયવી કહેવાય છે તે નથી. એટલે પંડયાની નિશાળના વિદ્યાર્થીઓ તે ભણતા નહિ. પરંતુ સરકારી ઉઘડેલી શાળાઓ માટે અંકગણિત અંગ્રેજી ઉપરથી તૈયાર થયું. તેથી તેમાં ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓ માટે Greatest Common Measure અને Lowest Common Multiple માટે અનુક્રમે દૃઢભાજક અને લઘુતમ સાધારણ ભાજ્ય શબ્દો આવ્યા. પાછળથી જણાયું કે હરકોઇ સંખ્યા—જે નિઃશેષ ન ભાગી શકાય તે પણ—ભાજ્ય હોઇ શકે, પરંતુ multiple તો હંમેશાં નિઃશેષ ભાગી શકાય તેવી સંખ્યા છે. એટલે કેટલાંક નવાં થતાં અંકગણિતોમાં લઘુતમ સાધારણ ભાજ્યને બદલે નિઃશેષ લઘુતમ સાધારણ ભાજ્ય અથવા લઘુતમ સાધારણ અવયવી શબ્દ દાખલ થયો. વિશેષમાં નાના છોકરાને સહેલાઇથી બન્ને રીતોનો ભેદ સ્પષ્ટ કરાવી શકાય તે માટે દૃઢભાજકને બદલે ગુરુતમ સાધારણ અવયવ પણ આવ્યો.

આ બન્ને નવા દાખલ થતા પારિભાષિક શબ્દોમાં દોષ એ છે કે તે બહુ લાંબા હોવાથી બોલતી વખતે પ્રચારમાં લઘુતમ અને ગુરુતમ એમ વપરાય છે. આ વાપરવું ખોટું છે. પરંતુ કાળે કરીને તે ખોટો રૂઢ થઈ જાય જ. આથી કરીને શિક્ષણશાસ્ત્રીઓ અને ભાષાશાસ્ત્રીઓ પારિભાષિક શબ્દો જેમ બને તેમ ટુંકા અને અર્થસૂચક રાખવા આગ્રહ કરે છે. અંગ્રેજીમાં તો ટુંકા રૂપ G. C. M. અને L. C. M. પ્રચલિત છે. પરંતુ ગુજરાતી ભાષામાં તેવાં ટુંકા રૂપ પ્રચલિત આજસુધીમાં થયાં નથી અને જો તેવાં ટુંકા રૂપ બનાવી પ્રચલિત કરવા જઇએ તો તે નિ. લ. સા. ભા. અથવા લ. સા. અ. અને ગુ. સા. અ. થાય. આ બન્ને ટુંકાં રૂપોમાં અ. અવયવી તેમ અવયવ એમ બન્નેને માટે ચલાવવો પડે. આ કરતાં જો શબ્દો જ ટુંકા અને પૂર્ણ અર્થસૂચક હોય તો વધારે સારું એમ વિચારી હું દૃઢભાજક અને દૃઢભાજ્ય શબ્દો સૂચવું છું. બન્ને ટુંકા છે અને અર્થસૂચક છે.

दृढभाजकः = दृढप्रापकः भाजकः

= દૃઢ સંખ્યા પ્રાપ્ત કરાવનાર ભાજક.

दृढभाज्यः = दृढप्रापकः भाज्यः

= દૃઢ સંખ્યા પ્રાપ્ત કરાવનાર ભાજ્ય.

લીલાવતીમાં કુટ્ટક પ્રકરણમાં ભાસ્કરાચાર્યે જણાવેલું છે કે “ જે સંખ્યાઓ વચ્ચે સાધારણ અવયવ ન હોય તે દૃઢ સંખ્યા છે.” તેથી શોધી કાઢેલ દૃઢભાજક કે દૃઢભાજ્ય એવો છે કે તેનો આપેલી સંખ્યા સાથેનો સંબંધ સ્પષ્ટ કરતાં આપણને દૃઢ સંખ્યા પ્રાપ્ત થાય છે. જેમકે ૧૪, ૧૮ અને ૭૦ નો દૃઢભાજક અને દૃઢભાજ્ય અનુક્રમે ૨ અને ૬૩૦ છે. દૃઢભાજ્યનો આપેલી મૂળ સંખ્યાઓ સાથેનો સંબંધ સ્પષ્ટ કરતાં ૪૫, ૩૫ અને ૯ દૃઢ સંખ્યાઓ પ્રાપ્ત થઈ છે, તે ત્રણે સંખ્યાઓમાં પણ કોઈ સાધારણ અવયવ નથી. આમ આ બન્ને શબ્દો પૂરેપૂરા અર્થસૂચક અને ટુંકા છે. વળી વિદ્યાર્થીઓ ભાગાકાર શીખતી વખતે ભાજ્ય અને ભાજક શબ્દો શીખેલા હોવાથી દૃઢભાજ્ય અને દૃઢભાજકનો આપેલી સંખ્યાઓ સાથે ભાજ્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ભાજકનો સંબંધ છે એ સ્હેલાઈથી સમજી શકે તેમ છે. વળી દૃઢભાજક શબ્દ નવો નથી પરંતુ ફક્ત દૃઢભાજ્ય જ નવો પ્રચલિત કરવાનો છે. વિશેષમાં આ શબ્દો એવા છે કે એનો ઉપયોગ બીજગણિતમાં પણ થઈ શકશે.

આ કારણો ઉપરથી દરેક શિક્ષક અને અંકગણિતના લેખકને સ્પષ્ટ થશે કે નિઃશેષ લઘુતમ સાધારણ ભાજ્ય કે લઘુતમ સાધારણ અવયવીને બદલે દૃઢભાજ્ય અને ગુરુતમ સાધારણ અવયવને બદલે દૃઢભાજક શબ્દો પારિભાષિક શબ્દો તરીકે સ્વીકારવા વધુ યોગ્ય છે.

**Mysticism, યોગદર્શન** [ વિ. ક. ]

કૌ. ૧૯૩૨, એપ્રિલ, ૩૩૯: દરમિયાન 'લીગસી ઑફ ઈસ્લામ'માંથી આ નાની હકીકત ટપકાવી રાખવા જેવી છે, કે મૂરો માર્ફત સુરીવાદે યુરોપી યોગદર્શન ('મિસ્ટિસિઝમ') પર મધ્યકાલમાં પાડેલ પ્રભાવ ત્યાં હજીય મોજૂદ છે.

# N

**National,**

**National consciousness, પ્રજાસ્મિતા** [બ. ક.]

અં. ૫૧. જુઓ Nationalism. (કોશ પૃ. ૧૨૯)

**Naturalism,** ૧. **પ્રકૃતિકારણવાદ** [ન. દે.]

સુ. શા. ૧૧: જુઓ Materialism (પૂર્તિમાં).

૨. **વિશ્વપૂજનવાદ** [વિ. ક.]

કૌ. ૧૯૩૧, એપ્રિલ, ૨૬૧: આ મનોદશામાંથી, ઋગ્વેદના પ્રત્નયુગ તથા મધ્યયુગમાં તેણે વિશ્વપૂજનવાદ ('નેચરેલીઝમ') અને પછી બહુદેવવાદ ('પોલીથીઝમ') ખીલવ્યો હોવાનું અનુમાન કરી શકાય છે.

**Negation, નાસ્તિપક્ષ** [ન. ભો.]

અ. ક. ૨૭૩: જુઓ પૂર્તિમાં Affirmation.

**Negative,** ૧. **ઋણ** [અજ્ઞાત]

૨. **અપસવ્ય** [કિ. ધ]

**નવજીવન**, શિક્ષણ અને સાહિત્ય, "કેટલાક પારિભાષિક શબ્દો": આ જ સંબંધમાં તેમ જ બીજી અનેક જગ્યાએ Positive, negative શબ્દો વાપરવા પડે છે. એને માટે અનુક્રમે 'સવ્ય' 'અપસવ્ય' શબ્દો સૂચવું છું. સવ્ય-ઘડીયાળની દિશા માટે, અપસવ્ય-ઘડીયાળથી ઊલટી દિશા માટે. આ રીતે The positive and the negative momentums are equal તે માટે 'સવ્ય અને અપસવ્ય દૂવા સરખા હોવા જોઇએ' એમ બોલાય. તે જ રીતે ડાબીથી જમણી તરફ સવ્ય, નીચેથી ઉપર સવ્ય, એથી ઊલટું અપસવ્ય.

**Negative form, નઞાકૃતિ** [બ.ક.]

આ. ક. સ. ૨૨: મંત્રદ્રષ્ટા કહે છે--સ્વદેશી. સેનાપતિ આની નઞાકૃતિ (નેગેટીવ ફોર્મ n. f.) પકડીને વટહુકમ છોડે છે--બહિષ્કાર.

**Neophyte, નવધર્મી** [મો. ક.]

આ. ક. ૧, ૯૭: જે નવો ધર્મ સ્વીકારે છે તેની તે ધર્મના પ્રચારને લગતી ધગશ તે ધર્મમાં જન્મેલાના કરતાં વધારે જોવામાં આવે છે. અન્નાહાર એ વિલાયતમાં તો નવો જ ધર્મ હતો અને મારે સારુ પણ એમ જ ગણાય. કેમકે બુદ્ધિથી તો હું માંસાહારનો હિમાયતી થયા પછી વિલાયત ગયો હતો. અન્નાહારની નીતિનો જ્ઞાનપૂર્વક સ્વીકાર તો મેં વિલાયતમાં જ કર્યો, એટલે મારે સારુ નવા ધર્મમાં પ્રવેશ કર્યા જેવું થયું હતું. નવધર્મીની ધગશ મારામાં આવી હતી.

**Nervous, આશુક્ષોભ** [વિ. મ.]

પ્રેમનો દંભ, ૩: ત્રીજે બેસારુ કોઇની સાથે ન ભળતાં એક કોર સાવ એકલો બેઠો હતો. તે બાંધી દડીનો હતો, અતીવ આશુ-

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષોભ (n.)–બહુ આવેશમય-જણાતો હતો, ને તેની ઉંમર કળાતી ન હતી.

**Nervous system,** ૧. **જ્ઞાનતંતુ-સંસ્થાન** [પો. ગો.]

વિ. વિ. ૩૭૫.

૨. **જ્ઞાનતંતુવ્યવસ્થા** [કિ. ધ.]

જી. શો. ૧, ૧૪૩: તે જ પ્રમાણે મન એટલે મગજ નહિ, અથવા જ્ઞાનતંતુવ્યવસ્થા (n. s.) પણ નહિ, પણ એ સાધનો મારફત વ્યક્ત થતી કેટલીક વિશેષ શક્તિઓ કે ધર્મો છે.

**Newspaper,** ૧. **વર્તમાનપત્ર** [મ.રૂ.]

ચે. દ્રા. ચ. ૬૪: ફ્રાંકલિનને ચાકરી કરતાં આશરે ત્રણ વર્ષ થયાં, ત્યારે એટલે સ૦ ૧૭૨૧ માં એના ભાઈએ ન્યુ ઈંગ્લંડ કૌરેંટ નામે વર્તમાનપત્ર છાપવાનું શરૂ કર્યું.

૨. **વૃત્તપત્ર** [અજ્ઞાત]

**Non-resistance, અપ્રતિરોધ** [બ.ક.]

યુ. સ્ટે. ૪૩: ક્વેકરો વ્હેપારમાં પડયા અને તેમાં ફાવતા ગયા તેમ સમાજ રાજ્યનાં બંધનોનો અનાદર કરવાનું ભૂલી ગયા. વળી તેમના અપ્રતિરોધ (n. r. નોન–રિઝિસ્ટન્સ) અર્થાત્ હિંદી વિચારણાની પરિભાષામાં અહિંસાના સત્યાગ્રહ વા મતનું શાન્ત આજ્ઞાધીનતા (passive obedience પેસીવ ઓબીડિયન્સ)માં રૂપાન્તર થઇ ગયું, એટલે તો તેઓ રાજ્યકર્તાઓને ઉલટા પ્રિય થઈ પડયા.

**Normative, વ્યવસ્થાપક** [બ. ક.]

વ. ૨૮, ૩૬: જાણીતા દાખલાઓ સાથે નવાને મુકી સરખામણીઓ કરવી ભેદો જોવા અને તારતમ્ય વિચારવાં, એ વિવેચનાની પ્રિય પદ્ધતિ છે, આમ કરતાં કરતાં કલામીમાંસા, રસશાસ્ત્ર અને વાઙ્મયને લગતાં વર્ણનપ્રધાન અને વ્યવસ્થાપક (n.) વિજ્ઞાનો બંધાય છે.

**Notation,** ૧. **સંગીતલેખન** [ગ. ગો.]

ગા. વા. પા. ૧, ૧૨૧ (૨) ૩૦૮: જુઓ નીચે Staff notation.

૨. **સ્વરલિપિ** [અજ્ઞાત]

૩. **સંગીતલિપિ** [ન. ભો.]

રાસકુંજની સરિગમ, પ્રસ્તાવના: પાશ્ચાત્ય (n.) સંગીતલિપિ આપણા સંગીતને અનુકૂળ નથી.

૪. **અંકન, સ્વરાંકન** [નારાયણ મોરેશ્વર ખરે]

પ્ર. ૮, ૩૭૪ (૧): અત્યાર સુધી આવા ગીતોનું અંકન કરવાના પ્રયત્નો બે ચાર વ્યક્તિઓએ કર્યા છે. "અંકન" એટલે N. ગીતોની લયબદ્ધ સારેગમ તે. (૨) આજકાલ જૂની પરંપરાના ઘણા સંગીતકુશળ વિદ્વાનો માની બેઠા છે કે ગીતોનું યથાતથ N. (સ્વરાંકન) થતું નથી, થવાનું નથી.

**Expression notation, વિશેષ ક્રિયાલેખન** [ગ. ગો.]

ગા. વા. પા. ૧, ૧૨૯: સ્વર અને કાળ સિવાય જે કેટલીક ખાસ ક્રિયાઓ સ્વરને ઉચ્ચારવા કે વાદ્યમાંથી શબ્દ અથવા સ્વર પ્રકટ કરવા માટે કરવામાં આવે છે તેને વિશેષ ક્રિયાલેખન કહીશું. અંગ્રેજીમાં એને માટે એક્સ્પ્રેશન (E.) નોટેશન કહે છે. "એક્સ્પ્રેશન" એ શબ્દમાં અમુક સ્વર કે તેના સમૂહને મંદ, મહોટો અથવા બહુ જ મંદ કરવો કે કેમ એટલી જ બાબતનાં ચિહ્નોનો સમાવેશ કરવામાં આવે છે. પણ આપણે તેને બદલે જે "વિશેષ ક્રિયા" એવો જે શબ્દ વાપર્યો છે તેમાં તો સ્વરના મંદપણાનો, સ્પષ્ટ કે પ્રકાશિતપણાનો અને તે ઉપરાંત આપણે બીજી અનેક બાબતોનો સમાવેશ કરીશું.

**Staff-stave-notation, રેષાબિંદુલિપિ** [ગ. ગો.]

ગા. વા. પા. ૧, ૩૯૮: અંગ્રેજીમાં નોટેશનની બે પદ્ધતિઓ ચાલુ છે. તેમાંની એકને સ્ટાફ (Staff) નોટેશન પદ્ધતિ કહે છે અને બીજીને ટોનિક સોલ્ફા (Tonic solfa) નોટેશન પદ્ધતિ કહે છે. સ્ટાફ નોટેશનને આપણે રેષાબિંદુલિપિ કહીશું અને ટોનિક સોલ્ફાને **સ્વરાક્ષરલિપિ** કહીશું. સ્ટાફ નોટેશનને સ્ટેવ (Stave) નોટેશન પણ કહે છે. આ પદ્ધતિ ઘણી જૂની છે. એમાં અમુક લીટી કે ખાનામાં મીંડું મુકીએ તો અમુક સ્વર ગણાય છે, અને તે મીંડાને કાળના ચિહ્નથી અંકિત કરી સ્વર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કાળનું બંધારણ નક્કી કરી **સંગીત-લેખન** કેવી રીતે કરવું તે વિષે સમજાવવામાં આવેલું છે.

**Tonic solfa notation, સ્વરાક્ષરલિપિ** [ગ. ગો.]

ગાં. વા. પા. ૩૦૮: જુઓ ઉપર Staff notation.

**Notochord, આદિપૃષ્ઠવંશ** [સયાજી સાહિત્યમાળા]

ગર્ભની કથા, ૧૪: આ 'મજ્જાનળી' માંથી મગજ અને જ્ઞાનતંતુ બનવાના છે, એમાં એવી એક નળી અને (N. c.) 'આદિ પૃષ્ઠવંશ' એટલે જેમાંથી હાડપિંજર બનવાનું છે એવી એક નળી આવી જાય છે.

**Noun,**

**Collective noun, ૧. જથ્થાવાચક નામ** [અજ્ઞાત]

**૨. સમૂહવાચક નામ** [ક. પ્રા.]

મ. વ્યા. ૨૬: કેટલાંક નામ આખા સમૂહને જ લાગુ પડે છે.—લશ્કર, કાફલો, વણજાર, ફોજ, સેના, ટોળું, મેદની, પ્રજા, સમૂહ વગેરે એવાં નામ છે.—સમૂહની છૂટી છૂટી વ્યક્તિઓને એ શબ્દ લાગુ પડતો નથી એટલો જાતિવાચક નામ અને સમૂહવાચક નામમાં ફેર છે.

**Common noun, ૧. સામાન્ય નામ** [અજ્ઞાત]

**૨. જાતિવાચક નામ** [ક. પ્રા.]

મ. વ્યા. ૨૬: જાતિવાચક નામ એટલે જે નામ આખા વર્ગને તેમજ તે વર્ગની દરેક વ્યક્તિને–દરેક છૂટા પદાર્થને લાગુ પડે છે તે.

**Material noun, ૧. પદાર્થવાચક નામ** [અજ્ઞાત]

**૨. દ્રવ્યવાચક નામ** [ક. પ્રા.]

મ. વ્યા. ૨૭: ધાતુનાં નામ, અનાજનાં નામ, અને ઘી, ગોળ જેવા પદાર્થનાં નામ આ વર્ગમાં આવે છે.—દ્રવ્યવાચક નામ જાતિવાચક નામના વર્ગમાં આવે છે.

**Proper noun, ૧. વિશેષ નામ** [અજ્ઞાત]

**૨. સંજ્ઞાવાચક નામ** [ક. પ્રા.]

મ. વ્યા. ૨૫: એકજ પદાર્થને કે વ્યક્તિને આપણી ઇચ્છાનુસારે ઓપેલાં આવાં નામ સંજ્ઞાવાચક નામ કહેવાય છે. સંજ્ઞા એટલે આપણી ઈચ્છા પ્રમાણે આપેલું નામ.

# O

**Obsession, ગ્રહ** [ રા. વિ. ]

પ્ર. ૧૨, ૨૧૧: પણ ઘણીવાર લેખકના સ્પષ્ટ ઉદ્દેશ વિના લેખકનાં મંતવ્યો નહિ પણ તેના ગ્રહો (oo.) કલામાં ઘૂસી જઈ કલાને બગાડે છે અને કલાના સ્વૈર ઉડ્ડયનને અટકાવે છે એમ પણ બને છે.

**Obsolete, કાલગ્રસ્ત** [ બ. ક. ]

પુસ્તકાલય, ૧૯૩૧, જૂન. ૨૫૫: કોશ "રૂઢ" શબ્દોનો જ સંગ્રહ, એ વ્યાખ્યા પર્યાપ્ત હોય, તો કોશોમાં કાલગ્રસ્ત ( o. ) શબ્દોનો આખો વર્ગ અસ્થાને છે.

**Oceanography, સમુદ્રશાસ્ત્ર** [ 'ડૉ. શિવસુત' ]

કૌ. ૫, ૩, ૬૬૨: તેમણે મને અને ઢ...ને તેમ જ પ્રોફેસર—જેઓ મદ્રાસની પ્રેસીડન્સી કોલેજમાં અને અત્રે સમુદ્રશાસ્ત્ર (O.) નો અભ્યાસ કરે છે, તેઓને તેમને ઘેર નાતાલના દિવસ ગુજારવા નોતર્યા હતા.

**Oilpainting, તૈલચિત્ર** [અજ્ઞાત]

**Orchestra, વાદ્યમંડળ** [ન. ભો.]

અ. ક. ૫૧: ઉપરની સરખામણીમાંથી કેટલીક આધુનિક રંગભૂમિની સંસ્થા વિષે સહજ વિચાર આવશે. પ્રાચીન Chorus ની જગા લુપ્ત થઈ છે; અને પાશ્ચાત્ય નાટકમાં (Opera બાદ કરતાં) સંગીત નાટકથી તદ્દન જુદું જ પડી માત્ર એક અંક પૂરો થઇ બીજો શરૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતાં પ્હેલા વચમાં વાદ્યમંડળ (O.) નું સંગીત દાખલ થયું છે.

**Ordinal, સંખ્યાક્રમપૂરક** [ક. પ્રા.]

મ. વ્યા. ૭૨: સંખ્યાક્રમપૂરક સંખ્યાનો ક્રમ પૂરનારા છે. દાખલાઃ--પહેલું, બીજું, ત્રીજું, ચોથું, ઈત્યાદિ.

**Organism, પિંડ, ક્ષેત્ર** [ન. દે.]

સુ. શા. (૧) ૬ (૨) ૩: મનુષ્ય પ્રાણી તેના મિશ્ર સ્વરૂપમાં આપણા જોવામાં આવે છે, અને તેમાં ત્રણ મુખ્ય અંશો રહેલા છેઃ--(૧) સ્થૂલ દેહ, (૨) સૂક્ષ્મ દેહ અથવા જ્ઞાન ક્રિયાનું સાધન અને (૩) ક્ષેત્રજ્ઞ અથવા અધ્યક્ષ ચેતન. પહેલા બે અંશોને આપણા પ્રાચીનો 'ક્ષેત્ર' નામ આપે છે. (૩) કોષ. ૧૧: ક્ષેત્ર (O.)—શરીર, જેમાં સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહનો સમાસ થાય છે.

**Originality, અપૂર્વતા** [ન. ભો.]

અ. ક. ૧૩-૪: જુઓ પૂર્તિમાં Conception.

**Orthodox, પુરાણમતવાદી** [મરાઠી ઉપરથી—વિ. ક.]

કો. ૪, ૩, ૯૯: તાજેતરમાં વાંચેલા કેટલાક વધુ ઓછા ઉપયોગી પારિભાષિક શબ્દોઃ...--'ઓર્થોડૉક્સ' ને 'રીફોર્મર' માટે રા. કેળકર એક લેખમાં 'પુરાણમતવાદી' ને 'સુધારણામતવાદી' વાપરે છે. આમાંનો ખાસ કરીને પહેલો, 'જુના વિચારવાળા' આપણા લુખાસુકા શબ્દો કરતાં વધુ સંસ્કારયુક્ત છે, સરળ પણ છે; તેને અપનાવવો જોઇએ.

**Overlined, ઉપરિરેખાંકિત** [ કિ. ધ. ]

પ્ર. ૧૨, ૨૫૨: જે શબ્દો રેખાંકિત કરવાના હોય, તેને **અધોરેખાંકિત** ( underlind ) કરવાને બદલે ઉપરિરેખાંકિત (o.) કર્યા હોય તોયે એ જ હેતુ સરે.

**Ovum, માતૃબીજ** [ન. દે.]

સુ. શા. ૭: જ્યાં સુધી પૌરૂષ રેતસથી અથવા બિંદુથી માતૃબીજ સગર્ભ બનતું નથી ત્યાં સુધી પૃથકપણે કંઇ પણ સર્જનકાર્ય થઈ શકતું નથી.

# P

**Palæontology, પ્રાચીનપ્રાણીવિદ્યા** [પો. ગો.]

વિ. વિ. ૯૯: વ્યક્તિની વૃદ્ધિ ઉપરાંત જાતિની વૃદ્ધિ અને વિકાસના અભ્યાસને માટે પ્રાણી માત્રનો પ્રાચીન ઇતિહાસ શિલાઓમાં રહેલા તેમના અવશેષો-fossils-ઉપરથી ઉપજાવી કાઢવામાં આવ્યો છે. આ વિદ્યાને પ્રાચીનપ્રાણીવિદ્યા (P.) કહે છે.

**Pancreas, અગ્ન્યાશય, સ્વાદુપિંડ** [ બાપાલાલ ગરબડદાસ શાહ ]

પ્ર. ૧૩, (૧) ૩૬: ઉદરમાં જમણી બાજૂએ આવેલા યકૃત્‌માંથી અને ડાબી બાજૂ ઉપર આવેલા અગ્ન્યાશય (પેંક્રિયાસ)માંથી અનુક્રમે જે રસો ઝરે છે તે આ ભાગમાં (ગ્રહણીમાં) ઠલવાય છે. (૨) ૩૯૮ સ્વાદુપિંડ (P.)

**Pancreatic juice, સ્વાદુરસ** [બાપાલાલ ગરબડદાસ શાહ ]

પ્ર. ૧૩, ૩૬: આ રસ સ્વાદુરસ (p. j.) સાથે મિશ્રિત થઇને નત્રિલ, સ્નેહ, શર્કરા વગેરે સર્વજાતના ખોરાકના પરિપાક-કાર્યમાં સહાયતા કરે છે.

**Paramount, સાર્વભૌમ** ['ઋષિબાળ']

ક્ષત્રિય, "રાજાઓ અને નવું બંધારણ", ૯: રાજાઓ અને રાજકુલોના હક્ક જાળવવા પૂરતી સાર્વભૌમ ( પેરેમાઉન્ટ p. ) સત્તા બ્રિટિશ ક્રાઉનને હસ્તક જ ચાલ્યા કરશે, અને ક્રાઉન વતી વાઈસરૉયો અને ગવર્નરો પોતાની જાતમુનસફી (ડિસ્ક્રેશન discretion) એ ભોગવશે; પણ આ એક જ અપવાદ શિવાયની સર્વોપરિ સત્તા ( સોવરન્ટિ sovereignty ) કુલકુલાં ફેડરેશનના બે પ્રતિનિધિમંડળો—એસેમ્બ્લી અને સેનેટના હાથમાં આવી જશે, અને તેનો વહીવટ તેમને જવાબદાર ( રિસ્પોન્સિબલ responsible ) પ્રધાન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમિતિ ( કેબિનેટ cabinet ) સમિતિ લેખે કરશે.

**Parole, વાક્સંમતિ, મોંકબુલી** [મરાઠી ઉપરથી–વિ. ક. ]

કૌ. ૧૯૩૨, **માર્ચ** ૨૫૫: 'પેરોલ'નું ગુજરાતી શું ? આ બાબતમાં ગુજરાતીઓ તો અંગ્રેજોના ચેલા જ લાગે છે ને ઘણાખરા બીજામાં પણ તેવા જ; એટલે અંગ્રેજી શબ્દને અપૂર્વ આંતરરાષ્ટ્રીય ભાવનાવડે પોતાનો માની લે છે. પણ આ વખતના 'કેસરી'માં એક ચર્ચાકારે ઝીણવટભરી ચર્ચા પછી સૂચવ્યું છે કે 'પેરોલ'=વાક્સંમતિ, મોંકબુલી, ને 'ઓનપેરોલ'=વિનાલેખ (લખાણ વિના મોંની કબુલી પર છોડી દે તે.)

**On Parole, વિનાલેખ** [ વિ, ક. ]
કૌ. ૧૯૩૨, **માર્ચ**, ૨૫૫: જુઓ ઉપર Parole.

**Party,**

**Party factiousness, પાક્ષિક અસ્મિતા** [બ. ક.]

અં. ૮૩: પાક્ષિક અસ્મિતા (p. f.) અને કોમી અસ્મિતા (communalism કમ્યુનાલિઝમ) એ વધારે પાશવબલોની ધક્કામુક્કીમાં પ્રાન્તિક અસ્મિતા બીચારીનું શું થવા બેઠું છે તે હાલ તો સમઝાય એમ પણ નથી.

**Passive,**

**Passive agent, નિષ્ક્રિય વિધેય** [દ. બા.]

દ. મૂ. ૧૯૩૧, ફેબ્રુ૦. ૩૪૨: અને વિદ્યાર્થી એવો p. a. (નિષ્ક્રિય વિધેય) કોઇ કાળે હોતો જ નથી કે આપેલું પોતાની ઢબે ગળી જ જાય.

**Penal Code, અપરાધશાસનશાસ્ત્ર** [ન. ભો.]

અ. ક. ૮૪: રાજ્યના પીનલ કોડ (અપરાધશાસનશાસ્ત્ર) ની એક કલમ પ્રમાણે **ચીન**ના પ્રત્યેક નાટકકાર ઉપર સદાચાર પર ઉદ્દેશ રાખવાની ફરજ રખાય છે.

**Perceptual,**

**Perceptual space, દિક્** [પ્રા વિ.]
ખાનગી કાગળ, તા. ૧૯–૬–૩૧.

**Perceptual time, કાળ** [પ્રા.વિ.]
ખાનગી કાગળ, તા. ૧૯–૬–૩૧.

**Phonetic, વાગ્બિમ્બક** [બ. ક.]

પુસ્તકાલય, **ઓક્ટોબર**, ૧૯૩૧, ૫૪૭: અંગ્રેજી જેવી મહાસમર્થ સૈકાઓથી ખેડાતી અતિ સુસંપન્ન દુનિયાના ખંડેખંડમાં ફેલાયલી ભાષાની લિપિ છેક અપૂર્ણ અને સદોષ છે એવી લિપિમાં વાગ્બિમ્બક (h.) લખાણ અશક્ય છે.

**Piano, *(Music)* મંદ** [ગ. ગો.]

ગા. વા. પા. ૧, ૧૩૩ જુઓ Mezzo (કોશ, ઉત્તરાર્ધ, ૧૧૯)

**Pianissimi, અતિમંદ** [ગ. ગો.]
ગા. વા. પા. ૧, ૧૩૪.

**Poetic,**

**Poetic diction, કવિતોચિત પદાવલી** [બ. ક.]

આ. ક. સ. ૧૫–૬: જુઓ Rhetoric.

૨. *(In a bad sense)* **કવિતાભાસી—કવિત્વાભાસી—પદાવલી** [બ. ક.]

આ. ક. સ. (૧) ૧૫–૬: જુઓ Rhetoric. (૨) ૨૦: અર્થગર્ભ નહીં એવી કવિત્વાભાસી પદાવલી (પોયેટિક ડિકશન), વાગ્ડમ્બર, (ઉતરતી પ્રતિનું હેટારક rhetoric) અનુચિત અલંકરણો, પ્રકાશ બલ અને પ્રસાદ છૂટા છૂટા શબ્દ કે શબ્દજૂથ કે લયખંડ કે બે ચાર પંક્તિમાં જરા ચમકે પણ કૃતિને સમગ્રે લેતાં તેનો અભાવ અથવા બાધક દોષ –દોષોની પ્રધાનતા, વગેરે બાબતોને આ "ભાષાબલિહારી" ટીકા સ્પર્શે છે.

**Policy, જીવનનીતિ** [ન્હા. દ.]

ઉદ્બોધન, ૧૦૩: પણ એ દ્વિમુખી P. જીવનનીતિથી આત્માની કોર અખંડ રહેતી નથી.

**Political economy, અર્થનીતિ** [દ. બા.]

નવજીવન, શિક્ષણ અને સાહિત્ય'તા ૩૦-૮-૩૧ ૨૦: 'પોલિટિકલ ઇકોનોમી' એ શાસ્ત્ર જ નવું છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે એ નવી ઢબે આપણે શીખવા લાગ્યા છીએ. એને માટે આપણે 'અર્થશાસ્ત્ર' શબ્દ વાપરતા હતા, પણ ચાણક્યનું 'અર્થશાસ્ત્ર' હાથ આવ્યું અને એ શબ્દ 'ઇકોનોમિક્સ'ના અર્થમાં વાપરવો એ અનર્થ છે એ આપણે જોયું. ચાણક્યના એ જ ગ્રંથમાંથી આપણને શબ્દ જડયો: વાર્તા. વાર્તા એટલે વૃત્તિનું શાસ્ત્ર, આજીવિકાનું શાસ્ત્ર, વેપારીઓ અને ધંધાદારી કઈ રીતે કમાણી કરે એ બતાવનારું શાસ્ત્ર. એટલે એ શબ્દ પણ બંધબેસતો નથી જ. આખરે આપણે 'સંપત્તિશાસ્ત્ર' પર આવ્યા.

પણ કેટલાક શબ્દોની આપણે નવેસર યોજના કરી શકીએ એમ છીએ. સમાજવિદ્યાની દૃષ્ટિએ મનુષ્યજીવન કેવું હોવું જોઈએ એ બતાવનાર શાસ્ત્ર તે ધર્મનીતિ; પ્રજાને અંકુશમાં કેમ રખાય, રાજ્ય કેમ ચલાવાય એનું વિજ્ઞાન ને દંડનીતિ; રાજ્યમાં સામાજિક હિતને અર્થે ધનનો સંચય કેમ કરવો અને તે કેમ વાપરવું એનું રહસ્ય બતાવનાર વિદ્યા તે અર્થનીતિ; એવી રીતે આપણા શબ્દની યોજના કરીએ તો 'પોલિટિકલ ઇકોનોમી'ના અર્થમાં અર્થનીતિ શબ્દ જરૂર વાપરી શકાય. અર્થ એટલે સમાજપુરુષની સંપત્તિ; એ વિશેની જે સામાજિક કે રાજકીય નીતિ તે અર્થનીતિ; એ ભાવ સહેજે ગ્રહણ થાય એવો છે.

**Porosity, છિદ્રમયતા, સૌષિર્ય** [પો.ગો.]

વિ. વિ. ૧૪૧: જુઓ પૂર્તિમાં Viscosity.

**Possessiveness, પરિગ્રહવૃત્તિ** [પ્રા. વિ.]

કૌ. ૫, ૩, ૮૪૦: પ્રદર્શનમાં બાળકની દૃષ્ટિએ એક ઓરડામાં ગોઠવણી કરવામાં આવી હતી. બાળકને ઘરમાં અમુક સગવડ મળે એ ઠીક વાત છે, પરંતુ તેને માટે બધી જ ચીજો નાના માપની કરી જુદી રખાય તેથી કંઈ બાળકના મનનો વિકાસ તુરત થઇ જાય એ સંભવિત નથી. ઉલટું તેમની માલીકીની ચીજો વધારે સંખ્યામાં આપવાથી બાળકોમાં કદાચ ખોટી અહંતા આવે, અને પરિણામે ચીજો તરફની લાલચ કે પરિગ્રહવૃત્તિ (p.) વધે એ બનવાજોગ છે. બાળકોને આપણે કંઇ ભવિષ્યમાં બાવા બનાવવા નથી એ ખરૂં, પણ તેથી ઉલટું આપણે તેમની જરૂરીઆતો વધારી માત્ર દુનિયાની ચીજોમાં જ તેમનું મન રચ્યું પચ્યું રહે તેવા કરવાની પણ જરૂર નથી. યુરોપમાં possessive instinct પરિગ્રહવૃત્તિ બહુ છે, તેથી જ તેણે આખી દુનિયા ઉપર કોઇને કોઈ રીતે આક્રમણ કર્યું છે.

**Primordial, અસ્લુસૂલ** [બ. ક.]

આ. ક. સ. (૧) ૨૩ (૨) ૧૪૮: નર્મદ અવતર્યો અસ્લુસૂલ (p. પ્રાઇમોર્ડિયલ) સુધારક, સાહસની જ મૂર્તિ, પોતે ઉઠયા ત્યાંથી સવાર એ મનોદશાવાળો.

**Problem, પ્રમેય** [ન. દે.]

સુ. શા. ૨૧: એક જ શાસ્ત્રના દૃષ્ટિબિંદુથી અભ્યાસ કરી નિષ્ણાત થનાર વિદ્વાન્ અને અનેક શાસ્ત્રના સંબંધનું ભાન રાખી તત્ત્વચિંતન કરનાર વિચારકમાં મોટો ભેદ એ છે કે, તત્ત્વચિંતક અન્ય શાસ્ત્રના પ્રમેયો ઉપર ઘણો પ્રકાશ નાખે છે અને જ્ઞાનગિરિનાં શિખરોને નવરંગી બનાવે છે; ત્યારે એક શાસ્ત્રનિપુણ વિદ્વાનના પાવડા અને કોદાળીઓ તે તે ગિરિની ગુફાઓમાં નિવાસ કરવા યોગ્ય ઉપયોગી કામ કરે છે.

**Protoplasm, પ્રાણરસ, સચેતનદ્રવ્ય** [ન. દે.]

સુ. શા. ૯: પશ્ચિમમાં પ્રવર્તતા ઉત્ક્રાન્તિવાદ પ્રમાણે ઘડાયેલા જીવવિદ્યાના સિદ્ધાન્તો જોતાં જણાય છે કે, દેહનું આરંભક દ્રવ્ય સકરણ અને મૃદુ ભાવવાળું હોય છે. તેવા દ્રવ્યને આપણે 'પ્રાણરસ' કે 'સચેતન દ્રવ્ય' (પ્રોટોપ્લેઝમ) એવું નામ આપીશું.

**Psychology, મનોધર્મવિદ્યા** [ન. દે.]

સુ. શા. ૬૦: મનોધર્મવિદ્યા અને તેના ભાવનામય પ્રદેશને લગતું પ્રકરણ સુપ્રજનનશાસ્ત્ર ઉપર મોટો પ્રકાશ નાખે છે.

**Puritan, ૧. નીતિરત** [બ. ક.]

અં. ૭૨: અગર જો કે જુવાનીનાં ભાવનાપ્રધાન વર્ષો દરમિયાન પણ આ વ્યવહારુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રિયાપ્યાસી નીતિરત (પ્યૂરિટન) જીવને શુદ્ધ સંગીત કે શુદ્ધ સાહિત્યની લગની કેટલી હશે તે કંઇ કહેવાય નહીં.

૨. **શુદ્ધાત્મવાદી** [વિ. ક.]

કૌ. ૧૯૩૧, **ઓગસ્ટ**, ૧૫૫: કેટલાક કલાકારોનાં જીવન તેમની કલા જેટલાં ઉન્નત નથી હોતાં, તેઓ 'કેવળ કળાકાર' બનવા ભણી વધુ દોરાય છે, એ દુર્ભાગ્યની શુદ્ધાત્મવાદી (આ શબ્દ **આપ્ટે**ને આધારે ("પ્યોરમાઈન્ડેડ= **शुद्धात्मा**) 'પ્યુરિટન' માટે ઘડયો છે. 'ચોખલિયા' આપણે ત્યાં પ્રચલિત થવા માંડયો છે તે સહેલો ને વધુ અસરકારક પણ ઓછો સંસ્કારી છે) દષ્ટિએ તેમાં મીમાંસા કરી છે.

૨. *(In a bad sense)* **ચોખલિયું** [ન્હા. દ.]

# Q

**Quarantine, સૂતક** [મો. ક.]

આ. ક. ૧, ૨૯૧: જો રસ્તામાં કોઇને ચેપી રોગ લાગુ પડયો હોય તો સ્ટીમરને સૂતકમાં–ક્વોરંટીનમાં–રાખે છે. અમે મુંબઈ છોડયું ત્યારે ત્યાં મરકી તો ચાલતી જ હતી. તેથી અમને કંઈક સૂતક નડવાનો તો ભય હતો જ.

**Quorum, અવરસંખ્યા** [દ. બા.]

**નવજીવન**, શિક્ષણ ને સાહિત્ય, ૬–૧૬–૩૧, ૪૭: સભાનિયંત્રણમાં કેટલાક **અંગ્રેજી** શબ્દો આપણને નડે છે. સભાસમિતિઓમાં ઓછામાં ઓછા અમુક સભ્યો હાજર હોય તો જ કામ ચાલી શકે એવો નિયમ હોય છે, એ કાર્યસાધક સંખ્યાને **અંગ્રેજી**માં 'કોરમ' કહે છે. આપણે ત્યાં એ 'કોરમ'ની કલ્પના હતી, ધર્મનિર્ણય માટે પરિષદ બોલાવે ત્યારે ઓછામાં ઓછા દસ સભ્યો તો જોઈએ જ એવો નિયમ હતો. એને 'દશાવરા પરિષદ્' કહેતા. એટલા ન મળે, અને અમુક યોગ્યતાવાળા ખાસ ત્રણ વિદ્વાનો મળે તો યે કામ ચલાવી શકાય એવી પણ વ્યવસ્થા હતી, એને 'ત્ર્યવરા પરિષદ્' કહેતા. એણે આપેલો ચુકાદો પરિષદનો માન્ય ચુકાદો ગણાતો.

**दशावरावा परिषदं यं धर्मं परिकल्पयेत् ।**
**त्र्यवरावापि वृत्तस्था तं धर्मन विचालयेत् ॥**

—**મનુસ્મૃતિ** અધ્યાય ૧૨, શ્લોક **૧૫૧**

એટલે આપણે 'કોરમ'ને માટે 'અવરસંખ્યા' એ જૂનો શબ્દ જરૂર વાપરીએ

# R

**Radical, ઉચ્છેદવાદી** [આ. બા.]

**વ**. ૩૦, ૩૮, જુઓ પૂર્તિમાં Conservative.

**Realisation—Realization,** ૧. **સાક્ષાત્કાર** [અજ્ઞાત]

૨. **પ્રત્યક્ષીકરણ** [બ. ક.]

લિ. **૧૧૩**: પરમાત્મા તે જીવન, તે અમૃત તત્ત્વ, તે સર્વસ્વ; ઉત્પત્તિ સ્થિતિ લયની તમામ સ્થૂલ લીલા કે માયા કે નામરૂપ વિભૂતિઓ એ અનન્ય તત્ત્વની; તેમ મૃત્યુ વિનાશ આદિ નામે ઓળખાતી સ્થિતિઓ અને ક્રિયાઓ ભ્રમણા માત્રઃ આ જ્ઞાન, દર્શન, પ્રત્યક્ષીકરણ (realization), તે જ અભય અધરા શાન્તિનો નિર્વિકલ્પ અનુભવ; અને સહજ ઉલ્લાસ, આનંદ, તે પણ એની સાથે સાથે લાવે:...

**Realistic, છબીરાગી** [બ. ક.]

આ. ક. સ. ૨૦: **નવજુવાનીમાં**, અમુક સંજોગોમાં, કે દેખાદેખી થોડી કવિતા તો ઘણાય સાહિત્યથી ટેવાયલા માણસ લખી શકે; અને ક્ષણિક કલ્પનાવ્યાપારપ્રેરિત નિખાલસ વિનમ્ર માણસની કવિતા છબીરાગી (રીયલિસ્ટિક r.) અને સારી પણ હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Reality, વાસ્તવ** [બ. ક.]

આ. ક. સ. ૧૩૯: પરન્તુ સારી બ્લેંડ બાહ્ય વાસ્તવ (ઑબ્જેક્ટિવ રીયાલિટી Objective reality) માં રાચતા કલ્પનાબલે જ રચાય.

**Reference book, ૧. સંદર્ભગ્રંથ** [વિ. ક.]

કૌ. ૧૯૩૨, એપ્રિલ ૩૪૧: ...... આ સર્વના ગ્રંથકારો પણ 'ગુજરાતના સર્વ વિદ્યમાન લેખકો'માંના જ કેટલાક બંધુઓ હોવાથી, મજકુર સંદર્ભગ્રંથનો ભાગ ત્રીજો આ વર્ષે તૈયાર કરતી વેળા હીરાલાલભાઇએ એ લોકોનાં પણ માબાપ ને બૈરીઓનાં નામથી માંડીને તેમની અમરકૃતિઓની યાદી સુધીની બધી ચરિત્રસામગ્રી પોતાની હમેશની ધીરજ અને ખંતથી મેળવવી તથા બેલાશક છાપી દેવી. (જુઓ Bibliography)

**૨. કોશગ્રંથ** [વિ. મ.]

**Reflection, પરાવર્તન** [પો. ગો.]

વિ. વિ. ૧૭૦: પ્રકાશવિદ્યા, પ્રકાશના પરાવર્તન અને **વક્રીભવન** (refraction) ના નિયમોનો તેણે અભ્યાસ કર્યો હતો.

**Reflector, પ્રતિફલક** [બ. ક.]

આ. ક. સ. ૧૬૪: હરિલાલ ધ્રુવ અને મણિલાલ દ્વિવેદીની આસપાસ પ્રકટેલા ઉપગ્રહો (સેટલાઇટસ Satelites) અને માત્ર પ્રતિફલકો (રિફ્લેક્ટર્સ rr.) ના સમૂહમાં નર્મદ-દલપતપેઢીમાં પેડેલી તે કરતાં અંગ્રેજી અસર વિશેષ આવી......

**Refraction, વક્રીભવન** [પો. ગો.]

વિ. વિ. ૧૭૦: જુઓ પૂર્તિમાં Reflection.

**Rehearsal, પૂર્વાભ્યાસ, પૂર્વપ્રયોગ** [ન. ભો.]

અ. ક. (૧) ૧૯૪: વિગન કેટલાક શિષ્યો જોડે એક નાટકના પ્રવેશનો પૂર્વાભ્યાસ (r.) કરતો હતો. (૨) ૨૬૨: આ ખરું છે; પરંતુ તે છતાં પણ, રંગભૂમિની સાથે જોડાયલાં બીજાં જોખમો છે:—નાટકના ખેલ વખતે પડદા પાછળ વ્યવહારનો પ્રસંગ નથી મળતો તે ઠીક, પરંતુ r. (પૂર્વપ્રયોગ) વખત તથા તે પછી સ્વાભાવિક રીતે પ્રસંગો ઉપસ્થિત થાય, તેમ જ અભિનયને અંગે જ શૃઙ્ગાર રસના પ્રયોગની અસર હૃદયવૃત્તિ ઉપર થયા વિના ના રહે.

**Relativity, સાપેક્ષતા** [પો. ગો.]

વિ. વિ. ૨૦૧: ગતિ, દિક્ અને કાળ એ બંનેથી સાપેક્ષ હોય છે-ટ્રેનની ગતિ પાટા નીચેની જમીન સ્થિર હોય તો જ દેખાય છે: આ સાપેક્ષતાનો સિદ્ધાન્ત પ્રાચીન સમયના તત્ત્વવેત્તાઓને અજ્ઞાત નહોતો.

**Relativity theory ઉપાધિવાદ, સાપેક્ષતાવાદ** [વ. ઓ.]

વ. ૩૦, ૬૯: માનસ દૃષ્ટિએ દેશ અને કાળ વચ્ચે ઘણો ભેદ છે. પણ ભૌતિક સાયન્સની દૃષ્ટિએ એ બે વચ્ચે તત્ત્વત: કાંઈ ભેદ નથી, બેમાંથી એકેનું સ્વતન્ત્ર અસ્તિત્વ નથી. એક જ નિરુપાધિક સ્વતન્ત્ર સત્નાં બે સ્વરૂપો (aspects) છે. એક સ્વતન્ત્ર મૂલભૂત સત્ છે, જેને "Space-Time" એટલે કે દેશ અને કાળનું અવિશ્લેષ્ય યુગલ (અર્થાત્ દ્વૈતાદ્વૈત, દ્વૈતમાં રહેલું અદ્વૈત) કહેવામાં આવે છે; એ, ચતુર્માન (લીટી, ચોરસ અને ઘન એમ દેશમાં ત્રણ માન અને તે ઉપરાંત ચોથું કાલનું માન એમ ચાર માનવાળું four-dimensional) અખંડ સત્ તે હાલમાં જગજાહેર થએલા આઇન્સ્ટાઇનનો ઉપાધિવાદ યાને સાપેક્ષતાવાદ (R. t.) ની મૂળ શિલા છે.

**Religion, ૧. ધર્મ** [પ્રચલિત]

**૨. અનુગમ** [કિ. ધ.]

જી. શો. ૧, ૬૧: અંગ્રેજી શબ્દ 'રિલિજ્યન' ને માટે આપણે સામાન્ય રીતે 'ધર્મ' શબ્દ વાપરીએ છીએ; અને તે રીતે હિંદુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, મુસલમાન ધર્મ એમ બોલીએ છીએ. પણ 'ધર્મ' શબ્દ 'રિલિજ્યન' શબ્દ કરતાં વધારે વ્યાપક અર્થવાળો છે; અને એ શબ્દની વ્યાપકતા આપણા ખ્યાલ બહાર જતી નથી. ઉદાહરણાર્થે, જીવનમાં જે જે કર્મો અવશ્ય કરવાં જોઇએ, જેમાંથી મુક્ત રહેવું જોઇએ, જે સદાચાર પાળવો જોઇએ—એ બધાને આપણે ધર્મ સમજીએ છીએ, અને વેદ, કુરાન કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાઈબલના સ્વીકાર–અસ્વીકારથી એ તેને આપણે વધારે મહત્ત્વ આપીએ છીએ. આથી અમુક શાસ્ત્ર કે અમુક પુરુષે પ્રવર્તાવેલા આચાર, વિચાર અને શ્રદ્ધાની પ્રણાલિકા માટે 'ધર્મ' શબ્દ વાપરવાથી વારંવાર વિચારમાં ગોંટાળો થાય છે. 'રિલિજ્યન' શબ્દ પાછલા અર્થમાં જ વપરાય છે. આથી 'રિલિજ્યન' માટે મેં 'અનુગમ' શબ્દ વાપર્યો છે. શ્રુતિ સ્મૃતિને આધારે રચાયેલી પ્રણાલિકા તે વેદાનુગમ, મહાવીરની પાછળ આવેલી પ્રણાલિકા તે જૈનાનુગમ, બુદ્ધ પાછળની બુદ્ધાનુગમ, ખ્રિસ્ત પાછળની ખ્રિસ્તાનુગમ, મહંમદ પાછળની મહંમદાનુગમ, ઈત્યાદિ. એને માનનારા લોકો તે તેના અનુગામીઓ. એવા કોઇ 'અનુગમ' ને સ્વીકારીને પડેલી શાખાઓને તે તે અનુગમના સંપ્રદાયો કહી શકાય. આ રીતે વૈષ્ણવ, સ્માર્ત, દિગંબર, શ્વેતાંબર, મહાયાન, હીનયાન, સુન્ની, શિહા, પ્રોટેસ્ટંટ, રોમન કેથલિક વગેરે જુદા જુદા અનુગમોના જુદા જુદા સંપ્રદાયો છે.

રાજકારણને 'રિલિજ્યન' થી જુદું પાડવું જોઈએ એમ જ્યારે કહેવામાં આવે છે ત્યારે એનો અર્થ આવા અનુગમોથી તેને પર કરવું જોઇએ એમ યુરોપમાં થાય છે. પણ 'રિલિજ્યન' ને ધર્મ શબ્દના અર્થમાં સમજી, આપણા કેટલાક નેતાઓ એમ માનતા થઈ ગયા છે કે રાજકારણ નીતિ–અનીતિ, સદાચાર–દુરાચાર, વગેરેને લગતા ખ્યાલોથી પર થવું જોઇએ. (શબ્દથી વિચારમાં ઉત્પન્ન થતા ગોટાળાનું આ ઉદાહરણ છે.)

**Renaissance-renaiscence, પુનઃપ્રબોધકાળ** [બ. ક.]

યુ. સ્ટે. ૫: ઉપર સૂચવેલી રાષ્ટ્રભાવનાનો જન્મ પ્રાચીન ગ્રીસમાં ઈસવીસન પૂર્વે થયેલો. યુરોપના મધ્યકાળને નામે જાણીતા યુગ (Middle Ages મિડલ્ એજિસ) માં એ વિચાર આત્મા–પરમાત્મા, સ્વર્ગ–નરક આદિ વિચારો તળે દટાઈ ગયેલો, તે પાછો ઈ. સ. ના તેરમા-ચૌદમા સૈકામાં શરૂ થયેલા પુનઃપ્રબોધકાળ (Renaissance રી-નેસન્સ) ને નામે ઓળખાતા મહાન વિચારપરિવર્તને અંગે લક્ષમાં આવ્યો.

**Repulsion,** ૧. **અપાકર્ષણ** [પો. ગો.]

વિ. વિ. ૨૮૮: આ અણુઓ સ્થિર નથી હોતા પણ અંદરના આકર્ષણ અને અપાકર્ષણને લીધે એક પ્રકારની ગતિમય સ્થિરતા dynamic equilibrium ના રૂપમાં હોય છે.

૨. **અપકર્ષણ** [કિ. ધ]

જી. શો. ૧, ૧૪૫: અપકર્ષણ અથવા દૂર હઠવાની શક્તિ (r.)

**Rest,** (*Music*) **માત્રાલોપ** [ગ. ગો.]

ગા. વા. પા. ૧, ૧૩૦.

**Restoration, પુનઃસ્થાપના** [બ. ક.]

યુ. સ્ટે. ૨૯: ઇ. સ. ૧૬૬૦ માં ઈંગ્લાંડમાં રાજગાદી અને ધર્મબન્ધારણની પુનઃસ્થાપના (R.) થતાં, મેરીલાન્દ પાછું લોર્ડ બૅલ્ટિમોરના વંશજના હાથમાં આવ્યું. તેણે જૂના કાયદા પાછા દાખલ કર્યા.

**Revision, પુનરીક્ષણ** [વિ. મ]

કૌ. ૩, ૩૮: આ પ્રમાણે સમકાલીન વિવેચન અન્યાયી જ હોય એ વાદ ખોટો છે. એ વાદમાં જો કંઈ તથ્ય હોય તો તે એટલું જ છે કે જ્યહાં સુધી કોઇ પણ સાહિત્યકારનું લેખનકાર્ય સમાપ્ત થયું ન હોય, એ લેખનકાર્ય કેવી પરિસ્થિતિ વચ્ચે શાની પ્રેરકતાથી થયું તેની સંપૂર્ણ વિગતો જણાઈ ન હોય, એનું સમગ્ર જીવન જે વિવિધ દશાઓમાં સંક્રમણ કરીને જુદી જુદી અસરો નીચે ઘડાયું હોય તે પૂરેપૂરી માલૂમ પડી ન હોય, અને એ બધાનું અન્વેષણ કરી એના યુગમાં એનું સ્થાન નિર્ણીત કરી શકાય—સ્થાનનિર્ણય માટે જોઇતું યથાર્થદર્શન શક્ય બને —તેટલો ગાળો પસાર થયો ન હોય ત્યહાં સુધી જે જે અભિપ્રાયો આપવામાં આવે ત્હેમાં પુનરીક્ષણ (r.) અને પરિવર્તનને માટે હંમેશાં અવકાશ રહે છે, એટલે એવો અભિપ્રાય કદી અંતિમતાનો દાવો ન કરી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Rotation, ભ્રમણગતિ, પરિવૃત્તિ** [પો. ગો.]

વિ. વિ. (૧) ૨૦૧: પૃથ્વીની ભ્રમણ ગતિ શનિ કે ગુરુ કરતાં અડધી જ છે અને તેથી શનિ કે ગુરુના ગ્રહ ઉપર છેવટનો દિવસ પૃથ્વીના દિવસ કરતાં અડધો જ છે. (૨) ૩૭૬.

**Ruling, રેખાલેખન** [કિ. ધ.]

પ્ર. ૧૨, ૨૪૮; મને લાગે છે કે દેવનગરી તથા બંગાળીના પહેલા ટાઈપ પાડનારને પણ જો એમ સૂઝી ગયું હોત કે માથાની લીટી એ અક્ષરનું અનિવાર્ય અંગ નથી, પણ લેખનની વ્યવસ્થા સાચવવા કરેલું રેખાલેખન (r.) જ છે, અને તૈયાર રેખાંકિત કાગળ પર અથવા છાપવામાં એની જરૂર નથી, તો નાગરી કે બંગાળીનું સ્વરૂપ આજે કરતાં બહુ ભિન્ન પ્રકારનું ન હોત.

# S

**Sensory,**

**Sensory nerve, જ્ઞાનતંતુ**[પો.ગો.]

વિ. વિ. ૨૪૩: મન શરીરને કેવી રીતે કાબુમાં રાખે છે અને મનના સંદેશા શરીરના જુદા જુદા વિભાગોને કેવી રીતે પહોંચે છે તેની તપાસ કરતાં મજ્જાતંતુ બે જાતના છે એ શોધ સ. ૧૮૧૧ માં સર **ચાર્લ્સ બેલના** હાથે થઈ; એક તો બહારના જગતમાંથી ઇંદ્રિય દ્વારા થતા જ્ઞાનસંવેદનને મગજને પહોંચાડનારા જ્ઞાનતંતુઓ અને બીજા મગજ તરફથી શરીરના જૂદા જૂદા વિભાગોને કામ કરવા માટે પ્રેરણા આપનાર **પ્રેરક તંતુઓ.**

**Sexual, મૈથુની, લિંગી** [ન. દે.]

સુ. શા. (૧) ૯૫: બાલકો તથા બાલિકાઓને તેમના યૌવનના આરંભ પહેલાં મૈથુની સૃષ્ટિમાં પ્રવર્તતા નિયમોનું અપરોક્ષ રીતે નહિ પણ પરોક્ષ રીતે ભાન કરાવવું જોઇએ. (૨) ૭: જુઓ Asexual.

**Shorthand, સંક્ષિપ્ત-ચિહ્‌ન-ભાષા** [ન. ભો.]

અ. ક. ૧૮૮: Art of acting નો લખનાર મુખચર્યાને સંભાષણની સંક્ષિપ્ત-ચિહ્‌ન-ભાષા (short-hand of talk) એમ બહુ અર્થગર્ભ નામ આપે છે.

**Slur,** (*Music*) ૧. **યતિ** [મૌલાબક્ષ]

ગા. વા. પા. ૧, ૧૩૦.

૨. **સ્વરસંયોગચિહ્‌ન** [ગ. ગો.]

ગા. વા. પા. ૧, ૧૩૦.

**Solvent, દ્રાવક** [પો. પો. વિ. વિ. ૩૭૬]

**Spectroscope, રંગપટદર્શક** [પો.ગો.]

વિ. વિ. ૨૯૮: દૂરબીન, ફોટોગ્રાફ, અને રંગપટદર્શક (S.) ની મદદથી એમ સિદ્ધ થતું જાય છે કે પૃથ્વી ઉપરનાં જાણીતાં તત્ત્વોમાંથી જ બીજા ગ્રહો અને તારકો બનેલાં છે.

**Spectroscopy, રંગપટવિદ્યા** [પો. ગો.]

વિ. વિ. ૪૦: આ શોધમાં રંગપટવિદ્યા (s.) ઘણી ઉપયોગી થઈ પડી હતી; તેમાં પણ ચોકસાઈ અને ઝીણવટથી કામ કરનારને આરગન, હીલીઅમ, નીઓન વગેરે નવા તત્ત્વોની શોધ કરવાનો લાભ મળ્યો હતો.

**Spectrum, રંગપટ** [પો. ગો.]

વિ. વિ.

**Sperm, નરકોષેશ** [સયાજી સાહિત્ય, ગર્ભની કથા, ૯]

**Source, book મૂળગ્રંથ** [ ચંદ્રશંકર શુકલ ]

નવજીવન, શિક્ષણ ને સાહિત્ય, ૬-૧૨-૩૧, ૪૬ : આવા મૂલગ્રંથો (Sourcebooks) ઈતિહાસ સમજવામાં તેમજ લખવામાં મોટામાં મોટી મદદ કરે છે.

**Sponsor, પ્રણેતા** [વિ. ક.]

કૌ. ૧૯૩૨, **માર્ચ**, ૨૪૩; આ પ્રકારના ગ્રંથસમર્પણની મૂળ સૂચના કરનાર **રોમેરોલાં** હતા. જેના પ્રણેતાઓ ( સ્પોનસર્સ ) તરીકે તેમના તથા **ગાંધીજી, પ્રો. આઇસ્ટાઈન, ગ્રીક સાહિત્યકાર કોસ્ટેસ પાલામાસ અને ડૉ,**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગદીશચંદ્ર બોસની લઘુકૃતિ કે સંદેશ ગ્રંથારંભે શોભે છે.

**Status,** **પદ** [આ. બા.]

**વ. ૨૯, ૧૨૫:** આવી સાંકડી અને અ-પ્રમાણિક મનની દલીલ સામે વિચાર કરવા એક કોન્ફરન્સ મળ્યું, જેનું કામ "status" (પદ) અને "functions" (ક્રિયા) નો અવિરોધ સાધવાનું હતું.

**Stereochemistry,** **ઘનરસાયન** [પો. ગો. વિ. વિ. ૧૦૩]

**Stereoscope,** **ઘનચિત્રદર્શક** [ પો. ગો. વિ. વિ. ૩૭૬ ]

**Strained,** **શ્રમબદ્ધ** [બ. ક.]

અં. ૭૬: જુઓ પૂર્તિમાં Apprentice.

**Subconscious,** *noun,* **સૂક્ષ્મ મન, ઉપમન** [પો. ગો.]

વિ. વિ. ૨૬૮: આ પ્રમાણે મગજની કેવળ ભૌતિક શક્તિઓ બધી માનસિક ક્રિયાઓનું નિરૂપણ કરવાને સમર્થ નથી; મજ્જાતંતુ અને મગજ ઉપરાંત કાંઇક વધારે સૂક્ષ્મ, તે છતાં વધારે ઉપયોગી અને વિલક્ષણ વિભાગ વિષે ખાત્રી થતી જાય છે. આને સૂક્ષ્મ મન (ઉપમન) Subconscious mind અથવા સબલિમિનલ સેલ્ફ Subliminal self એ નામથી ઓળખાય છે.

૨. **આંતરમન** [વિ. ક.]

કૌ. ૧૯૩૧, **ઓક્ટોબર,** ૪૨૬; સાહિત્ય-સર્જનમાં આંતરમન ( સબકોન્શ્યસ માઇન્ડ') પણ અગત્યનો ભાગ ભજવે છે.

*adj.* **ઉપમાનસિક** [પો. ગો.]

વિ. વિ. ૩૭૬: માનસિક પ્રવૃત્તિમાં પણ સૂક્ષ્મ અને સ્થૂલ એમ બે પ્રકાર છે. સાધારણ ચેતનમય ઇચ્છાથી જ્ઞાનતંતુઓની મારફત થતા માનસિક વ્યાપારો ઉપરાંત પણ કેટલાક ઉપમાનસિક ( S. ) વિચારો પણ જોવામાં આવે છે.

**Submarine,** **જળાભ્યંતરગામિની જળનૌકા** [ન્હા. દ.]

**ઉદ્બોધન, ૧૦:** જ્યહાં જ્યહાં વિજ્ઞાને (Science) મનુષ્ય સુખને સોહાવ્યું છે, ત્ય્હાં ત્ય્હાં,—આપણે વીસરિયે છીએ, ત્હોયે—સંસારકવિતા પાંગરી છે. આપણી રાત્રિઓ વીજળીએ અજવાળી છે, દૂર દૂરનાં છેટાં ઉચ્છેદાયાં છે, ટેલીફોન, સીનેમા, ગ્રામોફોન, રેડીઓ; મોટરમાં કાશ્મીરયાત્રા, સાઈકલ ઉપર જુવાનોની જગત્યાત્રા; જલનૌકાઓ, જલાભ્યન્તરગામિની જલનૌકાઓ, ગગનવિહારી વિમાનયાત્રાઓ;......

**Suggestive,** **ધ્વનિપ્રધાન** [વિ. ક.]

કૌ. ૧૯૩૧, ઑગસ્ટ, ૧૨૯; ........ એ વગેરે મુદ્દાઓનો આપણને તૃપ્તિ થાય તેવો સ્ફોટ, ધ્વનિપ્રધાન ('સજેસ્ટિવ') પદ્ધતિથી પણ લેખક કરી શક્યા નથી.'

**Survival of the fittest,** **પ્રાકૃતિક નિર્વહન** [ન. દે.]

સુ. શા. ૧૪–૫: જીવનનો આ અખંડ કલહ અબુદ્ધિપૂર્વક પ્રાણીવર્ગમાં પ્રવર્તી રહ્યો છે. વ્યક્તિઓ પરસ્પર, જાતિઓ પરસ્પર, જનસમાજ પરસ્પર આત્મરક્ષણમાં એટલી બધી હરીફાઈ કરે છે કે, સતત જીવનકલહમાં જેઓ પરિસ્થિતિના ફેરફારમાં ટકી શકે તેવા બળવાળા હોય છે તે જ આત્મરક્ષણ ઉપરાંત પ્રજોત્પત્તિના વિશેષ કાર્યમાં જોડાય છે. આ જીવનકલહના પરિણામમાં સર્વોત્તમ વ્યક્તિઓ ટકી શકે છે, અને તેથી ડાર્વિન પ્રકૃતિના આ તારતમ્ય કરવાના ક્રમને "પ્રાકૃતિક નિર્વહન" (સર્વાઈવલ ઓફ ધ ફિટેસ્ટ) કરવાનું સમર્થ સાધન માને છે.

**Syndicalist,** **મહાજનસત્તાવાદી** [કેશવલાલ હિંમતલાલ કામદાર]

કૌ. ૫, ૧૧૨૬: પ્રો. કાળે અમુક વિચારકોટિ ધરાવતા નથી. તેઓ સમાજસત્તાવાદી, કે વ્યક્તિસત્તાવાદી, કે મહાજનસત્તા (S.) વાદી, નથી—તેમનો વાદ માત્ર એક જ છે—ને તે હિંદનું કેમ ભલું થાય, તેની આર્થિક પ્રગતિ કેમ સધાય, તે જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# T

**Taste, રસજ્ઞાન** [ન. લા.]

જૂનું નર્મગદ્ય, ૩૨૮, નાટક અને ગાથા એ બે માણસના રસજ્ઞાનને (t.) સુધારવાને ઘણાં જ જરૂરનાં સાધન છે.

**Technique, આયોજન** [વિ. ક.]

કૌ. ૧૯૩૧, ઑક્ટોબર, ૪૦૩; પરિણામે, 'સ્વપ્નસિદ્ધિની શોધમાં'નો ખંડ ચોથો, જેમાં ગાંધીજીને વ્યાસ ભગવાનના વંશજ તથા યજ્ઞપુરુષ તરીકે ઓળખાવતી ભવ્ય અને અપૂર્વ કલ્પના રજુ થઈ છે ને જેમાં લેખકની લાક્ષણિક શક્તિઓને પૂર બહારમાં ખીલવાનો સૌથી વધારે અવકાશ હતો તે ખંડ— આયોજન ('ટેકનિક') શૈલીની દૃષ્ટિએ નબળા એવા વ્યાખ્યાનનો કૈંક સારો કહેવા જેવો ભાગ–વિષયની મહત્તાને ન્યાય આપે તેવો કે ઉંચી પંક્તિના લેખક તરીકેની રા. મુનશીના પ્રતિષ્ઠાને જેબ આપે તેવો લખાયો નથી.

**Telepathy, ૧. દૂરસંવહન** [પો. ગો.]

વિ. વિ. ૨૬૯: દૂરસંવહન (ટેલીપથી) અને (કલેરવોયન્સ) દૂરદષ્ટિની ઘટનાની સમજૂતી માટે આ સૂક્ષ્મ મનની કલ્પનાને વધારે દૃઢતા પ્રાપ્ત થઇ છે.

**૨. વિચારવિનિમય** [અં. બા.]

પ્ર. ૪, ૨૫૫: હીપ્નોટીઝમ—સંમોહન, વિચારવિનિમય (T.)—, Premonition–ભાવીનું પુરોગામી સૂચન, વગેરે ઘણી બાબતો સામાન્ય વ્યવહારમાં પણ જોવામાં આવે છે.

**Tensibility, ધારણા** [કિ. ધ.]

જી. શો. ૧, ૧૪૫: ધારણા, અથવા તાણ સહન કરી પરિસ્થિતિને અનુકૂળ થઇ જવાની ઓછી કે વત્તી શક્તિ (t.).

**Theoretical, સૈદ્ધાન્તિક** [પો. ગો.]

વિ. વિ. ૧૪૨: ગતિવિદ્યાના સૈદ્ધાન્તિક જ્ઞાનમાં પ્રાચીન હિન્દુઓ પ્રવીણ હતા.

**Thesis, ૧. પ્રબંધ** [ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી]

**૨. મહાનિબંધ** [વિ. ક.]

કૌ. ૧૯૩૨, ફેબ્રુઆરી, ૧૭૮; 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ' એ પ્રબંધ ઉર્ફે મહાનિબંધ ('થીસિસ') છપાવવા માટે રા. મંજુલાલ ર. મજમુદારને વડોદરા રાજ્યે રૂ. ૧૦૦૦ બક્ષ્યા.

**Thyroid, કંઠગ્રંથિ** [સયાજીસાહિત્યમાળા]

ગર્ભની કથા, ૧૪.

**Title page, અગ્રપૃષ્ઠ** [બચુભાઇ રાવત]

ગ્રંથ અને ગ્રંથકાર, ૨૧૯: પછીના મોટા ટાઈપો તે વર્તમાનપત્રોનાં મથાળાં અને જાહેરખબરો ગોઠવવા માટે જ ઘણા ખરા ખપના છે. પુસ્તકોમાં તે માત્ર શરૂઆતના અગ્રપૃષ્ઠ (ટાઇટલ પેજ) માટે કે પૂઠા માટે વાપરી શકાય, અને પ્રકરણોની શરૂઆતમાં પ્રથમાક્ષર તરીકે ખપમાં આવે.

**Toleration, મતાંતરતિતિક્ષા** [બ. ક.]

આ. ક. સ. ૧૯૫: મતાંતરતિતિક્ષા (ટોલરેશન t.) સુધરેલા (ખ્રિસ્તી) દેશોમાં બહુ ધીરે ધીરે કેળવાઇ છે, તેટલી આપણે ત્યાં પણ કેળવાતાં, ધર્મવિષયક શાસ્ત્રીય તટસ્થતાને જમાવવા ચાહતા વિચારકો આપણને પણ ઓછા વિચિત્ર લાગશે.

**Tournament, અખાડાયુદ્ધ** [ન. ભો.]

વ. ૨૯, ૧૪૫: યુરોપના મધ્ય યુગમાં અનેક "નાઇટ–એરંટો" (ભ્રમણ કરતા વીરો) અથવા તે સમયનાં tournaments (અખાડાયુદ્ધ) માં ઝઝનારા વીરોનાં પરાક્રમની પાછળ પ્રેરક બળ સુન્દરીઓનાં નયનોની દીપ્તિ, અલૌકિક પ્રેમના લલનાભક્તિના રૂપમાં પરિવર્તન પામેલી વૃત્તિ હતી, તે પણ ઉદાત્ત વીરતાના જ પ્રકાર ગણીશું.

**Transcendental, વિશ્વોત્તર** [બ. ક.]

કિ. ૧૦૬: આ અન્યોન્યપૂરક પરસ્પર વિરોધ લાગ્યા જ કરે એવાં એવા દ્વંદ્વોનું સમાધાન, ઇશ્વર વિશ્વાન્તર્યામી પરમાત્મા છે (Immanental Pantheism) ઇશ્વર વિશ્વો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્તર પરમાત્મા છે (Transcendental Pantheism) એવી વેદાન્તી પર્યેષણા વડે જ થઈ શકે.

**Trigonometry, ત્રિકોણમિતિ** [જૂનો]

**Plane trigonometry, તલત્રિકોણમિતિ** [પો. ગો.]

વિ. વિ. ૧૩૫: હિંદુ જ્યોતિષીઓના કોષ્ટકો ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે પ્રાચીન હિંદુઓને (plane) તલત્રિકોણમિતિ ઉપરાંત **ગોલીય** ( Spherical ) ત્રિકોણમિતિનું જ્ઞાન હતું.

**Spherical trigonometry, ગોલીય ત્રિકોણમિતિ** [પો. ગો. વિ. વિ. ૧૩૫]

# U

**Ultra-violet, જાંબુલાતીત** [પો. ગો.]

વિ. વિ. ૨૯૦: આ ઋણ વિદ્યુદણુઓ લગભગ દરેક પદાર્થમાંથી અમુક સંયોગોમાં છુટા પાડી શકાય છે, જેમકે પદાર્થોને તેમાંથી સફેદ પ્રકાશ નીકળે ત્યાં સુધી તપાવવાથી, અથવા તો ultra-violet જાંબુલાતીત પ્રકાશનાં કિરણોમાં રાખવાથી.

**Unconscious, નિર્જ્ઞાન** [વિ. ક.]

કૌ. ૧૯૩૦, **ઑગસ્ટ**, ૧૨૧: અવલોકન માટે પહેલાં સાત ભાષણ તેમાંથી વાંચેલાં, તેનો સંસ્કાર મન પર એવો રહ્યો છે કે તેઓ ઘણા સ્વચ્છ મગજે વિચાર કરે છે ને તેને, સીધી સોસરવટ નીકળતી—વાણીમાં મૂકી દે છે. મૂકવાની રીતમાં નિર્જ્ઞાન ('અન્કોન્શ્યસ') કલા પણ છે, જેનો અનુભવ આપણને ઘણી વાર કંડિકાન્તે આવતા સારગર્ભ સૂત્રમાં, એમનાં ઘણાં સાદાં, ઘણાં ઘરગતુ પણ ઘણાં અસરકારક દાખલા દૃષ્ટાંતો ને રૂપકોમાં તથા એમના કોઈ વાર આત્માને માત્ર દઝાડતા તો કોઇ વાર બાળીને ભસ્મ કરતા કટાક્ષોમાં થાય છે.

**Unconsciously, ૧. અબોધપૂર્વક** [કાલિદાસ ઉપરથી-વિ. મ.]

કૌ. ૧૯૩૦, **જાન્યુ**૦, ૩૩: આ વ્યુત્ક્રમ પદ્ધતિ રા. ઠાકોર પૂર્વે **નર્મદે** પણ યોજેલી. આખું જીવન ગદ્યલેખનમાં ગાળી તેના બલાબલથી પરિચિત બનેલા આપણા એ આદિ ગદ્યકારને પણ ગુજરાતી વાક્યરચનાની એકવિધતાનું કદાચ અબોધપૂર્વક (u.) ભાન **થયેલું, અને તેથી ઉત્તરાવસ્થાના એના ધર્મ**વિચારના લેખોમાં પદોનો સામાન્ય ક્રમ એણે ઘણે ઠેકાણે ઉલટાવી નાખેલો.

૨. **અબોધપણે** [વિ. ક.]

કૌ. ૧૯૩૦, **જાન્યુ**૦, ૭૪: બીજે વખતે ન નભાવી લેવાય તેવા, વિચારકોને પોતાને પોતાના દુશ્મન બનાવતા, આ પરસ્પર વિરોધો અત્યારના ઊકળી ઊકળીને પુષ્કળ જ ડહોળાયલા વાતાવરણમાં કુદરતી, **સમજી** શકાય તેવા હોઈ અબોધપણે (અન્કોન્શ્યસ્લી) નિર્દોષ રમુજના અચ્છા **પીરસનાર** બને છે.

**Underlined, ૧. અધોરેખિત** [અજ્ઞાત]

૨. **અધોરેખાંકિત** [કિ. ધ]

પ. ૧૨, ૨૫૨. જુઓ પૂર્તિમાં Overlined

**Uniformity, ૧. એકરૂપતા** [પો. ગો.]

વિ. વિ. ૬૪: સૃષ્ટિમાં વ્યવસ્થા અને નિયમ છે, સૃષ્ટિક્રિયામાં એકરૂપતા (u.) અને એકતા છે; સકલ સૃષ્ટિ સમન્વિત છે, એ સાદાં લાગતાં વાક્યોમાં સમાયેલું ગૂઢ રહસ્ય જરા વિગતવાર તપાસીએ.

૨. **નિયમિતતા** [બ. ક.]

વ. ૨૮, ૨૮૭: વળી ઇ. સ. ૧૮૮૦-૯૦ માં ગુજરાતી લેખન-મુદ્રણોમાં જે જોડણી ચાલતી હતી, તેનો આજની જોડણી સાથે શાંત અને શાસ્ત્રીય મુકાબલો કરવામાં આવશે, તો આ ચાળીશ પચાસ વર્ષમાં આપણી જોડણીમાં નિયમિતતા (u. યુનિફાર્મિટી) કેટલી બધી વધી છે, તે ચોક્ખે ચોક્ખું પુરવાર થઈ જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**Unit**, ૧. **એકમ** [અજ્ઞાન]
૨. **એકાંક** [દ. બા.]

**નવજીવન**, શિક્ષણ ને સાહિત્ય, તા. ૬–૧૨–૩૧, ૪૬: મુંબઇથી ન્યૂયોર્કનું અંતર જેમ આપણે ઈંચ, આંગળ કે દોરાથી પામતા નથી, માઇલથી માપીએ છીએ તેમ પ્રકાશની ગતિનો વિચાર કરતી વખતે નાનામાં નાનો એકાંક (યુનિટ) માઈલનો ન ગણતાં ઉપર બતાવેલી ગતિએ પ્રકાશ એક વરસ સુધી એટલે કે ત્રણ કરોડ અગિયારલાખ, ચારહજાર સેકંડ સુધી દોડીને જેટલું અંતર કાપે તેટલા માઇલનો ગણાય છે.

**Unitary**, **એકતન્ત્રાધીન**, **એકતન્ત્ર**, **એકતન્ત્રી** [તંત્રીઓ—પ્રસ્થાન]

પ્ર. ૧૧, ૧૮૯: 'યુનિટરી' બંધારણમાં રાજ્યની કુલ સત્તા અવિભક્ત રીતે 'એક તન્ત્ર' ને અધીન હોય છે; એટલે તેને એકતન્ત્રાધીન બંધારણ અથવા 'એકતન્ત્ર' બંધારણ એવું નામ આપી શકીએ.......

'યુનિટરી' અને ફેડરલ પ્રકારનાં બંધારણો માટે 'એકતન્ત્રી' બંધારણ, અને 'સમવાય' બંધારણ એવાં નામો અનુક્રમે વાપરી શકાય.

**Unitary government**, **કેન્દ્રિત રાજ્યચક્ર** [આ. બા.]

વ. ૩૦, ૩૫: આ 'એક–અનેક' ના સંબન્ધનાં ત્રણ સ્વરૂપો અત્યારના રાજ્યશાસ્ત્રમાં વર્ણવાય છે: એક 'U. G.'—કેન્દ્રિત રાજ્યચક્ર—એવું કે જેમાં અનેક ન્હાનાં ન્હાનાં રાજ્યચક્ર હોય પરંતુ તે સર્વ એક જ મધ્યવર્તી શક્તિથી નિયમાય, જેમકે વર્તમાન હિન્દનું રાજ્યતન્ત્ર જે દિલ્હી અને સિમલાથી સર્વ પ્રાંતોનાં ચક્ર ફેરવે છે.

**Unofficial**, **લોકમાન્ય** [ક. મા.]

કે. લે. ૯૭: આ મંડળો સામાન્ય લોકમાન્ય (U.) પંચાયત, કે જે વડે દરેક ન્યાત અને ધંધો હિંદમાં પરાપૂર્વથી પોતાની આંતર વ્યવસ્થા કર્યા જાય છે, તેનાં રાજ્યે સ્વીકારેલાં સ્વરૂપો ગણાય.

**Urban**, **નાગરિક** [વિ. ક.]

કૌ. ૫, ૮૮૦: આ વખતે **જો**. બુકેનનો અભિપ્રાય છે કે **શે**ઝબરીમાં રાજ્યતંત્રી કરતાં કલાકારનાં તત્ત્વો વધારે હતાં. શૈલી પણ તેની બે પ્રકારની: ૧૯ મી સદીની અસરવાળી તે નાગરિક ('અર્બન'); ૧૭ મીની અસરવાળી, પયગંબર જેવી.

**Utilitarianism**, **ઉપયોગિતાવાદ** [મો. ક.]

આ. ક. ૧, ૭૭: એક દિવસ મિત્રે મારી પાસે બેંથમનો ગ્રંથ વાંચવાનું શરૂ કર્યું. ઉપયોગિતાવાદ વિષે વાંચ્યું.

**Utopia**, **ગંધર્વનગર** [કિ. ઘ.]

જી. શો. ૧, ૩૭: એટલે આ કોઇ ગંધર્વનગર (U.) ને શોધનારો પ્રયત્ન નથી.

આ શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૧

# V

**Vaccum**, **શૂન્યઅવકાશ** [પો. ગો.]

વિ. વિ. ૧૧૭: અણુની કલ્પનાની સાથે શૂન્યઅવકાશ (V.) ની કલ્પના પણ **એરિસ્ટોટલ**ની સમજમાં આવી શકી નહિ અને તેથી ખાલી અવકાશમાં બધા પદાર્થોની ગતિ સરખી હોય એ ડેમોક્રીટસના સિદ્ધાન્તને પણ તેણે કબુલ કર્યો નહિ.

**Vanity**, **મોહવૃત્તિ** [ન. ભો.]

વ. ૨૭, ૯૨: એ નાટકમાં કેટલાક લોકો દૂષણ બતાવે છે. એક તો દર્પણપંથીઓવાળું દૃશ્ય હાસ્યજનક છે એમ કહેનારા કેટલાક છે. તે લોકો હેમાં રહેલી જીવનમાં માનવીની મોહવૃત્તિ (V.) ઉપર કટાક્ષદૃષ્ટિ, તેમ જ પર્વત રાજાના ઉપર હેમાં સમાયલી ટીકા સમજી શકતા નહિ હોય.

**Vegetarian**, **અન્નાહારી** [મો. ક.]

આ. ક. ૧, ૮૦: આમ ભટકતાં એક દિવસ હું ફેરિંગ્ડન સ્ટ્રીટ પહોંચ્યો ને 'વેજીટેરિયન રેસ્ટરાં' (અન્નાહારી વીશી) એવું નામ વાંચ્યું. બાળકને મનગમતી વસ્તુ મળવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થી જે આનંદ થાય તે મને થયો. હર્ષ-ઘેલો હું અંદર દાખલ થાઉં તેના પહેલાં તો મેં દરવાજા પાસેની કાચની બારીમાં વેચવા-નાં પુસ્તકો જોયાં. તેમાં મેં સૅાલ્ટનું **'અન્નાહાર**ની હિમાયત' નામનું પુસ્તક જોયું.

**Vegetarianism, અન્નાહાર** [મો. ક.]

આ. ક. ૧, ૮૦, જુઓ ઉપર Vegetarian.

**Verbosity, શબ્દબાહુલ્ય, શબ્દાલુતા** [બ. ક.]

આ. ક. સ, (૧) ૧૦૯: ઇંદ્રધનુષ્ય શી અજબ સુન્દર ચીજ છે તે કહેવાને અજબ વિચિત્ર શબ્દબાહુલ્ય (વર્બોસિટી v.) વાપરવું એ વર્ણનછટામાં કોઈક વાર ઉચિતે ગણાય, એમ ઉમેરવું પણ જોઇએ. (૨) ૧૦૫: અને આવી કવિતાભાસી પદાવલિ (પોયેટિક ડિક્શન) ની શબ્દાલુતા (વર્બોસિટી v.) રા. ન્હાનાલાલની રચનાઓમાં ઓછી નથી.

**Verse, પદબંધ, પદ્યબંધ** [બ. ક.]

આ. ક. સ. ૧૯૩: આ સંગીત તો છે. અગદ્ય એટલે પદબંધ વા પદ્યબંધ (v. વર્સ) પણ છે, આને કવિતા કહેવાય ખરી ?

**Vertebrate, પૃષ્ઠવંશી, સાસ્થિ** [ન.દે.]

સુ. શા. ૨૧: જુઓ Invertebrate.

**Vicious circle, અનર્થપરંપરા** [क्या-दिक्कांत]

પ્ર. ૯, ૪૦૦: જ્યારે ક્યાંય પણ અનર્થ-પરંપરા (V. C.) નિર્માણ થાય ત્યારે તેનો ઉકેલ એક સ્થાને નસ્તર મૂકીને જ થઈ શકે.

**Viscosity, ચિક્કટતા, સ્નિગ્ધતા** [પો.ગો.]

વિ. વિ. ૧૪૧: કણાદના વૈશેષિક સિદ્ધાન્ત-માં, તેમજ **જૈન** અને **બૌદ્ધ** મતમાં, તેમજ બીજા તત્ત્વવેત્તાઓના મતમાં પણ દ્રવ્યના સાધારણ ગુણો વિષે વર્ણન જોવામાં આવે છે. સ્થિતિસ્થાપકતા, સ્થૈર્ય, **સંસક્તિ** –સંઘાત ( cohesiveness ), **અભેદ્યતા, સાંદ્રતા** ( impanetrability ), ચિક્કટતા, સ્નિગ્ધતા v., **પ્રવાહિતા-દ્રવતા** (fluidity), **છિદ્રમયતા-સૌષિર્ય** ( porosity ) વગેરે દ્રવ્યના ગુણોનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**Vision, પ્રતિભાદર્શન** [ન. ભો.]

વ. ૩૦. ૨૮૬: આ અસાધારણ ગુણવાળા કાવ્યનું સ્વરૂપદર્શન કરિયે: તેમાં પ્રગટ થતું ગમ્ભીર દર્શન કવિના પ્રતિભાદર્શન (v.) ની સાક્ષી પૂરે છે.

# W

**Waterspout, વ્યોમજલઘોઘ** [ન.ભો.]

વ. ૨૭, ૧૧: હું એમ બતાવવાને ઈચ્છું છું કે અર્વાચીન કવિતા–સાહિત્ય કોઈ water -spout (વ્યોમજલઘોઘ) નથી, આકાશમાંથી એકાએક ચક્રભ્રમણલીલા કરીને સમુદ્ર ઉપર પડતો જલનો ઓઘ નથી, પરંતુ દૂરના પ્રાચીન સમયમાં ઉદ્ગમ પામીને, પોતાની પ્રવાહગતિ વિવિધ પ્રદેશ ભૂમિમાં થઈને સંચરતો, કોઈ વાર ભૂમિની નીચે લુપ્ત થતો, પાછો પ્રગટ થતો અને નવીન પરિસ્થિતિયો-માંથી નવીન રંગ લેતો, સ્થિર ગતિએ જતો નદપ્રવાહ છે.

# Y

**Yearbook, અબ્દકોષ** [મરાઠી–વિ. ક.]

કૌ. ૫, ૧૧૪૭: ગઈ કાલના ' કેસરી ' માં સોશ્યલિઝમ માટે સમાજસત્તાવાદ શબ્દ જોયો એ વધારે શાસ્ત્રશુદ્ધ હોવા છતાં, પ્રચલિત થવે લાંબો પડે તેવો છે; સામા પાના પર ' ઇયર બૂક ' માટે 'અબ્દકોષ' યોજાયલો જોયો. એ ઉંચકીને ગુજરાતીમાં લઈ લેવા જેવો છે.

**Yeoman ખેતરધણી,** [બ. ક.]

યુ. સ્ટે. ૫: મધ્યકાલીન યુરોપમાં દેશો પ્રમાણે પ્રજાવિભાગ ન્હોતા; દરેક દેશમાં ધર્મદીક્ષિત પાદરી (Clerk ક્લાર્ક), ક્ષાત્ર ગુણોવાળો લોકરક્ષક ' નાઈટ ' (Knight) વૈશ્ય ખેતરધણી (Y. યોમેન), અન્તિમ પદવી-નો ' સર્ફ ( serf ) ' વગેરે થર તળે થર એમ ગોઠવાયેલા વર્ગવિભાગ જ હતા, અને બધા દેશોનો વર્ગ–વિભાગ ઘણે અંશે એક સરખો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રૂઢકલ્પ અંગ્રેજી શબ્દોના પર્યાયો

## A

**Appeal,** ૧. **શુદ્ધતરન્યાય** [ ગો. મા. ]

સ. ચં. ૩, ૨૫૪: રાજાઓના પંચ નીમાયલા અધિકારીને માથે ઉપરી સરકારે સરપંચનું કામ કરવા માંડયું અને સાધારણ પ્રજા વર્ગનાં માણસ એક ન્યાયાધિકારીની પાસેથી સંતોષ ન મળતાં ઉપરી ન્યાયાધિકારી પાસે શુદ્ધતર ન્યાય (અપીલ) માગવા જાય તેમ રાજાઓ એજંટ પાસેથી સરકાર પાસે જવા લાગ્યા.

૨. **હૃદયસ્પર્શ** [ દ. બા. ]

**Auditor,** ૧. **અન્વેષક** [ ગૂ. વિ. ]

વિ. ૯. નિયામકસભા એક અથવા વધારે યોગ્ય પુરુષોને **વિદ્યાપીઠના** હિસાબો તપાસવાને અન્વેષકો નીમશે.

## B

**Baloon, વાયુવિમાન** [ગો. મા. ]

સ્નેં. મુ. ૧૭૨: ખરરર પછી ઉંચે ઉડવા લાગ્યું જ્યોતિ, અધર લટકયું જાણે કોય વાયુ-વિમાન ( 'બલુન' )

૨. **વિમાન** [ દ. બા. ]

**Band, વાદ્યસમૂહ** [ ન. ભો. ]

હૃ. વી. ૨: ઉદ્યાનમાં મધુર વાદ્યસમૂહ વાજે.

**Baptism** ૧. **જળસંસ્કાર** [ ન. લા. ]

સ. ન. ગ. ૫૧૨: જિસસ બાપ્ટિઝમ ( જળસંસ્કાર ) પામ્યો ત્યારે આકાશવાણી થઈ હતી.

૨. **જળદીક્ષા** [ ન. લ. ]

ઈ. ઇ. ૧૧૦: આ સમે જળસંપ્રદાયક **જૉન** નામનો એક મોટો સાધુ મળ્યો તેણે **જોર્ડન** નદીમાં જળદીક્ષા આપી; અને તે વખતથી ઇસુ ભક્તિમાર્ગની સ્થાપના કરવા નિડરપણે બહાર પડયો.

**Barrister,** ૧. **રાજ્યનિયમજ્ઞ** [મ. સૂ.]

" (જાણ્યામાં)–'મેઘદૂત'નું અવલોકન ' સ્વદેશવત્સલ' સં. ૧૯૩૯ માં આવેલું ત્હેમાં છે" –ન. ભો.

૨. **પક્ષમન્ત્રી** [ ગો. મા. ]

સ. ચં. ૧, ૨૨૨: તે ધારાશાસ્ત્રની પરીક્ષામાં સફળ થઈ મુંબાઇના **વરિષ્ઠધર્માસન** ('હાઈકોર્ટ") નો પક્ષવાદી (વકીલ) બન્યો હતો અને પક્ષમંત્રી ( " કાઉંસીલ "– " બારિસ્ટર " ) થવા અભ્યાસ કરતો હતો.

૩. **ન્યાયનિપુણ** [ દ. બા. ]

**Bicycle, દ્વિચક્રી** [મ સૂ. ]

અ. ૨૩ : એક દ્વિચક્રી ( a bicycle )નાં બે ચક્રોને તેનો પ્રતિકારકર્ત્રી પૃથિવી ઉપર ન સ્પર્શવા દઈ વાયુમાં ફેરવીયે તો તે ચક્રો બહુ વેગથી ફરશે.

**Birthcontrol,** ૧. **ગર્ભનિરોધ** [વિ. મ.]

સ્ત્રી અને પુરુષ, ૧૪૮: ગર્ભનિરોધની હિમાયત કરતું પુસ્તક હું જોઇ ગયો.

૨. **જન્મનિરોધ** [ વિ. ક. ]

કૌ. ૧૯૩૧, **ઑકટો–નવેમ્બર,** ૪૨૯: ફ્રેમ્પીડોગ્લિઓ ( ઈટલીમાં )માં અંતરરાષ્ટ્રિય જન્મનિરોધ ( 'બર્થકન્ટ્રોલ' ) પરિષદ ભરાઈ.

**Boarding-house, વસતિગૃહ, વાસગૃહ** [ મ. ર. ]

શિ. ઇ. ૧૭૯ : પહેલા પ્રકારના વિદ્યાર્થીઓ માટે નિશ્ચિત કરેલાં બીજાં વાસગૃહો હતાં.

૨. **છાત્રાલય** [ અ. ક. નિ. વિ. ]

**Book-seller, ગ્રંથવિક્રેતા** [ અજ્ઞાત ]

**Brake: સંયમકળ** [ ન્હા. દ. ]

વસન્તોત્સવમાં ભાષણ, ૧૯૮૨, ૧૪, બ્રેક-સંયમકળ વિનાની મોટર દીઠી છે?

**Broad-cast, ધ્વનિક્ષેપ** [મરાઠી ઉપરથી, વિ. ક.]

કૌ. ૧૯૩૨, મે, ૪૧૯: જુઓ રૂઢકલ્પ શબ્દોના પર્યાયોમાં Talkie.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## C

**Casual leave, પરચૂરણ-છૂટક-રજા, આવશ્યક રજા** [ ગૂ. વિ. ]

વિ. ૧૪: એકી સાથે સામાન્ય રીતે એક અઠવાડિયા કરતાં વધારે આવશ્યક રજા કોઈને આપવામાં નહિ આવે.

**Cotalogue, ૧. યાદી.**

૨ ટિપ્પણ [ ન. દે. ]

હિં. ત. ઈ. પૂ. ૧૬૧: **ચાઈનીઝ** ભાષામાં **બુદ્ધધર્મ**ના ગ્રંથોના ટિપ્પણ ( c )નો ઉલ્લેખ Nanjio Catalogue વડે કર્યો છે.

૩. **સૂચિપત્ર** [ દ. બા. ]

**Chancellor, કુલપતિ** [ ગૂ. વિ. ]

વિ. ૨ કુલપતિ એ **વિદ્યાપીઠના** પ્રમુખ.

**Vice-chancellor, કુલનાયક** [ગૂ. વિ.]

કુલનાયક એટલે **વિદ્યાપીઠના** ઉપપ્રમુખ.

**Circular, ૧. વટહુકમ**

૨. **ચક્રપત્ર** [ ૨. વા. ]

બુ. ૬૯, ૧૮૨: લેખકોની સંખ્યા એવી કરી નાખ્યા પછી છાપેલો ચક્રપત્ર (c.) મોકલવાની જરૂર રહેતી નથી. ( આ શબ્દ વિશે ટીકા કરતાં પૂર્વે એટલું લક્ષમાં રાખવાનું કે યોજકે મિત્ર પરના પાછળથી પ્રકટ થએલા પણ મૂળ ખાનગી પત્ર તે માટે વાપરેલો. )

૩. **પરિપત્ર** [ ગૂ. વિ. ]

વિ. ૧૭: જે વિષય માટે મહામાત્રને એમ લાગશે કે પત્રથી અભિપ્રાય માગી શકાય, તે માટે સમિતિને બોલાવવાને બદલે અઠવાડિયા-ની મુદત ઠરાવી પરિપત્ર ( સરક્યુલર ) થી સભ્યોના અભિપ્રાય માગી લે.

**Club, મંડળ** [દ. બા.]

**Collector, દેશાધ્યક્ષ** [ ઉ. કે. ]

બ્રિ. આ. ઈ. ૧, ૮૧: દેશાધ્યક્ષ (કલેક્ટર)થી વધારે દરજ્જાના અમલદારને **વ્યવહાર-ન્યાયાધીશ** અને દરેક વિભાગના સાહાસા-ધિકારી તરીકે નીમ્યો.

**College, ૧. પાઠશાળા** [મ. રૂ.]

ચે દ્રા. ચ. ૧૨: મોટા રેવોલ્યુશનના પ્રખ્યાત વર્ષમાં તેને પાઠશાળા તરફથી પાર્લામેંટમાં મોકલ્યો.

૨. **મદ્રેસા** [મ. રૂ.]

ઇં. મુ. ૮૮: **માનચેસ્ટરથી** હું **લીવરપુલ** ગયો; શેઠ **દાદાભાઈ નવરોજી** આગળ **મુંબઇની એલફિસ્ટન** મદ્રેસામાં મારા ગણિત-ગુરૂ હતા. અહીં પેઢી કહાડી રહેતા હતા.

૩. **મહાવિદ્યાલય** [ ન. લ. ]

ન. ગ્રં. ૧, ૨૬૫: રજા ખુલતાં **નર્મદા**-શંકરે આપણા દેશના મહાવિદ્યાલયમાં પ્રવેશ કર્યો.

૪. **મહાપાઠશાળા** [ હ. દ્રા. ]

કે. શા. ક. ૧, ૨૮૭: પુખ્ત અવસ્થામાં દરેક વિદ્યા તત્ત્વજ્ઞાન (ફિલસુફી)નું સ્વરૂપ ધારણ કરે છે, તેથી કારણસિદ્ધિ ને અધિકવેદન-રીતિએ મહાપાઠશાળાને ખાસ અનુકૂળ થાય છે.

૫. **મહાશાળા** [ મ. સૂ. ]

ભરતખણ્ડમાં અદ્ય ૫ યુનિવર્સિટીઓ(**સમસ્ત-શાળાઓ**) છે, ૧૯૧ કોલેજો (મહાશાળાઓ)છે.

**Compass, પરિકાર** [ગૂ. વિ ]

વિ. ૪૬:

**Congress (Indian National-) મહાસભા** [અજ્ઞાત]

## D

**Debating Society, વાદસંસદ્** [ મ. ન. ]

સ. ૧૯, ૧૦૫: એક બીજો પણ આવાં મનોયત્નનો પ્રકાર છે-વાદસંસદ્ ( ડીબેટીંગ સોસાઇટી) જેના વિષે પણ વિચાર કરવાની જરૂર છે.

**Degree, ૧ તારતમ્ય** [ કે. હ. ]

અ. નોં.

૨. ૧. **ખિતાબ,** [ગુ. શા.]

૪, ૧૧૧: છેલી સભા **મુંબાઈ** યુનિવર્સીટીની **થઈ** હતી તે વેળા પસંદ પડેલા વિદ્યાર્થીઓને આબરૂપત્ર તથા ખિતાબો મોટા ઠાઠમાઠથી અપાયા.

૨. **ઉપાધિ** [ મ. ૨.]

શિ. ઈ. ૫૧૬: **ઈંગ્લિશ** પાઠશાળા-ઓમાં શીખેલા બી. એ. એમ. એ. વગેરે **ઉપાધિધારી**ઓની તેમની ઉપાધિઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરથી જ શિક્ષણયોગ્યતા સ્વીકારી લેવામાં આવે છે.

૩. **પ્રતિષ્ઠાપદવી** [ક. પ્રા.]

ગુ.શા.૪૩, ૩૨૭: તેણે યુનિવર્સીટી (વિશ્વ-વિદ્યાલય) ની "ડીગ્રી" (પ્રતિષ્ઠાપદવી) પ્રાપ્ત કરી નથી.

૪. **પદવી** [અજ્ઞાત]

**Demonstrator (of a college), પ્રયોગવિદ્, તંત્રવિદ્** [દ. બા.]

**Dictation,** ૧. **અનુલેખન** [ન. લ.]

ન. ગ્રં. ૩, ૧૭૦: બાળકો મનોયત્નના જવાબ લખતા હોય, નિબંધ લખતા હોય, ડિકટેશન (અનુલેખન) લખતા હોય તે વેળા તેઓ અક્ષર ઉપર બેપરવાહી રાખે નહિ એવી મૂળથી જ ટેવ પાડવી.

૨. **શ્રુતલેખન** [મ. ર.]

શિ. ઇ. ૫૩૭: એક વર્ગનું વાંચન લેતી વખતે બીજાને શ્રતલેખન અથવા દાખલા આપવા પડે.

**Diploma,** ૧. **પ્રતિષ્ઠાલેખ** [ક. પ્રા.]

ગુ. શા. ૪૩, ૨૧૨: **એડિન્બરોની** યુનિવર્સિટિમાં શિક્ષકની યોગ્યતાના ડિપ્લોમા (પ્રતિષ્ઠાલેખ) માટે નીચે પ્રમાણે નિયમો છે.

૨.**સંમતિપત્ર** [મરાઠી ઉપરથી-વિ.ક.]

કૌ. ૧૯૩૨, જુન, ૫૦૬: તાજેતરના'કેસરી'-વાચનને પરિણામે: મેજિક મેન્ટર્ન=ચિત્રદીપ; મેન્ડેટ=આજ્ઞાપત્ર; ડિપ્લોમા=સંમતિપત્ર; જ્યોલોજિકલ=ભૌમિક.

**Direct method, પ્રત્યક્ષ પદ્ધતિ** [ક. પ્રા.]

ગુ. શા. ૪૬, ૯૮: આ પ્રમાણે પરભાષા બોલવાના માવરાથી શીખવી—એ પદ્ધતિને પ્રત્યક્ષપદ્ધતિ (ડિરેક્ટ મેથડ) કહે છે.

**Divider, પરકાર** [ગૂ. વિ.]

## E

**Extra reading,** ૧. **ફાલતુ વાંચન** [સાહિત્ય]

૧૯૨૬ ૯૫,૯:પાઠયપુસ્તક ઉપરાંતનું જે ફાલતુ વાંચન બાળકોના હાથમાં મૂકવાનું હોય તેમાં વિષયની ગંભીરતા કે સરસાઈ એકલી તપાસવાની ન હોય. સાથે સાથે બાળકોનો શોખ –સૌન્દર્યતરસ કેમ કેળવાય અને છીપાવાય એ પણ જોવું પડે.

૨. **વધારાનું વાચન, મદદગાર વાંચન** [દ. બા.]

૩. **ઇતરવાચન** [અજ્ઞાત]

## F

**Farce, પ્રહસન** [ન. લ]

ગ્રં. ૨, ૧૯૫: આ કારણથી તો એક **કરૂણપરિણામક** ગંભીર નાટક પ્રહસનરૂપ (ફાર્સ જેવું) થઇ પડયું છે.

**Fee,** ૧. **(school fee) ભણામણી** [જૂનો]

૨. **લવાજમ** [અજ્ઞાત]

**Film,** ૧. **ફલક** [બ. ક.]

સા. ભ. પ્રવેશક, ૩૭: વળી પુસ્તકો છબીઓ, નકશા, ચિત્રો, બંગડીઓ (discs) ફલકો (ff.) આદિના કોશો, સૂચિઓ, અનુક્રમણિઓ ઘણાં થયાં છે.

૨. **ચિત્રપટ** [રામચંદ્ર શુકલ, સ. ૧૯૨૭, ૪૨.]

**Firstaid, પ્રથમોપચાર** [મરાઠી–શંકર રામચંદ્ર ભાગવત]

વ. ૩૦, ૩૦૯: પ્રથમોપચારની વ્યવસ્થા.

**Foot,**

**Football, પાદકન્દુક** [ચં. ન.]

સ. ગોવર્ધનસ્મારક, ૮૬: પ્રત્યેક લત્તા-પ્રહારે આમથી તેમ પ્રેરાનારા પાદકન્દુક (f. b.) જેવા જેને પોતાના અભિપ્રાયો જ નથી તેવા પુરુષોમાંથી, સત્ય હિતની સિદ્ધિને અર્થે વિલક્ષણ ધર્મયુક્તિથી અવ્યવસ્થાનું સમાધાન કરનાર મહાશયોનો વિવેક કરવો એ અત્યન્ત આવશ્યક છે.

**Footnote,** ૧. **ટીપ** [ર. ઉ.]

ના.પ્ર. ૨૪: વળી નીચે ટીપમાં આપેલો એક અંગ્રેજનો અભિપ્રાય કેવો ભૂલ ભરેલો છે તે જુવો.

૨. **પદટિપ્પણ** [ગો. મા.]

સા.ભ.૨૩૪: **સરસ્વતીચંદ્ર** ભા. ૩,પૃ. ૬૨૫ અને ૫૯ ટિપ્પણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. પૃષ્ઠટિપ્પણ [ ક. પ્રા.]

શંકરજયન્તી વ્યાખ્યાનમાળા; પ્રસ્તાવના, શ્રી મચ્છંકરજયંતીના માંગલિક પ્રસંગે જુદે જુદે સ્થળે કરેલાં વ્યાખ્યાનોને પુસ્તકાકારમાં છપાવવાની માગણી કેટલાક મિત્રો તરફથી થવાથી આ સંગ્રહ પ્રકટ કર્યો છે. એમાં ભાષા જેમ બને તેમ સરલ કરી છે, તેમજ પૃષ્ઠટિપ્પણની જરૂર લાગી ત્યાં તે પણ આપ્યું છે.

૩. ચરણટિપ્પણી, [ ર. વા.]

બુ. પ્ર ૬૯, ૧૮૨: અવતરણો હોય તે ચરણટિપ્પણીમાં આપવાં અને લેખમાં તેનાં સરળ ભાષાંતર આપવાં.

૪. પદટિપ્પની, [ન. ભો.]

સ્મ.મુ.૮૭:કાંઇક તે રીતે જ પણ સ્વરૂપભેદથી સ્વ.સત્યેન્દ્રનાથ ટાગોરના અમદાવાદ પ્રાર્થનાસમાજના વ્યોમપ્રદેશમાંના ચંક્રમણને વિશે ઉપમા આપી શકાય એમ લાગ્યાથી ગયા સ્મરણમુકુરના પ્રતિબિમ્બમાં સત્યેન્દ્રનાથને કુંડળીમાં કેતુસ્થાને મૂકયા હતા અને પૃષ્ઠની પદટિપ્પનીમાં એ ઉપમાનો સહજ ઇસારો કર્યો હતો.

**Footpath,** પગમાર્ગ [મ. રૂ.]

ઈ. મુ. ૧૩: રસ્તા ઘણા પહોળા ને પથ્થરથી બાંધેલા હોય છે. તેમાં વચમાં ગાડી ઘોડાને જવાનો માર્ગ અને આસપાસ પગે ચાલવાનો માર્ગ હોય છે. એ પગમાર્ગ ઉપર પથ્થરનાં ચપટાં લંબચોરસ ચાસલાં જડેલાં હોય છે.

## G

**Governor,** ૧. સૂબો [જૂનો].

૨. પ્રાન્તપતિ [મ. સૂ.]

ગો. ઔ. ૩૦૧: સંવત ૧૯૩૯ ના આરંભમાં મુંબઇના પ્રવાસી પ્રાન્તપતિ (ગવર્નર) સર રિચર્ડ ટેમ્પલ વેરાવળ માર્ગે જૂનાગઢ જવાના હતા.

૩ હાકેમ [હ. દ્વા.]

છઠ્ઠી પરિષદ્, ભાષણ, ૫૧: સુધરેલા દેશોમાં પ્રખ્યાત પત્રોના તંત્રીને એક હાકેમ (ગવર્નર) જેટલો કે વધારે પગાર મળે છે.

**Graduate,** ૧. પદવાન [બુદ્ધિવર્ધકગ્રંથ]

૧૧, ૨૫૮: ત્યાં કેમ્બ્રીજની મહાશાળામાં (university)સન ૧૮૪૮ માં પદવાન (G.) થયો. ત્યાં ગ્રીક અને લાતીન ભાષામાં બહુ કુશળ ગણાતો તથા ગણિતમાં એણે પ્રતિષ્ઠા (Honours) મેળવી હતી.

૨. ઉપાધિધારી [ મ. ર. ]

શિ. ઈ. ૫૧૬: જુઓ Degree.

૩. પદવીધર [ અજ્ઞાત]

૪. સ્નાતક [ગૂ. વિ.]

વિ. ૨: સ્નાતક એટલે વિદ્યાપીઠ તરફથી કોઇ પદવી મેળવનાર.

**Gramophone,** ૧. નાદયંત્ર [ન. ભો.]

નૂ. ઝ. ૩:

એહ નપૂરનાદનાં<br>
કંઈ પડયાં પ્રતિબિમ્બ જે<br>
નાદયંત્રે ઉર તણા<br>
અર્પું જગાડી આજ તે.

૨. બોલતી ઘંટી [દ. બા.]

## H

**Handbill,** હસ્તપત્રિકા [મો. ક.]

ગાં. વિ. ૧૭૬: આપણે આગળ હસ્તપત્રિકાઓમાં જોઈ ગયા છીએ.

**High,**

**Highcourt,** ૧. વરિષ્ઠન્યાયાસન [ગો.મા.]

સ. ચં. ૧ જુઓ Barrister.

૨. વરિષ્ઠ ન્યાયસભા [મ. સૂ.]

ગો. ઔ. ૧૭૮.

૩. ન્યાયમંદિર [દ. બા.]

**Highjump,** અંગદ કૂદકો [ ગૂ. વિ.]

વિ. ૩૯:

**Highschool,** ૧. માધ્યમિકશાળા [અજ્ઞાત]

૨. પાઠશાળા [હ.દ્વા.] કે.શા.ક. ૧ ૩૨૮.

૩. વિનયમંદિર, [ગૂ. વિ] વિ. ૨:

**Homeopathist,** સમોપચારવેત્તા [ જ. પુ. ]

મ. કિ. ૩૬: સ્વ. મથુરાંદાસ અમૃતલાલ વસાવડા ઉર્ફે 'માસ્તર' નામથી જાણીતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયેલા પરદુઃખભંજક સમોપચારવેત્તા (હોમીઓપેથીસ્ટ) તરફથી 'વેદાર્થપ્રકાશ' નામક માસિક **જૂનાગઢ**માં શરૂ થએલું.

**Honours** ( Academic Distinction ), **પ્રતિષ્ઠા** [ બુદ્ધિવર્ધક ગ્રંથ જુઓ Graduate.]

**Horse power,** ૧. **પશુબલ** [બ. ક]

સુ. પુ. ૧, અંક ૧, પૃ. ૯૯: સુધરેલી દુનિયાને ચોરે કામદારવર્ગની પદ્ધતિસર ફરિયાદ ઉપરથી ઘણા સુધરેલા દેશો વચનથી બંધાયા, કે અમે અમારા મજૂરોને માણસ ગણીશું; પશુબળ (h. p.) કે સ્નાયુબળ (muscalar power) માત્ર નહીં ગણીએ.

૨. **અશ્વબળ** [ગૂ. વિ.] વિ. ૫૫.

**Hospital,** ૧. **આતુરાલય** [દુ. કે.]

યુ. ૧૯૮૦, અષાડ, ૨૫૨: આ આતુરાલયનું નામ વીરચોલેશ્વર આતુરાલય છે. આમાં ૧. **કાયચિકિત્સક** (Physician), ૧. **શલ્યચિકિત્સક** ( Surgeon ), ૨. પુરૂષપરિચારકો ૨. સ્ત્રી પરિચારકાઓ, ૧ સેવક, ૧ ધોબી, ૧ દ્વારપાલ અને ૧ કુંભાર એટલાં માણસો તેનાં તેનાં કામ માટે રાખવાં.

૩. **રુગ્ણાલય** [દ. બા.]

**Hostel,** ૧. **શાળાનિકેતન** [હ. મા.]

હિં. રા. ૧૮૦.

૨. **વસતિગૃહ** [હ. દ્વા.]

સા.પ, ૭૨૭; દરેક તાલુકામાં એક પાઠશાળા અને દરેક જીલ્લામાં એક મહાપાઠશાળા વસતિગૃહ [વીશી-h.) સાથે ઉઘાડવી જોઇએ.

૩. **શિષ્યાવાસ** [બ. ક]

સુ.૧૯૮૨, **આષાઢ**, ૧૧૨: ઉત્તર અને મધ્ય હિંદની કોલેજોમાં શિષ્યાવાસો ( hh. ) ની વ્યવસ્થા આપણા ઈલાકામાંથી એવી સારામાં સારી સંસ્થાને ટક્કર મારે એવી છે.

## I

**Icecream** ૧. **મલાઈ બરફ** [અજ્ઞાત]

૨. **દૂધઠાર** [બ. ક.]

ઉ. જુ. ૪૦: ઓહો, તે **મુંબાઈ-પૂના**માં ઈરાનીની ચાહ કે **મોનિજની-કોર્નીલિયા**નો દૂધઠાર (i. c.) પણ ત્હમે લેતા નથી?

૩. **કુલ્ફેમલાઈ** [દ. બા.]

**Inspector,** **નિરીક્ષક** [મ. સૂ.]

ગો. ગ્રા. ૭૮: રા. રા. **પ્રાણલાલજી** તેવામાં **સુરાષ્ટ્ર** દેશના (કાઠિયાવાડના) શિક્ષણશાખાના ઉપનિરીક્ષક-ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેકટર થયા હતા.

**Italics,** (Printing) **વક્રાક્ષર** [હ. પ્રા.]

ગ. ૫. ૬

## K

**Kindergarten,** ૧. **બાલવાટિકા** [ મ. ર. ]

શિ. ઈ. ૩૬: **ઍરિસ્ટોટલ**ના આ શબ્દોમાં બાલવાટિકા ( કિન્ડરગાર્ટન ) જેવી યોજનાઓનો પરિહાર થાય છે એમ સમજવાનું નથી.

૨. **બાલોદ્યાન** [અજ્ઞાત]

**Kinematograph, - Cinematograph,** ગતિચિત્રક [સેહેની]

**સુદર્શન** ૧૬, ૩૧૨: ઘોડાગાડી, આગગાડી, વીજગાડી, સંદેશો, કાગળ, તાર, છબી, સ્વરલેખક (Phonograph) ગતિચિત્રક (k.) ઈત્યાદિ યોજનાઓથી સ્થળો વચ્ચેનું ગમે તેટલું અંતર નહીં જેવું બને છે.

## L

**Lecturer,** ૧. **ઉપ-અધ્યાપક** [અ. ક.]

યુ. ૧૯૮૦, **માહ**, ૩૪૩: આવી રીતના ૧૯ પ્રોફેસરો (અધ્યાપકો) ઉપરાંત એ યુનિવર્સિટીને અંગે ૫૦ ઉપ-અધ્યાપકો (લેક્ચરર) ને સોળ શિક્ષકો છે.

૨. **અધ્યેતા, ઉપાધ્યાય** [દ. બા.]

**Lible,** **મિથ્યારોપ** [ન. વ.]

ન. ગ્રં. ૧, ૩૦૦: અમે તો આ અપવાદને આપણા દેશી ભણેલાઓ ઉપર દુષ્ટ મિથ્યારોપ (લાઇબલ) ગણીએ છીએ.

૨. **ચારિત્ર્યદૂષણ** [ ગો. મા.]

સ. ચં.૪, ૪૬: ચારિત્ર્ય દૂષિત (ચારિત્ર્યદૂષણ=લાઈબલ=પારકાની આબરૂ હલકી કરવી) કર્યાના આરોપકાળે એકલું સત્યવચન બોલ્યા છીયે કહ્યાથી આરોપી નિર્દોષી નથી ઠરતો.

૩. **બદનક્ષી** [અજ્ઞાત]

૪. **આબરૂ-નુકશાની** [મો. ક.]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ.ઈ.૨,૧૭૯: જો કમિશન આગળ જુબાની ન દઇ શકાય તો જેઓને કોમ ગુન્હેગાર ગણતી હતી તેઓની સામે ફરિયાદો એવા રૂપમાં બહાર પાડવી કે જેથી તહોમતદારની મરજી હોય તો લાઈબલ–આબરૂનુકશાનીનો દાવો માંડી શકે.

**Librarian, ગ્રંથપાલ** [દ. બા.]

**Life member, આજીવન સભ્ય** [ સુમનસ્ હરિલાલ ધ્રુવ ]

વ. ૭, ૩૯૫: તે સમિતિમાં ત્રણ પ્રકારના સભાસદો છે. ૧ આજીવન સભ્ય (L. M.) સાધારણ સભ્ય (Fellows), ૩. સભાવક સભ્ય (Patrons).

**Long jump, હનુમાન** કૂદકો [ગૂ. વિ.]

વિ. ૩૯:

## M

**Magistrate, ૧. સાહસન્યાયાધીશ, સાહસાધિકારી** [ ઉ. કે. ]

બ્રિ. આ. ઇ. ૧, (૧) ૮૧: યુરોપિઅન દીવાની અધિકારીઓને કલેકટર ( દેશાધ્યક્ષ ) જજ ( વ્યવહારન્યાયાધીશ ) અને મેજીસ્ટ્રેટ ( સાહસન્યાયાધીશ ) ના સંયુક્ત અધિકારો આપવામાં આવ્યા. (૨) ૮૨: ૧૭૯૩ માં દીવાની અને ફોજદારી ઈન્સાફની રીતિમાં બીજા સુધારા થયા. ન્યાય અને કાર્યભાર ખાતાં જુદાં પડયાં. દેશાધ્યક્ષ (કલેકટર) કરતાં વધારે દરજ્જાના અમલદારને વ્યવહારન્યાયાધીશ અને દરેક વિભાગમાં સાહસાધિકારી તરીકે નીમ્યો.

૨. **શાસક** [બ.ક.]

દર્શનીઉં ૯૩:એમનો વિચાર એ છે કે આપણે ચાર મળીને આ ગામ માટે કાયમના પંચ થઈયે, સરકારમાં આપણું ચારનું બનેલું મંડળ ગામના કાયમના લવાદ ( arbitrator આર્બિટ્રેટર ) અને શાસક ( m. મેજીસ્ટ્રેટ ) તરીકે નોંધાય, અને પછી ગામલોકના જે કંઇ વાંધા ઉઠે, અગર જે કંઇ સાધારણ ગુનાહ બને તે સૌની રાજીખુશીથી આપણી આગળ આવે, અને આપણે તેનો જાહેર અને રીતસર નિકાલ કરીયે.

૩. **દંડેશ્વર, માજીસ્ટ્રેટ** [દ. બા.]

**Mark** ( In an examination ), **ગુણ** [ ગૂ. વિ. ]

**Martial law, લશ્કરી કોયડો** [બ. ક.]

વ. ૮, ૪૭: પ્રાચીન આંધાધુંધીના વખતમાં લશ્કરી કોયડો (M. L.) ચાલતો.

**Matriculate, વિનીત** [ ગૂ. વિ. ]

વિ. ૨: વિનીત એટલે વિનયમંદિરની કેળવણી પૂરી કરી, મહાવિદ્યાલયની કેળવણી લેવા યોગ્ય છે એવી જાતનું વિદ્યાપીઠ તરફથી પ્રમાણપત્ર મેળવનાર.

**Medal, પદક, ચંદ્રક, ચાંદ** [ અજ્ઞાત ]

**Member, ૧. અંગભુત** [ ગો. મા ]

સ. ચં. ૧, ૨૨૨: આ સમયમાં ઘણાક વિદ્વાન્ ગૃહસ્થો સાથે તેને પ્રસંગ પડયો હતો. ઘણીક સભાઓમાં અંગભૂત ("મેમ્બર") હોવાથી આ પ્રસંગનાં સ્થાન અનેક થયાં હતાં.

૨. **સભ્ય, સભાસદ** [અજ્ઞાત.]

**Mill, ( Cotton mill ) સૂત્રયંત્ર** [ ગો. મા. ]

સ. ચં. ૧, ૨૩૩: શેઠ એક સૂત્રયંત્ર ( સૂતરની ' મિલ ' ) ના મૂળ વ્યવસ્થાપક હતા.

**Municipality, ૧. શહેરસુધરાઈ ખાતું, શહેરસુધરાઇ, સુધરાઈ** [ અજ્ઞાત ]

૨. **નગરસભા** [વ. ઓ.]

વ.૫,૧૬૪:સ્થાનિક રાજ્યકોશને જેમ સ્વતંત્રતા આપવામાં આવી તેમ સ્વરાજ્યના સંબંધમાં નગરસભાઓ અને જનપદસભાઓ (Local Boards) ને વધારે છૂટ આપવામાં આવી.

૩. **ગ્રામસભા** [ર. વા.]

સ.૧૯,૩૬૬:દર વર્ષે વર્ષના પ્રારંભમાં દરેક સ્થળની નગર કે ગ્રામસભા (m.) પોતાની મર્યાદામાં વસતા લોકોની ગણત્રીના કોઠા તૈયાર કરે છે.

૪. **સુધરાઈસમિતિ** [બ. ક.]

સુ.૧૯૨૦ **આશ્વિન**,૧૨૭:રખડતાં કુતરાંનો ઉપદ્રવ અંકુશમાં રાખવાને માટે પોલીસ અને શહેરસુધરાઈના સહકારથી જે પ્રણાલિકા વર્ષો થયાં ચાલતી હતી, તે **અ**મદાવાદની શહેરસુધરાઇસમિતિ (મ્યુનિસિપાલીટી) એ અટકાવી પાડી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



५. **નગરવ્યવસ્થામંડળ** [દ.બા.]

**Museum, સંગ્રહસ્થાન** [ અજ્ઞાત ]

૨. **અજાયબઘર** [દ. બા.]

કા.લે ૨,૧૯૦:હિંદી કોમ જેવી સંસ્કારી જાતિ હજારો વરસ સુધી દૂર દૂર દેશના લોકોના પગ તળે કચરાઇ જની છતી ભૂગોળનું મહત્ત્વ જાણતી નથી એ વસ્તુ દૈવના અજાયબઘરમાં (મ્યુઝિયમ) પણ એક અનેરો નમૂનો છે.

## O

**Office, કચેરી** ૧. [ જૂનો ]

૨. **કક્ષા** [ગો. મા.]

સ. ચં. ૪, ૮૪૫: એ આશીસોનું નામ "કક્ષાઓ" પાડયું હતું, અને સૂત્રયંત્ર કક્ષા, વ્યાપારકક્ષા અને સમાજકક્ષા નામોથી એ એ આશીસો ઓળખાતી હતી.

૩. **કાર્યાલય** [અજ્ઞાત]

**Oil painting, તૈલચિત્ર** [અજ્ઞાત]

જુઓ કોશમાં Bookillustration.

**Oral, મૌખિક** ૧. [ ગૃ. વિ. ]

વિ. ૭૩: ઔદ્યોગિક પરીક્ષાઓ લેખિત અને પ્રત્યક્ષ લેવાશે, કદાચ મૌખિક પણ લેવાય.

૨. **મુખગત** [ન.ભો.]

સ્મ. મુ.૧૭૫:આ વખતે સંસ્કૃતમાં વિદ્યાર્થીઓ O. ની(મુખગત) પરીક્ષા લેવાતી હતી.

**Order,**

**Out of order,**૧.**નિયમબાહ્ય** [આ.બા.]

વ. ૨૩, ૧૯૮: આ શર્ત નિયમબાહ્ય ( out of order ) છે એમ પ્રેસિડન્ટ સર ચિમનલાલે જણાવ્યું.

૨. **તંત્રબાહ્ય, તંત્રવિરુદ્ધ** [દ. બા. ]

**Orderly, સંદેશવાહક, પ્રતિહારી** (?) [ દ. બા. ]

**Oxygen,** ૧. **પ્રાણવાયુ** [ અજ્ઞાત ]

૨. **પોષકવાયુ** [ગો.મા.]

સા. ૩, ૩૭: પોષકવાયુ–O-જેવા પદાર્થ સર્વને ગ્રાહ્ય થવા દેવા માટે મનથી ઉત્પન્ન થતા સર્વ અન્તરાય દૂર રાખીશું.

## P

**Pension,** ૧. **વિશ્રામવૃત્તિ** [મ. સૂ.]

ગૌ. ઓ. ઉદ્ઘાટન, ૧૫: જે સ્વાશ્રયી પુરૂષે રૂ. ૭૫)ના વાર્ષિક વેતનથી રાજ્યસેવામાં પ્રવેશ કરેલો તેનું, સદ્બુદ્ધિ તથા સદ્વર્તનથી રાજ્યસેવામાંથી મોક્ષણ સમયે વાર્ષિક સદ્ઉપાર્જન રૂ.૨૦૦૦૦)ના વંશપરંપરાના આસરૂપ ગ્રામ અને ૨૦,૦૦૦) વિશ્રામવૃત્તિ (પેન્શન) કુલ રૂ. ૪૦,૦૦૦ નું વર્ષાશન.

૨. **નિવૃત્તવેતન** [દ. બા.]

**Phonograph, સ્વરલેખક** [સેહેની]

જુઓ Kinematograph.

૨. **સ્વરપ્રત્યુત્પાદક યંત્ર** [વિ. ક્ષુ. ]

**શાળાપત્ર જ્યુબિલિ અંક, ૧૩૯,** એટલે જ બલ્કે એથી પણ વધારે દરરોજે ફોનોગ્રાફની (સ્વરપ્રત્યુત્પાદક યંત્રની) કળા આ જમાનામાં પારચિત થતી જાય છે.

**Phonography, પ્રતિસ્વરોત્પાદન** [બ. ક.]

સા. ૭. પ્રવેશક, ૩૭: હાલ લેખનકળા ઉપરાંત મુદ્રણ, પ્રતિસ્વરોત્પાદન (reproduction of the sound–phonography ) નૃત્ય અભિનય આદિ ગતિ અને ચેષ્ટાઓનું બિમ્બીકરણ યથેષ્ટ વધ્યાં છે.

**Photography,** ૧. **કિરણલેખ્યકલા** [ મ. સૂ. ]

**વિચારસાગર,** પ્રસ્તાવના, ૧૩: જેમ કિરણલેખ્યકલામાં (ફોટોગ્રાફીમાં) સૂર્યનાં કિરણ શુદ્ધ થઇ સંસ્કાર પામેલા નિશ્ચળ કાચ ઉપર ક્ષણવારમાં યથાર્થ પરિપૂર્ણ ચિત્ર પાડે છે, તેમ બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય ઉત્તમ ગુરુ શુદ્ધ થઈ સંસ્કાર પામેલા નિશ્ચળ અંતઃકરણ ઉપર યથાર્થ જ્ઞાનની પ્રતિમા પાડે છે.

૨. **પ્રકાશલેખન** [દ. બા.]

**Plague,**૧. **મરકી, ગાંઠિયો તાવ** [અજ્ઞાત]

૨. **ગ્રન્થિજ્વર** [મ. સૂ.]

અ.૫૯: એ રૂદ્રવીશીના દશકમાં પ્લેગ (ગ્રન્થિજ્વર) તથા દુષ્કાળ હોવાથી પ્રજા બહુ સંકટમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. **મહામારી** [અજ્ઞાત–દામોદર ખુ-શાલદાસ બોટાદકર:] નિર્ઝરણી.

**Platform**, ૧. **સિંહાસનપીઠ** [ઉ. કે.]

૨. **વ્યાસપીઠ** [અજ્ઞાત]

૩. **સભાપીઠ** [આ. બા.]

વ. ૨૪. ૪૩૮: સનાતનધર્મી પંડિત **મદનમોહન માલવીય** અને પંડિત **દીનદયાલ શર્મા** અને **આર્યસમાજી** લાલા **લજપતરાય** અને સ્વામી **શ્રદ્ધાનંદ** એક જ સભાપીઠ ઉપર મળ્યા.

૪. **ઓટો** [બ. ક.]

સુ. **૧૯૮૩, કાર્તિક, ૧૦૮: સ્ટેશન**ના લાંબા ઓટા (p.) પ્લેટફોર્મ ઉપર પોતાની બંધ બારીની આગળ જ આ બે વચ્ચે થયેલી નીચેની વાતચિત લૉર્ડ કર્ઝને બારી પાછળથી કાનોકાન સાંભળી.

**Police**, ૧. **ચોકીદાર** [જૂનો]

૨. **પ્રાન્તરક્ષક, દેશપાલક** [ગો.મા.]

સ. ચં. ૪, (૧) ૨૨૧: રાજા છે ત્હેના રાજ્યત્વને અંગે જ ન્હાની સરખી સેના અથવા "સશસ્ત્ર પ્રાંતરક્ષકો"–armed police-અમે રાખીએ છીયે; (૨) ૩૦૩: ઈંગ્રેજી રાજ્યમાં શંકિત કારાગૃહ દેશપાલક –પોલીસ–અધિકારીઓના હાથમાં હોય છે.

૩. **નગરરક્ષક** [હ. દ્વા.]

સા.૫, ૬૪૯: જાનમાલના રક્ષણ માટે નગર-રક્ષકો (પોલીસ)નાં થાણાં ઠેકઠેકાણે બેસાડવામાં આવ્યાં હતાં.

**Practising School**, **શિક્ષણાનુભવ-શાળા** [મ. ર.]

શિ. ઇ, ૫૨૦: શિક્ષણાનુભવશાળા કે જે દરેક શિક્ષણપદ્ધતિશાળામાં આવશ્યક અંગ ગણાય છે, તે શિક્ષણકલાની અધોગતિની પૂર્ણતા કરે છે.

**Principal**, ૧. **મુખ્ય અધ્યાપક** [ચં. ન.]

સ. ૧૯૧૯, **માર્ચ**: **ફર્ગ્યુસન** કોલેજના મુખ્ય અધ્યાપક પ્રિન્સિપાલ **પરાંજપે** સાથે ત્હેમને મીઠો સંબન્ધ હતો.

૨. **આચાર્ય** [ગૂ. વિ.]

**Private secretary**, **અમાત્ય** [મ. સૂ.]

ગો. ઞા. ૨૨૮: ગવર્નર જનરલ સાહેબના અમાત્ય (પ્રાઇવેટ સેક્રેટરી) ગવર્નરના જ પુત્ર હતા.

૨. **રહસ્યમંત્રી** [અજ્ઞાત]

૩. **ખાનગી કારભારી** [અજ્ઞાત]

**Privy Council**, **વિશિષ્ટ મંત્રીમંડળ** [ઉ. કે.]

વ. ૧૭, ૩૦૨: **હિંદી** સરકારના બન્ધારણ સંબંધમાં એક અગત્યનો વધારો એ છે કે **હિંદ**માં એક વિશિષ્ટ મંત્રીમંડળ (P. C.) સ્થાપવું.

**Professor**, ૧. **શિક્ષાગુરુ** [મ. રૂ.]

ચે. દ. ચ. ૫: ગણિતવિદ્યામાં તે ઘણો પ્રખ્યાત થયો હતો તેથી તેને તે વિદ્યાલયમાં ગણિતનો શિક્ષાગુરૂ કર્યો.

૨. **વિદ્યાગુરુ** [મ. રૂ.]

ઇ. મુ. ૬૪: વિદ્યાગુરૂઓના પગાર ભારે છે. એ કૉલેજ સરસ ગણાય છે.

૩. **આચાર્ય** [ક. પ્રા.]

ગુ. શા. ૪૩, ૩૦૧: કૉલેજ જેવી મોટી સંસ્થાઓ, જેમાં વિદ્યાર્થીઓ એ વિષયમાં કેટલોક પ્રવેશ કરી ચૂક્યા હોય છે, તેમાં પણ જ્યારે વિદ્યાર્થી-પુસ્તકો વાંચી શીખે તેના કરતાં આચાર્યો (પ્રોફેસરો) વ્યાખ્યાન કરે તેની છાપ ઘણી ઉંડી પડે છે ત્યારે પ્રાથમિક શાળામાં પડે તેમાં તો નવાઈ જ શી?

૪. **અધ્યાપક** [અજ્ઞાત]

**Programme**, ૧. **પરિપાટી, કાર્યક્રમ** [ગો. મા.]

સ. ચં. ૪, ૩૪૨: ત્યાં રચવા ધારેલી રાસ-લીલા વગેરેની પરિપાટી (કાર્યક્રમ, P.) ત્યાંના મંડળ પાસેથી જાણી લેવા લાગી અને **કુમુદ**ને સમજાવવા લાગી.

૨. **કાર્યવાહિ** [હ. દ્વા.]

સા. ૮, ૪૫: હવે પછીને માટે તમે તમારી કાર્યવાહી (પ્રોગ્રામ) તૈયાર કરી કે ની?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. **કાર્યવિધિ** [હિં.હિ વ.]

૪. **ક્રમનિવેદન** [કા. છ.] સ.૩૦,૪૮૩.

**Proof-**

**Proofsheet** ૧.**પૂર્વમુદ્રાપત્ર** [મ.સૂ.]

હ. બા. ૭૨: તેવામાં 'વિચારસાગર' નામે તત્ત્વજ્ઞાનના ગ્રંથનું ગૂજરાતીમાં પ્રત્યયાંતર મુદ્રાંકિત થતું હતું. તેનાં પૂર્વમુદ્રાપત્રો (પ્રૂફશીટો) શોધવામાં તેઓ સહાયભૂત થયા હતા.

૨. **છાપાખરડો** [અ. ફ.] સાતમી પરિષદ.

**Prospectus,** ૧. **બોધપત્રક** [અજ્ઞાત]

૨. **રૂપનિર્દેશ, રૂપરેખા** [દ. બા.]

**Pump,** **શોષક** [દ. બા.]

**R**

**Railway,** **લોહમાર્ગ** [મ. સૂ.]

અ. ૧૭૮: 'ઍકબે' આગળ જ્યાં જળ હતું ત્યાં સ્થળ અને વળી તે ઉપર લોહમાર્ગ (રેલ્વે) અને અગ્નિરથ!

**Reminder,** **યાદપત્ર**[વિ.ક.]ખાનગી કાગળ.

**Reporter,** ૧. **ખબરપત્રી** [અજ્ઞાત]

૨. **વૃતાંતકાર** [વિ. ક.]

કૌ. ૨, ૧ ૨૫૫: '**મદ્રાસમેલ**'ના માજી વૃત્તાંતકાર ('રીપોર્ટર') રા. સી. એમ. **મનુસ્વામી** આયંગરનું અવસાન.

૩. **વૃતાંત્તનિવેદક** [આ. બા.]

વ. ૩૧, ૨૯: અને અમને યાદ આવે છે તે પહેલાં **અમેરિકન વર્તમાનપત્રોની** વૃતાન્તનિવેદિકા ('રિપોર્ટર') બાઇએ કહ્યું હતું કે ઈંગ્લંડના સોશ્યલિસ્ટમંડળમાં મિ. બ્લેઈસ્ફર્ડ જેટલો 'brainy'-યાને દિમાકવાળો માણસ બીજો નથી.

**Roller,** **વર્તનયંત્ર** [ક. પ્રા.]

**કર્તવ્ય,** ૩૨૧: ખાંડના સાંચા માટે જોઈતાં વર્તનયંત્ર (રોલર) **વિલિઅમ્સે** હાથે બનાવેલા સંધાડામાં બનાવ્યાં.

**S**

**Safety lamp,** **સ્ફોટંજય** [દ. બા.]

**Sanitarium,** **સ્વાસ્થ્યાલય** [બ. ક.]

ભા. લે. પ્રવેશક. પૃ... સ્વાસ્થ્યાલયો (સ.) યોગ્ય સ્થળોમાં મ્હોટી સંખ્યામાં અને પૂરતી સગવડવાળાં રચાવાં જોઈએ.

**Scout,** ૧. **ચાર** [ન. ભો.]

સ્મ. મુ. ૨૦૮: કેશવલાલલને બદલે હેમનો ન્હાનો ભાઇ, દસ વરસનો બાળક, આગળથી જતો હતો. (સ. ચાર રૂપે મોકલ્યો હશે) પાછળ ગુપ્ત રહેલું દળ હતું તે હમને ખબર નહિં.

૨. **બાલવીર** [રા. વિ.]

પ્ર.૨, ૩૨૬:ગૂજરાતમાં સ્કાઉટ, બાલવીરોની ચળવળ કિશોરોમાં થવા લાગી છે.

**Boyscout,** **બાલસૈનિક** [ઉ. ક.]

વ. ૧૫, ૯૧: શાળાઓમાં જ બાળસૈનિકો (B. Ss.) તરીકેની તાલીમ આપી અમુક વયે લશ્કરી જીવનનો ખ્યાલ આપવાની સગવડ કરવી જોઇએ.

**Second language,** ૧. **બીજી ભાષા** [અજ્ઞાત]

૨. **સહભાષા** [વિ. ક.]

કૌ. ૧, ૨, ૯૭: ક્રમનસીબે તમે સહભાષા ફારસી પસંદ કરેલી.

૩. **દુય્યમ ભાષા, સંસ્કારભાષા** [દ. બા.]

**Secretary,** ૧. **મુનશી** [અજ્ઞાત]

**નર્મદયુગ,** જેમકે: બુદ્ધિવર્ધક સભાનો મુનશી, જ્ઞાનપ્રચારક સભાનો મુનશી (જુઓ દલપતરામકૃત **પુનર્વિવાહ** પ્રબન્ધ.)

૨. **મંત્રી** [મ. સૂ.]

ગો. ઝા. ૧૮૦: સરકારના મન્ત્રી (સેક્રેટરી) મિ. સી. ગાન નામે એક સારા ગૃહસ્થ હતા.

**Senate,** ૧. **વૃદ્ધસભા** [ક. પ્રા.]

ગુ. શા. ૪૭, ૬૬: એ રાજાઓને સેનેટ (વૃદ્ધસભા) અને લોકસભાની સંમતિ લેવી પડતી હતી.

૨ ૧. **નિયામકસભા** [ગૂ. વિ.]

વિ. ૨: નિયામક સભા એટલે **વિદ્યાપીઠ**ની કોઇ પણ બાબત ઉપર વિચાર તથા નિર્ણય કરી તે પ્રમાણે અમલ કરવાની આજ્ઞા કરવાની સત્તા ધરાવનારૂં મંડળ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨. વિદ્વન્મંડળ [અ. ક.]

યુ. ૧૯૮૦, માહ, ૩૪૩, આ યુનિવર્સિટીની સેનેટ–આ શારદાપીઠનું મમસ્ત વિદ્વન્મંડળ–માસ્તર કે ડૉકટરની ડિગ્રીવાળા અને ત્રણ વર્ષના તમામ ગ્રેજ્યુએટોનું બનેલું હોય છે.

૩. વિદ્વત્સભા [આ. બા.

વ. ૨૫, ૧૪૦: સેનેટ યાને વિદ્વત્સભા એનું સ્વરૂપ તો જાણીતું જ છે.

૪. વિદ્યાપીઠસમિતિ [બ. ક.]

સુ. ૧૯૮૨, આષાઢ ૧૦૯: વિદ્યાપીઠસમિતિ (S.) આ પ્રથા જાણે છે...

**Senator, નિયામક** [ગૂ. વિ.]

**Senior wrangler, ગણિતકેશરી** [નીલકંઠરાય ડાહ્યાભાઇ.]

બુ. પ્ર. ૪૭: ૮૮: કેમ્બ્રીજ યુનિવર્સિટીમાં ગણિતશાસ્ત્રનો અભ્યાસ કરી સિનિયર રેંગ્લર અથવા ગણિતકેશરીનું પદ તેને મેળવ્યું.

૨. ગણિતપારંગત [દ. બા.]

**Shareholder, ભાગસ્વામી** [ગો. મા.]

સ ચં. ૧, ૨૩૩: સૂત્રયંત્રના ભાગસ્વામીઓ (શેરહોલ્ડરો) ને હાનિ ન થવી જોઇએ.

**Shorthand, ટુંકાક્ષરી** [ર. વા.]

ર. ફૂ. ૨૬૪: નાતમાં પ્રેસએકટ કે ડિફેન્સ-ઓફ ઇન્ડિયા એકટ નહોતો. સી. આઇ. ડી પણ નહોતો. ટુંકાક્ષરી રીપોર્ટર પણ નહોતા પણ સ્ત્રીઓ વાણીનું સ્વાતંત્ર્ય પૂરેપૂરૂં વાપરે એમાં એમનો શો દોષ ?,

૨. હ્રસ્વાક્ષરી, [હિં. હિ. વ.]

૩. લઘુલિપિ [વિ. ક.]

કૌ. ૧, ૩, ૧૩૩: તે લઘુલિપિથી (શોર્ટહેન્ડ) લખે છે.

૪. શીઘ્રલિપિ [દ. બા.]

**Shorthand writer, લઘુલિપિકાર** [વ. ઑ.]

વ. ૧. ૩૧૩: તેઓ પાર્લામેન્ટની હકીકત મેળવવા માટે શૉર્ટહેન્ડ રાઈટર યાને લઘુલિપિકારોને રોકે છે.

**Slide, સરકચકતી** [વિ. ક.]

કૌ. ૨, ૧, ૨૫૬: મદ્રાસ યુનિવર્સિટીમાં લંડન યુનિવર્સિટીવાળા ડૉ. જે. પી. વોગેલનું સરકચકતી ('સ્લાઇડ') સાથેનું ભાષણ.

**Sonnet, ૧. ધ્વનિત** [અ. ફ. વિલાસિકા]

**Soviet, પ્રજાસમષ્ટિરૂપ રાજ્યતંત્ર** [આ. બા.]

વ. ૩૧, ૮૪; ૫: રૂશિયા જે વીસ વર્ષ ઉપર કેવળ ઉદ્યોગહીન દેશ હતો–એવો જડ કે "જેને એક ઊંદરીયું" (mousetrap) બનાવવા જેટલી પણ બુદ્ધિ ન હતી" એ રૂશિયામાં સોવિયેટ રાજ્યે ( પ્રજાસમષ્ટિરૂપ રાજ્યતંત્રે ) ચેતી પાંચ વર્ષની ઔદ્યોગિક યોજના વડે બીજા ઔદ્યોગિક દેશોને ખળભળાવી મૂકયા છે.

**Steamer, બાષ્પનૌકા,** [મ. સૂ.]

ગો. ઝા. ૧૯૩: જૂનાગઢના નવ્વાબ સાહેબ પણ તે પ્રસંગ સારૂ વેરાવળથી જલમાર્ગે સ્ટીમરમાં ( બાષ્પનૌકામાં ) મુંબાઈ આવવા નિકળ્યા.

**Stereoscope, મૂર્તપ્રત્યાદર્શયંત્ર** [ કે. હ. અ. નોં.]

**Store, વસ્તુવિક્રયાલય** [આ. બા.]

વ. ૩૧, ૫૮: અને ન્હાની ન્હાની દુકાનોને ઠેકાણે મ્હોટાં સ્ટોર્સ યાને વસ્તુવિક્રયાલય સ્થાપવાં છે.

**Submarine.** *Adj.* ૧. **જલભીતર** [ મ. ર. ]

બ્રિ. હિં. વિ. ૧, ૧૫૬: એ વિગ્રહમાં બીજાં પણ ઘણાં વહાણો જલભીતર (સબમરીન) સુરંગોને લીધે નાશ પામેલાં.

૨. આર્ણવ, જલચર [દ. બા.]

૩. જલમગ્ન નૌકા [આ. બા.]

વ. ૧૬, ૧૩૪: દરિયા ઉપર જર્મનીનું મ્હોટામાં મ્હોટું પરાક્રમ તે 'સબમરીન' યાને જલમગ્ન નૌકા વડે કરવા માંડેલી ચાંચીઆગીરી છે.

૨. જલાન્તઃસંચારિણીનૌકા [ક. પ્રા.]

૩. જલાન્તરનૌકા [મ. ર.]

બ્રિ હિં. વિ. ૧. ૧૭૮ ગમે તે દરિયામાં અને ગમે તેટલે દૂર જઇ શકે તેટલી જલભીતર નૌકા મોટી થઇ છે કે કેમ, એ સવાલન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવાબ ઉપર ભવિષ્યના નૌકાયુદ્ધનો આધાર છે.

૪. **યાદોનૌકા**, જ **ચરનૌકા** [દ.બા.]

**Summons, આમંત્રણ, આજ્ઞાપત્ર** [ગો. મા.]

સ. ચં. ૪, ૭૭૯: અમાર ન્યાયાધીશે મોકલેલું આ આજ્ઞાપત્ર લ્યો.

૨. **આહ્વાન** [વડોદરા રાજ્ય, જુઓ ક. પ્રા. સાતમી પરિષદ].

૩. **પ્રૈષ** [દ. બા.]

**Superintendent,** ૧. **ગૃહપતિ** [નૃ. કા.]

બુ. પ્ર. ૬૮, ૨૨૯: બોર્ડિંગનો ગૃહપતિ (સુપરિન્ટેન્ડેન્ટ) કેવો હોવો જોઇએ, એ આ લઘુ લેખમાં હું વિચારીશ.

૨. **નિરીક્ષક** [દ. બા.]

## T

**Tableau, મૂકાભિનય** [ ચંદુલાલ જટાશંકર ભટ્ટ.]

સુ, ૧૯૩, કાર્તિક, ૮૬.

**Team, ચમૂ** [બ. ક.]

જુઓ Bowler.

**Telephone, દૂરાકર્ણક** [ન. લ ]

જુઓ Microphone.

**Talkie, બોલપટ** [મરાઠી–વિ. ક.]

કૌ. ૧૯૩૨, **મે.** ૪૧૯: પરમ દિવસના 'કેસરી'માંના પાંચેક પારિભાષિક શબ્દો ગુજરાતીમાં પણ ચાલુ ઉદ્યોગને અંગે વિચારવાજોગ હોઇ, એ વિષયના જિજ્ઞાસુઓની જાણ માટે વગર ટીકાએ જ ઉતારું છું (પહેલા ચાર રા. **વિ. દા. સાવરકરતા** સૂચવેલા છે; છેલ્લો એક નનામા લેખમાં):'ટૉકી'=બોલપટ; 'પૅરોલ' =વચન;'ટ્રુસ'=ઉપસંધિ; 'બ્રોડકાસ્ટ'=ધ્વનિત ક્ષેપ 'ટ્રસ્ટી'=વિશ્વસ્ત.

**Term, સત્ર** [ મ. ર. ]

શિ. ઇ. ૪૯૦: સમને અંતે અપાતી સૂચનાઓમાં પ્રદર્શિત થતો તેનો સંપૂર્ણ વિશ્વાસ.

**Terminal examination, સત્રાન્ત પરીક્ષા** [અજ્ઞાત ગૂ. વિ.]

**Thermometer,** ૧. **ઉષ્ણતામાપક યંત્ર** [ ન. લા. ]

ન. ક. ૬૭૫: જેમ થરમામીટર–ઉષ્ણતામાપકયંત્રમાંના પારાને ગરમી ઓછી લાગતી જાય છે તેમ તે નીચે બેસે છે.

૨. **ઉષ્મામાપક યંત્ર** [ન્હા. દ.]

ઉષા, ૬: છાંયડામાં પણ ૧૧૮ અંશ તાપ ઉષ્મામાપકયન્ત્ર માપતું.

૩. **પારાશીશી** [મો. ક.]

૪. **તાપનળી** [અજ્ઞાત]

**Timetable, સમયપત્રક** [ ન. લ. ]

ન. ગ્રં. ૩, ૪૬:

**Townhall,** ૧. **પુરાલય** [ મ. સૂ. ]

ફા. ય. ૧૩: તે હાલ મુંબઈમાં "ફાર્બસ ગૂજરાતી સભા" ના સ્વાધીન પુસ્તક સંગ્રહમાં મુંબઇના પુરાલય (ટાઉન હોલ)માં છે.

૨. **નગરમન્દિર** [ત્ર. ઑ.]

વ. ૫, ૩૧૩; કલકત્તાના 'ટાઉન હૉલ' (નગરમન્દિર)માં કલકત્તાની યુરોપિયન વસ્તીની જાહેર સભા થઇ.

**Training College-school,**

૧. **શિક્ષણપદ્ધતિશાળા** [ મ. ર. ]

શિ. ઈ. ૧૮૭:

૨. **શિક્ષકાલય,** [ક. પ્રા.]

ગુ. શા. ૪૬, ૭૧: નીચેના કોઠા ઉપરથી શિક્ષકશિક્ષણમહાલયોને લગતી હકીકત સમજાશે...

૩. **અધ્યાપનમંદિર** [ગૂ. વિ.]

વિ. ૧૫૫: શિક્ષક તૈયાર કરવા માટે એક અધ્યાપનમંદિર સ્થાપવામાં આવ્યું હતું.

**Trustee,** ૧. **કાર્યકર્તા વિશ્વાસ્ય** [મ. સૂ.]

હ. બા. ૮૨: એ પ્રમાણે ઇચ્છાપત્રમાં વ્યવસ્થા કરી છે. તેઓનાં માતાજી તથા સ્ત્રીને તથા મુરારજી ગોકુલદાસ, શેઠ ગંગાદાસ એઓને ઇચ્છાપત્રના કાર્યકર્તા વિશ્વાસ્ય " ટ્રસ્ટી " થવાની વિજ્ઞપ્તિ એ લેખમાં કરવામાં આવી છે.

૨. **અમાનતદાર** [ મ. ર. ]

શિ. ઈ. ૪૮૦: શાળાના અમાનતદારોના સંબંધમાં તેણે પહેલેથી જ કહેલું કે મને કશા પ્રતિરોધ વગર સ્વતંત્રતા મળવી જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨. **સંરક્ષક** [ચં. ન.]

૨૭: તેઓ સમાજને સોંપાયલાં ફંડોના એક સંરક્ષક હતા.

૩. **નિધિપ** [ગૂ. વિ.]

વિ. ૩: નિધિપ એટલે જે શખ્સ કે સંસ્થાને નામે **વિદ્યાપીઠની** કોઈ પણ જાતની સ્થાવર કે જંગમ મિલકત મૂકવામાં આવી હોય તે.

૪. **વિશ્વસ્ત** [વિ. ક.]

જુઓ રૂઢકાય શબ્દોમાં Talkie:

## V

**Viceroy,** ૧. **રાજપ્રતિપુરુષ** [મ. સૂ.]

ફા. જી. ૩૧: સર્વ આર્યપ્રિય **કાનિંગ** જેવા નિષ્કલંક, ઉદાર, વિદ્વાન્ વિરલ જ રાજપ્રતિપુરૂષો (V.) થયા હશે.

૨. **ઉપરાજ** [મ. સૂ.]

ગો. ગ્રા. ૩: **દીલ્લીથી** મહારાજ **અભય**-સિંહજી ગુજરાતના ઉપરાજ (V.) રૂપે આવ્યા હતા.

**Voucher, અદાચિઠ્ઠી** [ દ. બા. ]

**Worant, પકડહુકમ** [ વડોદરા રાજ્ય, ક. પ્રા. સાહિત્ય પરિષદ્ ]

## W

**Wireless,**

**Wireless instalment, વેતાળ**-ગૃહ [ દ.બા.]

કા. લે. ૧, ૧૫૨: લશ્કરી છાવણીઓ તથા વેતાળગૃહો (W.)

**Wireless,**

**Telegraph, વેતાળયંત્ર** [દ. બા.]

કા. લે. ૧૭; આ જમાનામાં આગગાડી, તાર, આગબોટ, વેતાળયંત્ર ( T. ટેલિગ્રાફ ), છાપાંઓ અને છાપખાનાંઓ વધી ગયાં દુનિયાની ગમે તે વસ્તુ ગમે ત્યાં પહોંચી શકે છે.

## X

**X-ray, અંતર્દર્શક કિરણ** [ગો. મા.]

સા. જી. ૮૩: નિસર્ગશકિતની પ્રેરક કોઇક મનોજ્વાળા થાય છે તેમ સાક્ષરજીવનની પ્રેરક વાસનાજ્વાળા થાય છે. ઉભય જ્વાળાઓ સામાન્ય લોકવર્ગમાં અપરિચિત હોય છે,ઉભયની ક્રિયાઓ લોકને પ્રશસ્ય લાગે તો પણ અનકરણીય લાગે છે, ઉભય જ્વાળાઓની વચ્ચે ઉભેલાં જીવન કુરૂક્ષેત્રમાં **નારા**-યણની વચ્ચે ઉભેલાં **ભીમ**સેન પેઠે "જ્વાલા-માલી" થઈ જાય છે, અને ઉભય જીવનનાં અંતર્ભાગમાં એવી તો નવી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે કે નવા શોધેલાં અંતર્દર્શક કિરણ-x-ray જેવી સૃષ્ટિનાં સત્ત્વોનાં અંતર્ભાગોને જોવા અપૂર્વ પ્રયત્ન આ જીવનમાં જ્વલિત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www. kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવૃત્તિ પહેલી
સંવત્ ૧૯૮૮

પ્રત ૨૦૦૦
સન ૧૯૩૨

नम्र सूचन
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

શ્રી જૈન ધર્મ વિજય પુસ્તકાલય.
નામ
વિભાગ क
નંબર ૧૧૩
વિરમગામ.

ધી “ સૂર્યપ્રકાશ ” પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ મૂળચંદભાઇ ત્રીકમલાલે છાપ્યો.
ઠે. પાનકોર નાકા—અમદાવાદ.

For Private And Personal Use Only